જુલાઇ-૨૦૨૨
વર્ષ : ૧૫
અંક : ૦૧
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્ય કરવાવહૈ

*Unity is our Strength*

(માસિક)




સુવર્ણ જયંતિ અધિવેશન ઉદ્ઘાટન સમારોહ



'સુવર્ણ જયંતિ વર્ષ' ઉજવણી સમારોહ - મહાસભાના સુકાનીઓનું જાહેર અભિવાદન...



લક્ષ્ય સમિતિ આયોજીત બિઝનેશ મીટ-મુન્દ્રા

If undelivered please return to :
**Setu Samaj Sandesh**
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2020-2022
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

**Basic Violet 10 & Other Qualities**

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com



|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

**આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.**



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

**: પ્રેરણા સ્ત્રોત :**

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

સહ વીર્યં કરવાવહૈ

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૫ અંક : ૦૧ જુલાઈ-૨૦૨૨

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)



:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


'માનવ' માત્ર ભૂલને પાત્ર કહેવાય છે પરંતુ ક્યારેય 'દેવતાઓ' ભૂલને પાત્ર નથી કહેવાતા. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં મનુષ્ય દેવતૂલ્ય હતો. ત્યાર પછી તેણે પ્રથમ ભૂલ કરી સ્વયંના આત્મસ્વરૂપને ભૂલવાની અને દેહ રૂપને જ સર્વસ્વ સમજવાની ! સંસારમાં ભૂલનું બીજ અહીંથી રોપાયું અને તેમાંથી અનેક ભૂલોની પરંપરા શરૂ થઇ. વિશ્વમાં એવો કોઇ વ્યક્તિ નહીં હોય જેણે ક્યારેય ભૂલ ન કરી હોય ! માનવની ભૂલને કારણે જ આજ વિશ્વમાં દુ:ખ, અશાંતિનું સામ્રાજ્ય ફેલાયું છે. ભૂલ પણ બે પ્રકારની હોય છે. એક તો અજાણતામાં થયેલી ભૂલ જે માફીને લાયક બની શકે. જ્યારે બીજી ભૂલ જાણ-સમજ હોવા છતાં કરવામાં આવે. આ ભૂલને ભૂલ નહીં ગુન્હો કહેવાય. જે સજાને પાત્ર બને છે.

ભૂલ થાય ત્યારે ધ્યાન રાખવા જેવી વાત એ છે કે પોતાની ભૂલને નમ્રતા અને સહૃદયતાથી સ્વીકાર કરવી, ભૂલ બતાવવાવાળાને ઉપેક્ષિત ન કરવો, આ સંસ્કારીતા છે. 'હરિજન સેવક'ના એક અંકમાં ગાંધીજીએ લખ્યું છે કે, ''ભૂલ કરવી માનવ સહજ સ્વભાવ છે પરંતુ ભૂલનો સ્વીકાર કરી, એ પ્રમાણે આચરણ કરવું જેથી ભૂલનું પુનરાવર્તન ન થાય એનું નામ મર્દાનગી છે.'' જાપાનમાં એક રાજા થઇ ગયો. એને ચીની માટીના બનાવેલ નકશીદાર ફુલદાનીઓનો સંગ્રહ કરવાનો ખૂબ શોખ હતો. તેના મહેલમાં દેશ-વિદેશથી લાવેલી અતિ કિંમતી ફુલદાનીઓ સજાવીને રાખેલી હતી. રાજાએ તેની દેખરેખ રાખવા માટે ખાસ ૨૦ જેટલા સેવકો રાખ્યા હતા. જેઓ દરરોજ એ ફુલદાનીઓની સાફસફાઇ કરતા. એક દિવસ વૃદ્ધ સેવકના હાથમાંથી સફાઇ દરમ્યાન ભૂલથી એક ફુલદાની તુટી ગઇ, રાજાને ખબર પડી. રાજા ક્રોધાવેશમાં ત્યાં પહોંચી આવ્યો. તેને દરબારમાં હાજર કરવાનો હુકમ આપ્યો. વૃદ્ધ સેવક દરબારમાં હાજર થયો અને રાજાએ તેને મોતની સજા સંભળાવી દીધી. દરબારીઓમાં સોંપો પડી ગયો. એવામાં સૌ કોઇ વધુ સમજે-વિચારે તે પહેલાં વૃદ્ધ સેવકે બાકી બચેલા ઓગણીસ જેટલા ફુલદાન ધડાધડ તોડી નાખ્યા ! રાજા, મંત્રી અને દરબારીઓ તો જોતા જ રહી ગયા. સૈનિકોએ તુરંત તેને દબોચી લીધો. રાજાએ ગુસ્સા અને આશ્ચર્યથી પૂછ્યું, ''તેં આ બચેલા ફુલદાન કેમ તોડ્યા ?'' વૃદ્ધ સેવકે જવાબ આપ્યો, ''મહારાજ, અજાણતા મારાથી ભૂલ થઇ, હું તેનો સ્વીકાર કરું છું. મારૂ તો મરવાનું નક્કી છે પરંતુ બાકી બચેલા ફુલદાન તોડી મેં ૧૯ લોકોના જીવ બચાવ્યા છે. મારા મૃત્યુનો મને કોઇ અફસોસ નથી.'' રાજાએ વૃદ્ધની નમ્રતા, સાહસ અને સમજદારીની પ્રશંસા કરી અને તેની સજા માફ કરી દીધી.

કાર્ય દરમ્યાન ભૂલ થવી સ્વાભાવિક છે અને એજ કારણ છે કે વધુ પડતી ચિંતા કરવાથી ભૂલોને આમંત્રણ આપવા જેવું છે. આવા સમયે જ્યારે કે આપણે કોઇ કારણવશ ભારે મુસીબતમાં હોઇએ ત્યારે ધૈર્ય ઉપર કાબુ રાખી વિવેકબુદ્ધિથી એનો પ્રતિકાર કરવો એજ સાચી નીતિ છે. બુદ્ધિમાન અને ધૈર્યવાન વ્યક્તિ જ જીવનમાં સદા વિજય પ્રાપ્ત કરે છે.

(સ્વ. ભરતભાઈ વાઢેરના લેખોમાંથી સાદર...)


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા

'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35

Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર

પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1

અંજાર (કચ્છ) 370 110

Mob. 09978790488

Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)

Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

NAGPUR Office : "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**


## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ **મહાસભાની અર્ધવાર્ષિક બેઠક, વિરાટ સગપણ સંમેલન** અને **સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી**નો ભવ્ય કાર્યક્રમ ત્રણ દિવસ દરમ્યાન અંજાર ઘટકના યજમાન પદે ખુબજ સુંદર રીતે ઉજવવામાં આવ્યો. સમાજ ઉત્કર્ષના કાર્યોની સાથે સાથે ભવિષ્યના આયોજનો નક્કી કરવામાં આવ્યા. સાથે સાથે મુન્દ્રા ખાતે **બિઝનેશ મીટ**નો બે દિવસનો કાર્યક્રમ, ખંભરા ખાતે આપણા **૭૯ કુળદેવીના સંચાલકો સાથે ચિંતન શિબિર** અને કુકમા ચિંતન ફાર્મ ખાતે **યુવા વ્યક્તિત્વ વિકાસ માટેની બે દિવસની શિબિર**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આમ,



**તારીખ ૩–૬–૨૦૨૨થી ૧૨–૬–૨૦૨૨ સુધીના પુરા દસ દિવસ કચ્છના સમાજબાંધવો માટે ઉત્સવમય બની રહ્યા.** વધુમાં દરેકે દરેક કાર્યક્રમનું આયોજન સંપૂર્ણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. તેનો ખુબજ આનંદ છે. કચ્છ પ્રાદેશિક સમિતિ, કચ્છ યુવા પ્રાદેશિક, અંજાર ઘટક, મુન્દ્રા ઘટકના સર્વે આયોજકોને ખુબ ખુબ અભિનંદન. સફળ આયોજનની સાથે સાથે અંજાર અધિવેશન દરમ્યાન મહાસભાના ઈતિહાસમાં માઈલસ્ટોન કહી શકાય તેવા નિર્ણયો લેવામાં આવ્યા છે તે માટે મહાસભાની પુરી ટીમ ધન્યવાદને પાત્ર છે.

કચ્છમાં આવેલ આપણા સમાજના ૭૯ કુળદેવી સ્થાનકોમાંથી અમુક મંદિરોની સ્થિતિ બરાબર ન હોવાની રજુઆત પ્રમુખ સ્થાનેથી કરતાં તુરંત જ **મહાસભાના ઉપપ્રમુખશ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ** દ્વારા આવા મંદિરોના નિર્માણ માટેનો સંપૂર્ણ ખર્ચ પોતાના પરિવાર આપશે તેવી જાહેરાત કરતાં તેમનો મહાસભાના પ્રમુખશ્રી તરીકે ખુબ ખુબ આભાર વ્યકત કરું છું.

મહાસભાના કાર્યાલયનું નિર્માણ કરવા માટે **આદ. સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી**ને રજુઆત કરતાં તુરંત જ તેઓશ્રીએ રૂપિયા ૧૧ લાખની જાહેરાત કરી આ કાર્ય પુરૂં કરવા પ્રોત્સાહન આપ્યું તે બદલ આ સ્થળેથી તેઓને પણ વંદન સહ આભાર વ્યક્ત કરું છું. કાર્યાલયના બાકીના ખર્ચને પહોંચી વળવા મહાસભાના પૂર્વ પ્રમુખશ્રીઓએ પણ સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી અને **શ્રી પ્રફુલ્લભાઇ પરમાર** – રાજનાંદગાંવ, **શ્રી કુંવરજીભાઇ ટાંક** – નાગલપર, **શ્રી કાંતિલાલભાઇ જેઠવા પરિવાર** – અંજાર, **સ્વ. શ્રી મણીલાલભાઇ ચાવડા પરિવાર** – રાયપુર, **શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર પરિવાર** – રાઉરકેલા, **શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમાર પરિવાર** – બાલાઘાટ અને વર્તમાન પ્રમુખ તરીકે **શ્રી યોગેશભાઇ ચાવડા પરિવાર** – નાગપુર તરફથી રૂા બે–બે લાખના અનુદાનની જાહેરાત

કરવામાં આવી. મહાસભાના સર્વે પૂર્વ પ્રમુખશ્રી અને તેમના પરિવારનો પણ મહાસભા તરફથી આભાર વ્યક્ત કરું છું.




મહાસભાની સ્થાયી મિલ્કત તરીકે નાગલપર મધ્યે ખરીદાયેલ જમીન પર હાલે બાઉન્ડ્રી વોલ અને ગેટ બનાવી જાળવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેના માટે **મહાસભાના ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર** તરફથી રૂા. ૨,૫૧,૦૦૦ અને **મહાસભાના માનદ્ સભ્યશ્રી ભોગીલાલભાઇ ચાવડા** દ્વારા રૂા. ૨,૫૧,૦૦૦ ની જાહેરાત કરવામાં આવી હતી. આ માટે આ બન્ને મહાનુભાવોનો પણ મહાસભા વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપણી મહાસભાનું રજીસ્ટ્રેશન કલકતા મધ્યે વેસ્ટ બંગાલ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટ છે અને ટ્રસ્ટની ઓફીસમાં આપણી સંસ્થાની ઘણી અધુરાશો ધ્યાનમાં આવેલ છે અગાઉના પ્રમુખશ્રીઓ દ્વારા ખુબજ ગંભીરતાથી પ્રયત્નો કરવામાં આવેલ છે. પરંતુ ઉકેલ આવેલ નથી. આ માટે આપણા **મહાસભાના માનદ્ સભ્ય શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા**ની બિઝનેશ ઓફીસ કલકત્તામાં છે અને તેમના સ્ટાફના માધ્યમથી તેઓશ્રી તથા આપણા **સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ પરમાર**ને આપણે આ કાર્ય પુર્ણ કરવા માટે સંપૂર્ણ સત્તા આપીએ છીએ. મને પુરો વિશ્વાસ છે કે આદ. શ્રી પ્રફુલ્લભાઇ પરમાર અને શ્રી વિમલભાઇ ચાવડા કલકત્તા મધ્યેની કાર્યવાહી પૂર્ણ કરાવશે.

મહાસભાની સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ સમિતિના પ્રભારી **શ્રીમતી હેતલબેન ચાવડા** અને **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર**ની રાહબરીમાં ખુબ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો. લગભગ એકહજાર વર્ષના સમાજના ઇતિહાસની રજુઆત કરવામાં આવી ત્યારે ચાલીસ મીનીટ માટે સમગ્ર મંડપમાં હાજર સમાજબાંધવો મંત્રમુગ્ધ થઇ ગયા હતા. મહાસભાના સર્વે પૂર્વ પ્રમુખશ્રીના આદર સત્કાર કરવાનો લ્હાવો મને મળ્યો એ મારું સદ્ભાગ્ય માનું છું. **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી,** સર્વે પૂર્વ પદાધિકારીશ્રીઓ અને વર્તમાન પદાધિકારીશ્રીઓ તેમજ કાર્યવાહક સભ્યોને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વિશાળ શામિયાણામાં હાજર સમાજબાંધવો મુક્તમને મહાસભાના કાર્યોની પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. મહાસભાની મેરેજ બ્યુરો સમિતિ એવં અંજારની સ્થાનિક સમિતિ દ્વારા મંગલ પરિચય સંમેલનનું આયોજન ખુબજ સારી રીતે કરવામાં આવ્યું હતું. ભવ્ય મંડપમાં વિશાળ એલઇડી સ્ક્રીન પર દરેક પાત્રોની માહિતિ રજુ કરવામાં આવતી હતી. લગભગ સાડા પાંચસો પાત્રોનું રજીસ્ટ્રેશન અને વિશાળ સમાજબંધુઓની હાજરી સગપણના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થતાં જોવા મળેલ હતા. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આવનારા સમયમાં તેમના સારા પરિણામો જોવા મળશે તેમાં શંકાને સ્થાન નથી. ફરી ફરીને અંજાર ઘટકના સર્વે કાર્યકર્તાઓને ખુબ ખુબ અભિનંદન આપું છું.

**''મહાસભાનું આગામી વાર્ષિક અધિવેશન વિદર્ભ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતાં 'ગોંદિયા' ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૩૦,૩૧ ડીસેમ્બર–૨૦૨૨ અને તા. ૦૧ જાન્યુઆરી–૨૦૨૩ શુક્રવાર, શનિવાર, રવિવારના ત્રણ દિવસ દરમ્યાન આયોજીત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની વિગતવાર માહિતિ આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.**

**શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા (પ્રમુખશ્રી મહાસભા)**

# મહાસભાની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીની તસ્વીરો

















# મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દ્રષ્ટીએ...


























# મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દષ્ટીએ...



# મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દષ્ટીએ...



# મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દૃષ્ટીએ...


















# મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દૃષ્ટીએ...



## મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨-અંજારની અવિસ્મરણીય ક્ષણો કેમેરાની દ્રષ્ટીએ...






















## સ્વ. નર્મદાબેન દેવશીભાઈ ચાવડાની સ્મૃતિમાં શ્રીમતી દિપીકાબેન ભોગીલાલભાઈ ચાવડા પરિવાર (ચંદિયા) મુન્દ્રા દ્વારા નિર્મિત 'માનવ મંદિર'નું 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીના વરદ હસ્તે લોકાર્પણ કાર્યક્રમની તસ્વીરો


'માનવ મંદિર'























# અંજાર ઘટકના વિજયનગર સ્થિત પ્લોટમાં મહાસભાના કાર્યાલય માટે ભૂમિ શુદ્ધિકરણ કાર્યક્રમની તસ્વીરો



# લક્ષ્ય સમિતિ દ્વારા આયોજીત બિઝનેસ કમ ઈન્વેસ્ટર્સ મીટ (હોટલ સુરભી-મુન્દ્રા)



# લક્ષ્ય સમિતિ દ્વારા આયોજીત બિઝનેસ કમ ઈન્વેસ્ટર્સ મીટ (હોટલ સુરભી-મુન્દ્રા)



# અ.ભા. યુવા મહામંડળ આયોજીત એકમ ઈ-કચ્છયાડ-૨૦૨૨ની તસ્વીરો



## કચ્છ પ્રાદેશિક યુવા મંડળ અંતર્ગત યુવા ઉત્કર્ષ સમિતિ આયોજીત વ્યક્તિત્વ વિકાસ શિબિરની તસ્વીરો



# અદ્વિતીય... અભૂતપૂર્વ... અવિસ્મરણિય...

# સુવર્ણ જયંતિ અધિવેશન અંજાર



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી, મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક તથા વિરાટ સગપણ સંમેલનનું આયોજન કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા અંજાર ઘટકના આતિથ્યમાં તા. ૩,૪,૫ જુન–૨૦૨૨ના ત્રણ દિવસ દરમ્યાન અભૂતપૂર્વ સફળતાપૂર્વક યોજાયું હતું. ભવ્ય શોભાયાત્રા, ગુજરાત વિધાનભાસના આદ. અધ્યક્ષ શ્રીમતી નિમાબેન આચાર્યની ઉપસ્થિતિમાં આયોજીત ઉદ્દ્ઘાટન સમારોહ, મહાસભાની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી, બે દિવસ દરમ્યાન મહાસભાની કાર્યવાહક સમિતિની મીટીંગ, વિરાટ સગપણ સંમેલનમાં પાંચસોથી વધુ પાત્રોનું રજીસ્ટ્રેશનન, ભવ્ય એરકુલ્ડ ડોમની વ્યવસ્થા, એ.સી. મીટીંગ હોલ, સ્વાદીષ્ટ ભોજન વ્યવસ્થા, માઇક–લાઇટની ઉત્કૃષ્ઠ વ્યવસ્થા, કાર્યક્રમોનું યુ–ટ્યુપ પર શ્રેષ્ઠ કક્ષાનું લાઇવ પ્રસારણ, ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ, આનંદ મેળાનું આયોજન, ભવ્ય આતિશબાજી, દરેક કાર્યક્રમોમાં આઇસ્ક્રીમની સુંદર વ્યવસ્થા વગેરે અનેક સુંદર વ્યવસ્થાને કારણે ઐતિહાસિક અને યાદગાર અધિવેશન બની રહ્યું હતું.

તા. ૩–૬–૨૦૨૨ના સવારે ૯.૩૦ કલાકે શ્રી જડેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી ઢોલીની ટીમના સથવારે વિશાળ શોભાયાત્રા અધિવેશનના વિશાળ શામીયાણામાં પહોંચતા અંજાર મહિલા મંડળની ટીમ દ્વારા કુમકુમ તિલક દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અંજાર ઘટકની ટીમ દ્વારા ભવ્ય સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર અને મહાસભાના સૌ



"મંગળ પરિચય મેળાના આયોજન દ્વારા આપ સૌ સમાજ અને દેશની સેવા કરી રહ્યા છો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું..."

**શ્રીમતી નિમાબેન આચાર્ય**
**માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા**



**'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના મુખ્ય આર્થિક સહકાર અને મહાસભાના પૂર્વ પ્રમુખશ્રીઓના યોગદાનથી મહાસભાના કાર્યાલયનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે તેનો ખૂબજ આનંદ છે.**

**શ્રી યોગેશભાઇ ચાવડા આદ. પ્રમુખશ્રી મહાસભા**

મહાનુભાવોને સ્થાન ગ્રહણ કરાવી પ્રભુ પ્રાર્થના, સ્વાગત નૃત્ય અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. અંજાર ઘટક પ્રમુખશ્રી બલરામભાઇ જેઠવાએ પધારેલ સૌ સમાજબાંધવોનું સ્વાગત કરેલ હતું. ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષા ડૉ. નિમાબેન આચાર્ય અને સૌ મહેમાનોનું શાલ તેમજ મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. માન. અધ્યક્ષા ડૉ. નિમાબેન આચાર્ય, આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ પરમારે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યા હતા. મહાસભા દ્વારા ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન આયોજીત સમુહ ભાગવત કથા (ઓનલાઇન)ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળવા બદલ આવેલ સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવેલ તું. લક્ષ્ય સમિતિ દ્વારા પણ એવોર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું. મહાસભાની અભિલાષા સમિતિ અને વિદર્ભ યુવા પ્રાદેશિક સમિતિ અંતર્ગતે ''ચાલો ગુજરાતી શીખીએ''નામનો ઓનલાઇન કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવા બદલ શિક્ષક મિત્રો



**આદ. પ્રમુખશ્રીએ કુળદેવી માતાજીના મંદિરો પ્રત્યે જે ચિંતા બતાવી છે તેને અનુમોદન આપું છું અને જર્જરિત હાલતમાં રહેલ કુળદેવીના સ્થાનકો માટે જે કંઇ ખર્ચ થશે તે મારા પરિવાર તરફથી કરવામાં આવશે.**

**શ્રી મનોજભાઇ વેગડ – ઉપપ્રમુખશ્રી મહાસભા**

અને વિશિષ્ટ વક્તાઓનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

બપોર બાદ ૪.૩૦ કલાકે મહાસભાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઇ ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમાજના લગભગ એક હજાર વર્ષના ઇતિહાસની ઝાંખી કરાવવામાં આવેલ હતી. કચ્છના મૂળ ૧૮ ગામોના સ્થાપત્યો, મંદિરો, તળાવો, શાળા, કુળદેવીના સ્થાનકો વગેરે વિશાળ એલઇડી સ્ક્રીન પર નિહાળી સમાજબાંધવોએ ધન્યતા અનુભવી હતી. ૫૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન સેવા આપનાર અને વર્તમાન કારોબારીનું શાલ–મોમેન્ટો સાથે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે અંજાર ઘટક દ્વારા આનંદમેળો



**આજનો માનવ મહેરામણ જોઇ ખુબજ આનંદિત થયો છું. સમાજ પ્રત્યેનું ૠણ ચૂકવવા પ્રભુ શ્રીરામના આશીર્વાદને કારણે મારી જવાબદારીઓનું વહન કરી રહ્યો છું અને આપ સૌની શુભેચ્છાઓથી આગળ પણ કરતો રહીશ.**

**આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી**

અને મ્યુઝીકલ હાઉઝી તથા ભવ્ય આતિશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૪–૬–૨૦૨૨ના સમાજ ભવનના એસી હોલમાં મહાસભાની કારોબારી સમિતિની બેઠક અને ભવ્ય મંડપમાં મેરેજ બ્યુરોના કાર્યક્રમો યોજાયા હતા. આ બન્ને કાર્ય બે દિવસ દરમ્યાન ખુબજ સફળતાપૂર્વક સંપન્ન થયા. તા. ૪–૬–૨૦૨૨ના રાત્રે કચ્છના દરેક ઘટકોની એક એક સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ રજુ કરવામાં આવી હતી. ભવ્ય સ્ટેજ અને લાઇટીંગ વ્યવસ્થા સાથે લગભગ ચારથી પાંચ હજાર સમાજબંધુઓએ આ કાર્યક્રમ નિહાળ્યો હતો. વિવિધ દાતાઓ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

તા. ૫–૬–૨૦૨૨ના સાંજે ૬.૦૦ કલાકે પુર્ણાહુતિ સમારંભનું આયોજન અંજાર ઘટક દ્વારા કરવામાં આવ્યું



આપણા વડિલોએ ૫૦ વર્ષના ગાળામાં સમાજ સંગઠન માટે ખુબ સારું કાર્ય કરેલ છે. આપણે તેને વધુ સારું કરવા તરફ પ્રયાસ કરવાનો છે. મહામંત્રીશ્રી વિનોદભાઇ પઢિઆર અને તેમના મંત્રગણની ટીમે ખુબજ સારી રીતે લગભગ એક હજાર વર્ષનો ઇતિહાસ આપણી સામે મુકેલ છે. સમાજના ગૌરવશાળી ઇતિહાસનું સંવર્ધન કરવાનું કાર્ય આપણા સૌની જવાબદારી બને છે.

**શ્રી મનોજભાઇ સોલંકી – ઉપપ્રમુખશ્રી મહાસભા**

વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવાના માર્ગદર્શનમાં અંજાર ઘટકના વિવિધ હોદ્દેદારો અને સમિતિના અધ્યક્ષો શ્રી રતિલાલભાઇ ખોડિયાર, શ્રી નવીનભાઇ ટાંક, શ્રી મુકેશભાઇ ખોડિયાર, શ્રી જીવરામભાઇ ટાંક, શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી વિનોદભાઇ ખોડિયાર, શ્રી વિજયભાઇ પઢિઆર, શ્રી રમેશભાઇ ટાંક, શ્રી પ્રતિકભાઇ ટાંક, શ્રી ગિરીશભાઇ પરમાર, શ્રી હિતેશભાઇ ચૌહાણ તથા અધિવેશન આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી પરેશભાઇ પરમાર, પ્રભારી શ્રી અજયભાઇ પઢિઆર, ચેરમેન શ્રી પ્રવિણભાઇ વેગડ, શ્રી સુરેશભાઇ અનિલભાઇ ટાંક, શ્રી શાંતિલાલભાઇ જેઠવા, યુવા મંડળના પ્રમુખ શ્રી કિશોરભાઇ જેઠવા, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ચાવડા અને વિવિધ સમિતિના સૌ સભ્યોના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો દ્વારા અધિવેશનને સંપૂર્ણ સફળ બનાવવા બદલ અને અંજાર ઘટકને યશ અપાવવા બદલ અંજાર ઘટકના આદ. પ્રમુખ શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવાએ સૌનું હૃદયપૂર્વક આભારદર્શન કરેલ હતું.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, અંજાર ઘટક પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવા, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી હિમ્મતલાલભાઇ રાઠોડ, શ્રી હિરેનભાઇ ચૌહાણ, શ્રીમતી ઇલાબેન ચાવડા, મહાસભાના હતું. જેમાં મહાસભાના હોદ્દેદારો તેમજ દાન–દાતાઓ અને વિવિધ સમિતિના કાર્યકરોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. અંજાર ઘટક, કચ્છ પ્રાદેશિક સમિતિ તથા મહાસભા વતી આભારદર્શન કરી મહાસભાના ધ્વજને સલામી આપી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો. ત્રણ દિવસના અલગ અલગ કાર્યક્રમો દરમ્યાન શ્રી વિજયભાઇ પઢિઆર, શ્રી પરેશભાઇ પરમાર, શ્રી જીવરામભાઇ ટાંક, શ્રી અજયભાઇ પઢિઆર, શ્રી પ્રવિણભાઇ વેગડ, શ્રી ગિરીશભાઇ પરમાર, શ્રી પ્રતિકભાઇ ટાંક, શ્રી સુરેશભાઇ ચૌહાણ, શ્રીમતી અવનીબેન જેઠવા, શ્રી કિરીટભાઇ ચૌહાણ, શ્રીમતી હેતલબેન ચાવડા, શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા સફળ સંચાલન કરવામાં આવેલ હતું.



આપણા વડિલોએ કોઇ સમાજમાં ન હોય તેવું ખુબજ સુદૃઢ માળખું આપણને વારસામાં આપેલ છે. મહાસભાના ૫૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન સેવા આપનાર સૌ પૂર્વ પ્રમુખશ્રીઓ અને તેમની ટીમને વંદન કરું છું.

**શ્રી યોગેશભાઇ ચાવડા – આદ. પ્રમુખશ્રી મહાસભા**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# માદરે વતન કચ્છમાં આવેલ ૭૯ નુખના કુળદેવી માતાજીના મંદિરના સંચાલકશ્રીઓ સાથે ચિંતન બેઠક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સુવર્ણ જયંતિ વર્ષના ઉપલક્ષમાં તા. ૯/૬/૨૦૨૨ના રોજ મહાસભાના સ્થાપક પ્રમુખ 'સમાજરત્ન' શ્રદ્ધેય સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણના જન્મ દિવસ નિમિત્તે મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ગરિમામય ઉપસ્થિતિમાં કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડની રાહબરીમાં ખંભરા મધ્યે રાઠોડ પરિવારના કુળદેવી શ્રી બુટભવાની માતાજીના પ્રાંગણમાં સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક દરમ્યાન માદરે વતન કચ્છમાં આપણા સમાજના ૭૯ નુખના કુળદેવી માતાજીના સંચાલકશ્રીઓ સાથે ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.



મહાસભાની કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ, ખંભરા ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇ પરમાર અને ખંભરા ઘટકના હોદ્દેદારોએ સ્વાગત કર્યા બાદ ખંભરાની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય તેમજ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી દ્વારા માતાજીની વિશ્વંભરી સ્તુતિ બોલાવવામાં આવેલ હતી. દિપ પ્રાગટ્ય અને સ્વાગત પ્રવચન બાદ મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કે. પઢિઆર દ્વારા આજની બેઠક બોલાવવાનો હેતુ સમજાવવામાં આવેલ હતો. મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ સમાજબંધુઓના જીવનમાં કુળદેવી માતાજી પ્રત્યેની આસ્થામાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા અનુરોધ કરવામાં આવેલ. આપણો સમાજ રામાનંદી સંપ્રદાયનો પરિવાર રહ્યો છે. સમાજના દરેક સમાજબંધુઓ તેમને યોગ્ય લાગે તે સંપ્રદાય કે ધર્મને અનુસરે અને પ્રભુભક્તિ કરે તેમાં કોઇપણ વાંધો હોઇ શકે નહીં. દરેક વ્યક્તિ સંપૂર્ણ સ્વતંત્ર છે. પરંતુ આપણે રામાનંદી છીએ તે ભૂલવું જોઇએ નહીં અને આપણી પ્રથમ આસ્થાનું કેન્દ્ર આપણા કુળદેવીના સ્થાનકો બને અને દરેકે દરેક ગોઠી ભાઇ અનિવાર્યપણે પોતાના કુળદેવી માતાજીના દર્શને આવે તેવા પ્રયત્નો કરવા હાથ જોડીને નમ્ર વિનંતી કરું છું.

ગઇ નવરાત્રી દરમ્યાન હું કચ્છ આવ્યો ત્યારે આપણા સમાજના દરેક પરિવારના કુળદેવી માતાજીના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. કુળદેવી માતાજીના દર્શન દરમ્યાન મેં એક વાતની ખાસ નોંધ લીધી હતી કે મોટાભાગના કુળદેવી સ્થાનકો ખુબજ સારી રીતે નિર્માણ થયેલા છે પરંતુ અમુક કુળદેવીના મંદિરો જર્જરીત હાલતમાં છે અને આરતી, દિવા-સેવા-પૂજા પણ નિયમિત રીતે થતી નથી ત્યારે ખુબજ દુઃખ થયું. મેં આ વાત સુવર્ણ જયંતિ અધિવેશનમાં મુકી ત્યારે ખુબજ હર્ષ સાથે જણાવું છું કે, ગાંધીધામ નિવાસી અને મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડે જાહેરાત કરતા જણાવ્યું કે જે જે કુળદેવી માતાજીના મંદિરો જર્જરીત હાલતમાં છે તેવા મંદિરોનું નવનિર્માણ મારા પરિવારના ખર્ચે કરી આપવામાં આવશે. મને ખુબજ આનંદ થયો છે. શ્રી મનોજભાઇનો આ સ્થળેથી હું ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું. મહાસભાની કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડ અને તેમની સમિતિના સભ્યો દ્વારા આ માટે દરેક કુળદેવીના સ્થાનકો વિશેનો વ્યવસ્થીત રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. કુળદેવી સ્થાનકોના સંચાલકો અને ગોઠી



ભાઇઓની સંપૂર્ણ સહમતી લઇને જ આ કાર્ય કરવામાં આવશે. સાથે સાથે મંદિરોની સેવા-પૂજા અને જાળવણી પણ સારી રીતે થાય તેવી ગોઠવણ પણ સમિતિ દ્વારા કરવામાં આવશે તેવી ખાતરી આપું છું કારણ કે મને આ સમિતિના સભ્યો અને પ્રભારી આદ. શ્રી લાધુરામભાઇ રાઠોડ પર સંપૂર્ણ વિશ્વાસ છે. મારૂં સદ્‌ભાગ્ય છે કે મને આ સત્રમાં કર્મનિષ્ઠ હોદ્દેદારોની ટીમનો સંપૂર્ણ સાથ-સહકાર મળી રહ્યો છે.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ મુક્ત મનને આ કાર્યની પ્રશંસા કરતા જણાવ્યું કે આજે ૫૦ વર્ષ પછી ૭૯ માતાજીના સૌ સંચાલકોના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. હું આપ સૌને વંદન કરું છું. વિનોદભાઇ પઢિઆરે જણાવ્યું તેમ હું પણ આ કાર્યમાં મારું યોગદાન આપી માતાજીના આશીર્વાદ મેળવવા માગું છું અને માતાજીને પ્રાર્થના કરું છું કે મારા સમાજબાંધવોની સુખાકારી માટે આપ સદાય અમને સહાય રહેજો. ૭૯ માતાજીના દરેક સ્થાનકો માટે મારા પરિવાર તરફથી ચૂંદડી, છત્તર, ઘી, અગરબત્તી, શાલ, નાળીયેર અને રોકડ ભેટ રૂા. ૧૧૦૦/- અર્પણ કરું છું તે સ્વીકારી મને સેવા કરવાનો મોકો આપ્યો તે બદલ સૌનો વંદન સહ આભાર વ્યક્ત કરું છું.

શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ઉપપ્રમુખશ્રી મહાસભાએ જણાવ્યું કે, આદ. પ્રમુખશ્રીએ અધિવેશન દરમ્યાન પોતાની વ્યથા રજુ કરી ત્યારે મારા મનમાં ભાવ જાગ્યો કે આ કાર્ય મારે કરવું જોઇએ અને મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરે તેની જાહેરાત કરી ત્યારે સૌએ સાથે મળી તેને વધાવવા બદલ અને મને સેવાનો મોકો આપવા બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આ માટેની સમિતિ સંપૂર્ણ સર્વે કરી પોતાનો અહેવાલ આપશે ત્યારે સૌના સહકારથી જેમ બને તેમ જલ્દીથી આપણે આ કાર્ય પૂર્ણ કરીશું તેવી ખાતરી આપું છું. શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ-ઉપપ્રમુખશ્રી મહાસભા, શ્રી મહેન્દ્રભાઇ વરૂ, શ્રી રાકેશભાઇ ટાંક, શ્રીમતી ધનગૌરીબેન ટાંક, શ્રી લલિતભાઇ ટાંક, શ્રી અશોકભાઇ રાઠોડ, શ્રી અનિલભાઇ રાઠોડ, શ્રી જયંતિલાલભાઇ વાઘેલા, શ્રી પરસોત્તમભાઇ જેઠવા, શ્રી મુકુંદભાઇ પરમાર, શ્રી ધીરજલાલભાઇ પરમાર, શ્રી પ્રવિણભાઇ વેગડ, શ્રી પરેશભાઇ પરમાર, શ્રી નાનાલાલભાઇ વાઢેર, શ્રી બીપીનભાઇ સોલંકી, શ્રી જીવરામભાઇ ચાવડા, શ્રી હિતેશભાઇ ચૌહાણ, શ્રી ધીરૂભાઇ રાઠોડ, શ્રી ભગવાનજીભાઇ રાઠોડ, બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર વગેરે અનેક ગોઠી ભાઇઓએ પોતાના વિચારો રજુ કરેલ હતા. બારોટના ચોપડાઓનું ડીજીટલાઇઝેશન કરવાનો પ્રસ્તાવ આવેલ હતો તો તેના માટે શ્રી બીપીનભાઇ સોલંકીને જવાબદારી સોંપવામાં આવી હતી. આ માટે જે પણ ખર્ચ થશે તે મહાસભા દ્વારા ચૂકવવામાં આવશે પરંતુ તેના માટે મહાસભાના ઉપપ્રમુખશ્રી અને ડીજીટલ વસ્તીપત્રકના પ્રભારી શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર દ્વારા રૂપિયા પાંચ લાખના અનુદાનની જાહેરાત કરવામાં આવેલ હતી. આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. મિલનમાં જે કઇ પ્રશ્નો કે સુઝાવ થયા તેનો જેમ બને તેમ જલ્દીથી ઉકેલ લાવવા મહામંત્રીશ્રી વિનોદભાઇ પઢિઆરે ખાત્રી આપેલ હતી. સમિતિના કાર્યને વેગવંતી બનાવવા વધુ ત્રણ સભ્યોનો સાથ લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ - પ્રભારી - અંજાર, શ્રી વિનોદભાઇ કેશવજીભાઇપઢિઆર - સભ્ય - અંજાર, શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - સભ્ય - અંજાર, શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - સભ્ય - ભુજ, શ્રી સોમનભાઇ ભવાનભાઇ ચૌહાણ - સભ્ય - માધાપર, શ્રી રસીકભાઇ અમરશીભાઇ પરમાર - સભ્ય - ગાંધીધામ પધારેલ સૌ સમાજબાંધવો પ્રસાદ લીધા બાદ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા અર્પણ કરવામાં આવેલ માતાજીના સ્થાનકો માટેની કીટ લઇ વિદાય થયા હતા. બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમારે આભાર દર્શન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહપ્રભારી શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર દ્વારા કરવામાં આવેલ હતું.

... જયશ્રી કૃષ્ણ – જય સમાજ, ભાગવત ભગવાનની જય ...

# ઘરે ઘરે ભાગવત...
## કરાવવાનો અનેરો અવસર



પાંડવ વંશના અર્જુન પોત્ર અને અભિમન્યુ પુત્ર રાજા પરિક્ષિત જ્યારે ઋષિથી શ્રાપિત થયા અને સાત દિવસ બાદ મૃત્યુનો શ્રાપ મડ્યો, ત્યારે પોતાના જીવનને તારવા તેવો દર દર ભટક્યા, મૃત્યુને સુધારવા જગતમાં કોઇ સાધન ન મડ્યું, કે હવે મારા જીવનને મોક્ષ કેમ મડે ???

ત્યારે સુકદેવજી મારાજના શ્રી મુખે તેમને ભાગવતજીનું રસપાન મેડવ્યું અને મૃત્ય ઉપરાંત મોક્ષને પ્રાપ્ત કર્યો. **ભાગવતજીથી ઉત્તમ જગતમાં કોઇ શાસ્ત્ર જ નથી.**

ભાગવતજી તો જીવતે જ સાંભડવાની કથા છે –

પિતૃઓનો મોક્ષાર્થ તો એક કારણ માત્ર છે, પિતૃ મોક્ષાર્થ સાથે સાંકળીને આપણા ઋષિ મુનિયો એક વ્યવસ્થા બનાવાવી આપી જેથી કરીને આપણે જીવતે જી ભાગવતજી સાંભડીયે... આપણી પાછડ કથા થશે એવા આગ્રહ રાખવા કરતા આપણી આગણ કથા કરાવી એવું અનેકો ભાગતાચાર્યો ઉલ્લેખ કરે છે આપણા **ભાગવતાચાર્ય શ્રી તેજશભાઇ પંડયાજી** એ પણ આ વાતનો કથામાં ઉલ્લેખ કરેલ છે, રાજા પરિક્ષિતે જીવતે જ સાત દિવસ કથા સાંભડેલી. !!!

અનેકો જીવના મનોરથ પૂર્ણ થતા હોય ત્યારે જ પરમાત્મા આવો અવસર આપે છે. શ્રી મદ્ ભાગવત કથા પણ જીવનના મનોરથોને પુર્ણ કરનારી કથા છે, શાસ્ત્રોમાં વર્ણાવેલ છે કે **અનેકોનેક જન્મના પુણ્ય પ્રતાપે જ શ્રી મદ્ ભાગવત કથા યોજનનો લાભ મડે છે. જરૂર આપણા સમાજના પૂણ્ય પુંજનો ઉદય થયો હશે** જેથી કરી આવી દિવ્ય ભાગવતજી કથાના આયોજન અને યજમાનીનો લાભ આપણને સહુને મડ્યો. ભાગવતજી કથાનો લાભ તો સારા-સારા ધનિકો અને શ્રીમંતોને પણ જીવન પર્યંત નથી મડતો, ધન ખર્ચે કથા નથી યોજાતી અનેકો પરિવારને ગ્લાનિભાવ રહી જાય છે કે એમે તો કદી ભાગવતજીનું આયોજન સપનામાં પણ નથી વિચારી સકતા, ત્યારે આ ગ્લાનિ ભાવને દૂર કરવા **આપણે સહુએ મડી આ ભાગવતજી કથા નિઃશુલ્ક યોજવા જઇ રહ્યા છીયે.** ભાગવતજીનો લાભ સમાજના છેલ્લે થી છેલ્લે વ્યક્તિ સુધી પહુંચે અને તેઓએ પણ કથા નોંધાવી પિતૃ મોક્ષાર્થના કાર્ય સાથે ધાર્મિક અનુષ્ઠાનનો દિવ્ય આનંદ માળે, મનુષ્યના ભાગ્યે હોય તો જ આ પુણ્ય કાર્યનો અવસર મડે છે... આપણે સહુ નિશ્ચિત રૂપે અત્યંત ભાગ્યશાળી છીયે ઇશ્વરે આ રૂડો અવસર નિરંતર બીજા વર્ષે ઉપસ્થિત કર્યો છે અને આપણને નિમિત્ત બનાવ્યા છે .

સાત દિવસ આપણું સંપુર્ણ સમાજ કૃષ્ણમય બની રહશે, ઘરો ઘર ભાગવતજીના રૂપેરી આભા વિખેરતા સોનેરી પ્રસંગો સાથે યથા શક્તિ ઉત્સવો ઉજવાશે. દરરોજ સવારે 7.30 વાગ્યે ઘરો ઘર દેવ અને પિતૃ પૂજનના શ્લોક ગુંજશે, ભાગવતજી આયોજન સાથે પિતૃ ઋણ પુર્ણ કરવાનો અદ્ભૂત આનંદ અને આત્મ સંતોષના તો નિશ્ચિત રૂપે મડશે જેમને શબ્દોમાં તો ન વર્ણી શકાય, યુ-ટ્યૂબ લાઇવના માધ્યમથી આપણા ભાગવતાચાર્યશ્રી તેજશભાઇ પંડ્યાજીના શ્રી મુખે યજમાનો તક પહુંચતી અમૃતમય કથા ન કેવલ યજમાનશ્રીઓ, આપણા સમાજ બાંધવો વરન્ અન્ય ગુજરાતી સમાજની સાથે વિશ્વવ્યાપી કથા બની રહશે.

પ્રથમ ઑનલાઇન ભાગવતજીનું આયોજન પ્રયોગ રૂપ હતું, એકદમ જ નવો પ્રયોગ, તેમને સ્વીકારવું એટલે ખૂબજ કઠિન કાર્ય ને એ પણ ધર્મ, પરંપરા અને આસ્થા સાથે જોડાયેલ વિષય. ભાગવતજીનું કાર્ય – જેમનો નિર્ણય લેવો ઘરના વડીલોના હાથમાં જ હોય અને વડીલોને ટેક્નોલૉજી તેમજ ઑનલાઇનની વાત સ્વીકાર કરાવવી એ અસંભવ જેવું પણ ઇશ્વર પોતાનું કાર્ય જાતે ફળીભૂત કરાવે છે એનું સાક્ષાત ઉદાહરણ છે આ વિશ્વ વિક્રમ સર્જતી આપણી ભાગવતજીની સફ્ડ઼તા.

મહાસભા પ્રમુખશ્રી **યોગેશભાઇ મગનભાઇ ચાવડ઼ા**ની પ્રેરણા અને અદ્મ્ય ઇચ્છા શક્તિને લઇ પુનઃ મહાસભા ભાગવતજીનું દ્વિતીય આયોજન આવતા ભાદરવા મહિને ની 18 મી તિથી (18 સેપ્ટેમબર 2022)કરી રહી છે, મહાસભાની સેવાકીય પ્રવૃતિની તક વધુથી વધુ સમાજબાંધવો મેડવી લાભાર્થી બને તેવી અપેક્ષા સહ... જયશ્રી કૃષ્ણ.

ભાગવતજી
લાઇવ પ્રસારણના
સહયોગી

SNAP & SHOOT™
ASHISH CHAUHAN

ભાગવતજી આયોજન કરવા માટેના સંપર્ક સુત્ર –

પ્રભારશ્રી – { **ભરત હરજીભાઇ ચાવડ઼ા** 98271 56979
**નારાયણ પૂંજાભાઇ રાઠોડ઼** 98271 77118

શ્રી ગણેશાય નમ :     શ્રી કૃષ્ણ શરણમં મમઃ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સંઘ વીર્ય કરવાવહે




## શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં જોડાવવા માટેનું માહિતી પત્રક

જોડાવવા માટેની અંતિમ તિથિ **31 ઑગસ્ટ 2022**

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| સ્વ. પિતૃના ફોટા | સ્વ. પિતૃના ફોટા | સ્વ. પિતૃના ફોટા | જીવતું જગતીયું ના ફોટા | જીવતું જગતીયું ના ફોટા |

**સ્વ. પિતૃઓના નામ**

1.

2.

3.

4. કેવલ જીવતું જગતીયું માટેનું નામ આ સ્થાને લખવું

5. કેવલ જીવતું જગતીયું માટેનું નામ આ સ્થાને લખવું

યજમાનશ્રી નો ફોટો

**યજમાનશ્રીનું નામ**

**હાલ ઘટક**     **દેશમાં ગામ**     **કુળદેવીશ્રી**

**વાટ્સએપ મોબાઈલ નં**

(જેમાં ભાગવતજીના આયોજનની વિગતવાર સમય સમય આપી શકાય)

**અન્ય મોબાઈલ નં**

પરિજનનો મોબાઈલ નં સહાયક કાર્ય/માર્ગદર્શન અને ઇમરજેન્સી સંપર્ક માટે

આવેદન પત્ર મોકલવા માટે વાટ્સએપ કરવું 98271 56979



પ્રશાસનિક નિર્ણયોં અને તાત્કાલિક પરિસ્થિતિનુસાર ભાગવતશ્રીના આયોજનમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર મહાસભા પાસે સુરક્ષિત રહશે.

**સંકલ્પ –**

માનવ કલ્યાણાર્થ અને પિતૃ મોક્ષાર્થના આ ધાર્મિક અનુષ્ઠાનની વ્યવસ્થાઓમાં સંપુર્ણ સહભાગિતા સાથે આયોજન સમિતિ જણાવેલ સર્વ સૂચનો અને નિયમોંનું પરિપાલન કરીશ.

ઑનલાઈન જોડાણ માટે જરૂરી ગણાતી ઈન્ટરનેટ સેવા મારી પાસે છે.

તા. ____________     ____________

યજમાનશ્રીના હસ્તાક્ષર

શ્રી ગણેશાય નમઃ શ્રી કૃષ્ણ શરણમ્ મમ




ભાગવતાચાર્યજીના નિર્દેશાનુસાર

# દેવ અને પિતૃ પૂજન માટે યજમાનોને લાગતી સામગ્રીઓની સુચિ

**શ્રી કથા પ્રારંભ** – ભાદરવા વદ-8, રવિવાર, તા. 18.09.2022
**શ્રી કથા વિજય** – ભાદરવા વદ-14 , શનિવાર, તા. 24.09.2022

- શ્રી ભાગવતજીની પોથી
- બાજોઠ-2 નગ પાટલા-1 નગ
- શ્રીફળ 2 નગ
- ઘઉં, ચોખા 1-1 કિલો
- બ્લાઉઝ પીસ -3 નગ (સફેદ, પીળો, લાલ)
- જનોઇ - 4 નગ
- નાડાછેળી - 1 નગ
- કપુર - 20 નગ
- અબીલ, ગુલાલ, કંકુ - 50 ગ્રામ
- ચંદનનો ડબ્બો - 1 નગ
- પીસેલી હળદર 100 ગ્રામ
- ગોળ 400 ગ્રામ
- સોપારી - 100 ગ્રામ
- પબડી - 50 ગ્રામ
- તજ, લવિંગ, એલચી 25 ગ્રામ
- સુખો મેવો 100 ગ્રામ
- સિલ્વર કાગળના દળિયા - 30 નગ
- સાત ગાંઠ વારો વાંસ - 1 નગ
- ગાયનું ઘી - 1 કિલો
- અખંડ જ્યોત - 1 નગ
- દીવો, અગરબત્તી, બાખસ, ફૂલવાટ
- ગંગાજળ - 1 વાટકી
- કળશમાં મુકવા
- આસોપાલવના પાન - 5 નગ
- આંબાના પાન (ઘરના દરવાજેમાં તોરણ માટે)
- સરસવ 50 ગ્રામ (મળે તો)
- અત્તર, મધ 1-1 શીશી
- લાલ,સફેદ કપડું 1-1 મીટર
- જ્વારા વાવવા કુંડુ - 1 નગ
- તુલસીનું કુંડું - 1 નગ
- શ્રી ગણેશજીની મૂર્તિ
- શ્રી બાલકૃષ્ણ/શ્રી લક્ષ્મીનારાયણજી અથવા શાલીગ્રામની મૂર્તિ / છબી (કોઇ પણ એક)
- પિતૃઓના ફોટા

## સાત દિવસે રોજ લાગતી સામગ્રી –

- છુટા ફૂલ
- ફૂલના હાર
- શ્રી ગણપતીજી માટે - 1
- શ્રી ઠાકુરજી માટે - 1
- શ્રી ભગવાનજી માટે - 1
- શ્રી પિતૃઓ માટે સંખ્યાનુસાર
- તુલસી પત્ર થોડાક
- દુર્વા થોડીક
- પંચામૃત - 1 વાટકી
- નાગરવેલના પાન - 5 નગ
- લીલા ફળ - 5 નગ
- પૂજાપો ગોઠવવા થાળી - 5 નગ
- વાટકી - 5 નગ, ચમચી 3 નગ
- તાંબાનો કલશ - 2 નગ
- ભગવાનજીને લુછવા નેપકિન
- હાથ લુછવા નેપકિન
- ભગવાનજીને ધરાવવા ઉકાળેલું દુધ
- યથા શક્તિ મિષ્ઠાન પ્રસાદ
- જોડલામાં બેસવું હોય તો છેડા છેડી
- તૈયાર કરેલ આરતીની થાળી
- બેસવા માટે આસન

પિતૃ પૂજન માટે વાંસની લાકડી મુકી શકાય. જ્વારા પણ વાવી શકાય. શક્ય હોય તો અખંડ દીવો રાખવો.

**પૂજન અને ભાગવતજી સમયે ઉજવાતા ઉત્સવોની માહિતી માર્ગદર્શન માટે ના સંપર્ક સુત્ર**
આપણા ભાગવતાચાર્ય **શ્રી તેજશ મહારાજના**
સહાયકશ્રી **હર્ષિતભાઈ સોલંકી** ના મોબા. નં. **99983 41199**

– આયોજન પ્રભારીશ્રી –

**ભરત હીરજીભાઈ ચાવડા** રાયપુર (છ.ગ.)
મોબા. : 98271 56979

**નારાયણ પૂજાભાઈ રાઠોડ** દુર્ગ (છ.ગ.)
મોબા. : 98271 77118

श्री गणेशाय नम :     श्री कृष्ण शरणम् मम

# ઘરે ઘરે ભાગવતજી




| **શ્રી કથા પ્રારંભ** | **શ્રી કથા વિજય** |
|---|---|
| ભાદરવા વદ-8 | ભાદરવા વદ-14 |
| રવિવાર, તા. 18.09.2022 | શનિવાર, તા. 24.09.2022 |

## શ્રી મદ્ ભાગવત સપ્તાહ આયોજન સમિતિ

મહાસભાના પ્રમુખશ્રી **યોગેશભાઈ મગનભાઈ ચાવડા** (નાગપુર) ની પ્રેરણાથી પિતૃઓના મોક્ષાર્થ અને લોક કલ્યાણકારી આકસ્મિક સહાય ફંડ અંતર્ગત **અન્નપૂર્ણા યોજનાના લાભાર્થે** આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના સુચારૂ, સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન માટે સક્રિય સેવાભાવી ભગવદીય કાર્યકરોની સેવા મેડવવા પ્રભારીશ્રી ભરત હીરજીભાઇ ચાવડા અને દુર્ગ ઘટક પ્રમુખશ્રી અને પ્રભારીશ્રી નારાયણ પુંજાભાઇ રાઠોડ દ્વારા નીજે મુજબ સમિતિની રચના કરવામાં આવેલ છે.

### શ્રી ભાગવતજી માટે સેવારત મહાસભાનું કાર્ય મંડળ

- શ્રી ચીમનલાલ હરિલાલભાઇ રાઠોડ — રાજનાંદગાંવ
- શ્રી સુરેશભાઇ રતીલાલભાઇ ચૌહાણ — કોરબા
- શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢીઆર — અંજાર
- શ્રી ગૌરવભાઇ હરિલાલભાઇ ચાવડા — રાયપુર
- શ્રી હિતેશભાઇ ભોગીલાલ ચૌહાણ — અંજાર
- શ્રી જ્યોતિભાઇ માધવજીભાઇ ટાંક — દુર્ગ
- શ્રીમતી નિશાબેન પ્રફુલભાઇ ચાવડા — ડોંગરગઢ
- શ્રી અનમોલભાઇ મહેન્દ્રભાઇ ટાંક — રાયગઢ
- શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ — બિલાસપુર
- શ્રી ગિરીશભાઇ સાવરીયા — ભિલાઇ
- શ્રી દિલીપભાઇ જયંતીલાલ મારૂ — ભિલાઇ
- શ્રી પ્રવિણભાઇ સૂર્યકાન્તભાઇ વેગડ — અંજાર
- શ્રી પરેશભાઇ લીલાધરભાઇ પરમાર — અંજાર
- શ્રી પિયુષભાઇ મોહનલાલ વેગડ — ધનબાદ
- શ્રી તુષાર નટવરલાલભાઇ ચૌહાણ — કોરબા

**સ્વાગતાધ્યક્ષ**
- શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ (પ્રમુખશ્રી- છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ)
- શ્રી મહેન્દ્રભાઇ કેશવજીભાઇ રાઠોડ (ન્યાયપંચ પ્રભારી છ.ગ.-કોલ્ડફિલ્ડ પ્રાદેશિક)
- શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી (પ્રમુખશ્રી-અ.ભા.મહિલા મહામંડળ)
- શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ (પ્રમુખશ્રી-અ.ભા. યુવા મહામંડળ)

### શ્રી ભાગવતજી માટે સેવારત દુર્ગ ઘટકની સમિતિઓ

- **સ્વાગત સમિતિ** — શ્રી નારાયણભાઇ પૂંજાભાઇ રાઠોડ, શ્રી નરેન્દ્રભાઇ ચીમનલાલભાઇ રાઠોડ **અને સહયોગી**
- **કાર્યાલય વિભાગ** — શ્રી જ્યોતિભાઇ માધવજીભાઇ ટાંક, શ્રી નંદલાલ શિવલાલભાઇ રાઠોડ **અને સહયોગી**
- **પૂજા વિભાગ** — શ્રીમતી જયશ્રીબેન ચન્દુલાલભાઇ ચાવડા **તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળ, દુર્ગ**
- **ઉત્સવ ઉજવણી** — શ્રી ઉમેશભાઇ કેશુભાઇ ચૌહાણ **તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ યુવા મંડળ, દુર્ગ**
- **ભોજન વિભાગ** — શ્રી દિલીપભાઇ ધનજીભાઇ ટાંક **અને સહયોગી**
- **પ્રસારણ વિભાગ** — શ્રી કિશોર કેશવજીભાઇ ગોહિલ **અને સહયોગી**

| **યોગેશ મગનભાઈ ચાવડા** | **વિનોદ મોહનભાઈ ખોડિયાર** | **વિનોદ કેશવજીભાઈ પઢીઆર** |
|---|---|---|
| પ્રમુખશ્રી-મહાસભા | વરિષ્ઠ મહામંત્રીશ્રી-મહાસભા | મહામંત્રીશ્રી-મહાસભા |



આયોજન પ્રભારીશ્રી -



**ભરત હીરજીભાઈ ચાવડા**
મોબા. : 98271 56979
રાયપુર (છ.ગ.)



**નારાયણ પુંજાભાઈ રાઠોડ**
મોબા. : 98271 77118
દુર્ગ (છ.ગ.)

પ્રશાસનિક નિર્ણયોં અને તાત્કાલિક પરિસ્થિતિનુસાર ભાગવતશ્રીના આયોજનમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર મહાસભા પાસે સુરક્ષિત રહશે.

सह वीर्यं करवावहै

॥ ૐ શાંતિ ॥

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# 'સંજીવની-૪'

*The Lifeline.....*



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## 'સંજીવની' સંકલ્પધારી સમાજબંધુઓની સાચી સમાજસેવાને નમન... વંદન... અભિનંદન...

આપણા સમાજના ૬૦% સમાજબંધુઓ નિમ્ન, મધ્યમ વર્ગીય, ૨૦% તદ્દન ગરીબી રેખા નીચે, તદ્દન લાચાર, નિરાધાર, નિઃસહાય, અતિ જરૂરીયાતમંદ પરિવારોને મેડીકલ મદદ રૂપે મહાસભા '**સંજીવની**' ના માધ્યમથી રૂા. ૧,૫૦,૦૦૦ પ્રતિમાસ મેડીકલ સહાયનું વિતરણ કરી, પીડીત, વંચિત, જરૂરતમંદ પરિવારો પ્રત્યે સંપૂર્ણ સંવેદના ધરાવે છે. આ માનવીય સંવેદનાઓને સતત જીવંત રાખવા, '**સમાજરત્ન**' **શ્રીમાન વિનોદભાઇ સોલંકીજી**ની આગેવાનીમાં પ્રતિમાસ રૂા. ૫૦૦૦, ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦, ૫૦૦ સંજીવની મહાયજ્ઞમાં સહયોગ આપી, પોતાનો સમાજધર્મ નિભાવે છે.

આ '**સંજીવની સંકલ્પ**' યોજના હેઠળ **આપણા સમાજના સક્ષમ પરિવાર એક એવો પાવન-પવિત્ર સંકલ્પ જાહેર કરે છે કે પોતાની પરસેવાની કમાણીમાંથી અમુક નિશ્ચિત રકમ પ્રતિમાસ 'સંજીવની' યોજના માટે આપીશ.** આવા સંકલ્પધારી પરિવારોના નિયમિત, નિશ્ચિત સહયોગથી જ 'સંજીવની'ને સ્થાયીત્વ મળે છે.

મહાસભાની સ્થાપનાની સ્વર્ણ જયંતિની પૂર્ણ આન-બાન-શાનથી જ્યારે અંજાર અધિવેશનમાં ભવ્યાતિભવ્ય ઉજવણી થઇ ત્યારે અંજાર સમાજભવનમાં 'સામાજીકતા' તેની ચરમસીમાએ પહોંચી હતી. અદ્‌ભૂત, અપૂર્વ, ઐતિહાસિક વાતાવરણમાં 'સંજીવની' પ્રેમી પરિવારોમાં પણ માનવતા મહેકી ઉઠી 'સંજીવની' સરોવરને જોત-જોતામાં છલકાવી દીધો. અંજાર અધિવેશન દરમ્યાન સૌના પ્રિય એવા '**આઇસક્રીમ વાલે અંકલ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા - હૈદ્રાબાદ,** ઉપપ્રમુખશ્રી મહાસભા, 'સંજીવની'ના સૌ પ્રથમ એવા પ્રિમિયમ દાતાશ્રીએ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં અર્પણ કરવાનો સંકલ્પ જાહેર કરતા જ સામાજીકતા-માનવતાની લ્હેર ઊઠી. આ કડીને આગળ ધપાવતા ચંદિયા નિવાસી હાલ મુંબઇ-મુન્દ્રા વસતા આપણા સમાજના અગ્રણી ઉદ્યોગપતિ **શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા** પરિવારે પણ 'સંજીવની' સંકલિપ કરી પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં અર્પણ કરી પોતાનો સમાજધર્મ નિભાવ્યો. આ સંવેદનાસભર સંકલ્પયાત્રાને આગળ ધપાવતા, અંજાર નિવાસી મહાસભાના પૂર્વ પ્રમુખ **શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી)** પરિવાર પણ રૂા. ૫૦૦૦ પ્રતિમાસ 'સંજીવની'ને સહયોગ આપવાનો સંકલ્પ જાહેર કરેલ છે. આપણી રાષ્ટ્રિય મહાસભાના પૂર્વ પ્રમુખ **સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા - રાયપુર** પરિવારના સુપુત્ર ચિ. મનિષભાઇએ સ્વ. પિતાશ્રીને સાત્વીક, અર્થપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરતા સ્વ. પિતાશ્રીના નિઃસ્વાર્થ સેવા કાર્યને આગળ ધપાવતા રૂા. ૫૦૦૦ પ્રતિમાસ 'સંજીવની' સહયોગી થવાનો સંકલ્પ જાહેર કરતા જ ઉપસ્થિત વિરાટ જનસમુહ ચાવડા પરિવારની સમાજભાવનાને ખૂબજ વધાવી. '**સંજીવની સંકલ્પ યાત્રા**'ને આગળ ધપાવતા કચ્છ ગળપાદર નિવાસી હાલમાં સુરતવાસી **સી.એ. મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ માધવજીભાઇ ચૌહાણ** પરિવારે પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં સહયોગી થવાનો સંકલ્પ જાહેર કરેલ છે.

અન્ય '**સંજીવની સરતાજ**' પરિવારોમાં મહાસભાના પૂર્વ

પ્રમુખ **શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર** પરિવાર - રાઉરકેલા કે જેઓ અત્યાર સુધી રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે 'સંજીવની'માં સહયોગ આપી ચૂક્યા છે. આપશ્રીએ પણ આ સત્રના અંત સુધીમાં આ સહયોગ રાશીમાં રૂા. ૫૧,૦૦૦ ની વૃદ્ધિનો સંકલ્પ જાહેર કરી, સૌ સમાજબંધુઓના દિલ જીતી લીધા. આજ કડીને આગળ વધારતા કચ્છ ચંદિયા નિવાસી હાલ જયપુરવાસી 'સંજીવની' સરતાજ **ડૉ. કાંતિલાલ ચાવડાસર** (એમ.એસ.) પરિવારે પણ સત્રના અંત સુધી 'સંજીવની' સહયોગ રાશી રૂા. ૨,૦૦,૦૦૦ સુધીની કરી આપવાનો શુભ સંકલ્પ જાહેર કરી જન-સમાન્યના દીલ જીતી લીધા. આપણી રાષ્ટ્રિય મહાસભાના ઉપપ્રમુખ 'સંજીવની' સરતાજ શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ વાલાએ પણ રૂા. ૨૦૦૦ પ્રતિમાસ 'સંજીવની'માં સહયોગ આપવાનો સંકલ્પ જાહેર કરી અન્ય સામાજીક આગેવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. મહાસભા સ્વર્ણ જયંતિ ઉત્સવ પ્રસંગે અખિલ ભારતીય યુવા મહામંડળના યુવા ઉત્સાહી, ઉદ્યમી, ઉર્જાવાન પ્રમુખ **શ્રી તૃષારભાઇ મોહનલાલભાઇ ચૌહાણ – વડોદરા** આમ તો 'સંજીવની'ના પાયાના પથ્થર તરીકે નેત્રદિપક કામગીરી કરી બતાવેલ છે. 'સંજીવની'ના પશ્ચિમ ઝોન ચેરમેન તરીકે રૂા. ૧૧,૦૦૦ થી શરૂ થયેલ સેવાયાત્રા દરમ્યાન શ્રી તૃષારભાઇના પ.પૂ. પિતાશ્રી મોહનભાઇ ચૌહાણની વસમી વિદાયને સમાજના અતિ જરૂરીયાતમંદ બંધુઓની મેડીકલ મદદ માટે રૂા. ૫૧,૦૦૦ નો સહયોગ રાશી 'સંજીવની'ને અર્પણ કરી એક સુપુત્ર તરીકે, યુવા શક્તિને સાચી દિશા દેખાડેલ છે. આપણા સમાજની ઊર્જાવાન યુવાશક્તિના પ્રતિક સમા કચ્છ-અંજાર નિવાસી હાલ **કલ્યાણ યુવા મંડળના પ્રમુખ શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા** 'સંજીવની' યોજનાથી અતિ પ્રભાવિત થઇ 'સંજીવની' માટે પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના સહયોગનો સંકલ્પ જાહેર કરી સમાજના સક્ષમ યુવાનોને 'યુવાધર્મ' નિભાવવાની રાહ ચીંધી છે.

પરિવારમાં પુત્રરત્ની પધરામણીનો આનંદ અલૌકીક હોય છે. અંજાર ઘટકના અગ્રણી ઉદ્યોગપતિ **શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર** પરિવારના પારણે પુત્રરત્નની પધરામણીની ખુશાલીમાં 'સંજીવની'ને પ્રતિમાસ રૂા. ૧૦૦૦ સહયોગી થવાનો સંકલ્પ કરી, પૌત્રરત્નની પધરામણીને અનોખી રીતે આવકારી-ઉજવી છે. શ્રી અનિલભાઇ ખોડિયાર-અંજારના વેવાઇ તથા સમસ્ત સમાજબંધુઓના 'હૃદયસમ્રાટ' **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી** પરિવારની લાડલી દિકરી ચિ. મૈત્રી સુમિતભાઇ ખોડિયારને પારણે દોહિત્રરત્નની પધરામણીની અનન્ય, અપૂર્વ, અલભ્ય આનંદના અવસરે 'સમાજરત્નશ્રી' પરિવારે પણ રૂા. ૧૧૦૦૦ 'સંજીવની' સહયોગ આપી પરિવારની ખુશીને સમસ્ત સમાજ સાથે મળી મનાવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે 'સમાજરત્ન' શ્રીમાન વિનોદભાઇ સોલંકીજી 'સંજીવની'માં સહયોગી થવાના અવસરની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. 'સંજીવની સમ્રાટ' 'સમાજરત્ન' શ્રીમાન વિનોદભાઇ સોલંકીજી 'સંજીવની'માં પ્રતિમાસ રૂા. ૫૦૦૦નો અમૂલ્ય સહયોગ આપી 'સંજીવની'ને સ્થાયીત્વ તથા અન્ય સમાજ પ્રેમી દાતાશ્રીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

'સંજીવની'ના અન્ય સન્માનનીય સંકલ્પધારીઓની યાદી આજ લેખના અંતમાં 'સાભાર-સ્વીકાર' અંતર્ગત આપેલ છે. અંજાર અધિવેશન દરમ્યાન 'સંજીવની' સહયોગી મિત્રની યાદીમાં શરતચૂકથી કોઇ દાતાશ્રીનું નામનો ઉલ્લેખ ન થયેલ હોય તો ક્ષમાસહ આગામી અંકમાં સમાવી લેશું. જય સમાજ...

**– વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર ઉપપ્રમુખશ્રી મહાસભા, વિશેષ પ્રભારી – 'સંજીવની'**

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

| | |
|---|---|
| ૯૦૦૦૦ | માતૃશ્રી વસંતબેન પુરૂષોત્તમભાઇ માધવજીભાઇ ચૌહાણ (ગળપાદર)-સુરતની પુણ્યસ્મૃતિ અર્થે હા. સી.એ. મુકુન્દભાઇ ચૌહાણ - સુરત (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર) |
| ૫૧૦૦૦ | પિતાશ્રી સ્વ. મોહનભાઇ જેરામભાઇ ચૌહાણની પુણ્ય સ્મૃતિ અર્થે... (હ. શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ) |
| ૧૨૦૦૦ | શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર (સુપુત્ર ચિ. સુમિત-પુત્રવધુ સૌ. મૈત્રીબેનના પારણે પુત્રરત્નશ્રીની પધરામણીની ખુશાલી ભેંટ) |
| ૧૨૦૦૦ | શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર - અમદાવાદ (પૂર્વ પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ, સ્વ.પતિશ્રી કિશોરભાઇ કોન્ટ્રાકટરની પુણ્ય સ્મૃતિ અર્થે સંજીવની સહયોગનો સંકલ્પ) |
| ૧૨૦૦૦ | શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર) |
| ૧૧૦૦૦ | શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ - કુકમા (પ્રમુખશ્રી કુકમા ઘટક, સુપુત્રી અ.સૌ.અંજલીબેન મિલનભાઇ ચાવડાના પારણે દોહિત્રરત્નની પધરામણીની ખુશાલી ભેંટ) |

| | |
|---|---|
| ૧૧૦૦૦ | સ્વ. પિતાશ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર (સિનુગ્રા) રાયપુરની પુણ્ય સ્મૃતિ અર્થે<br>હા. સુપુત્ર શ્રી મનોજભાઇ, શ્રી સંજયભાઇ વાઢેર - રાયપુર) |
| ૧૧૦૦૦ | સંજીવની સમ્રાટ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર<br>(વ્હાલી સુપુત્રી અ.સૌ. મૈત્રી સુમિત ખોડિયારના પારણે દોહિત્રરત્નની પધરામણીની ખુશાલી ભેંટ) |
| ૯૦૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારીશ્રી મહિલા ઉત્કર્ષ સમિતિ-મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી જગદીશભાઇ પરસોત્તમભાઇ વરૂ - વડોદરા (પ્રમુખશ્રી વડોદરા ઘટક, પ્રતિમાસ રૂા. ૫૦૦ના સ્નેહી દાતાશ્રી) |
| ૫૦૦૦ | શ્રી જીગ્નેશભાઇ મગનલલભાઇ જયંતિલાલ જેઠવા (અંજાર) કલ્યાણ (પ્રમુખશ્રી કલ્યાણ યુવા મંડળ)<br>પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના સંજીવનીના પ્રિમિયમ સંકલ્પધારી પરિવાર) |
| ૨૧૦૦ | શ્રીમતી જમુનાબેન દામજીભાઇ વરૂ - વડોદરા (પૂર્વ પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ, જન્મદિન ખુશાલી ભેંટ) |
| ૨૧૦૦ | શ્રી અમૃતલાલભાઇ દેવસીભાઇ પરમાર - વાસદા-વલસાડ |
| ૨૧૦૦ | સ્વ. પાર્વતીબેન નરસિંહભાઇ જેઠવા (અંજાર) (મંગરા-મુન્દ્રા)ની પુણ્ય સ્મૃતિત અર્થે<br>હા. શ્રીમતી જયાબેન હરીશભાઇ જેઠવા - મુન્દ્રા) |
| ૨૦૦૦ | શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ - મુંબઇ<br>(પૂર્વ પ્રમુખશ્રી મુંબઇ ઘટક, પ્રતિ અધિવેશન રૂા. ૨૦૦૦ના સ્નેહી સહયોગી) |
| ૨૦૦૦ | શ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ - મુંબઇ<br>(પૂર્વ પ્રમુખશ્રી મુંબઇ ઘટક, પ્રતિ અધિવેશનના રૂા. ૨૦૦૦ના સ્નેહી સહયોગી) |
| ૫૦૦ | શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી - ભુજ<br>(પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ, પ્રતિમાસ રૂા. ૫૦૦ના સ્નેહી દાતાશ્રી-સ્વાગતમ્) |

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન
શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર
'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર
(પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા)
પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર - આદીપુર
શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા
(પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર - કુકમા
શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર - રાયપુર

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

# અભિલાષા-૪

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી


સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in


**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... જય સમાજ... આપણી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થયા તેની યાદગીરી રૂપે સુવર્ણ જયંતિ અધિવેશનનો આનંદ આપણે અંજાર ઘટકના આંગણે માણ્યો... કોરોના કાળની કપરી સ્થિતિમાંથી બહાર આવેલા સમાજબાંધવોની વિશાળ જનમેદની આ ભવ્ય આયોજનની સાક્ષી બની વિવિધ આયોજનો સાથે સમાજહિતના નિર્ણયો લેવાયા... સૌને વંદન... અભિનંદન... આયોજક અંજાર ઘટકને ખૂબ ખૂબ અભિનંદન...

૫૦ વર્ષની ગરિમામય સામાજીક યાત્રામાં આપણી મહાસભા દ્વારા અનેકવિધ સેવાકાર્યો સાથે શિક્ષણ ક્ષેત્રે પણ પ્રસંશનિય કાર્ય કરેલ છે જે આજે 'અભિલાષા' સમિતિના માધ્યમથી સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરવા શિક્ષણ સહાય પુરી પાડવા માટે પ્રયત્નશીલ છે. ભારતભરમાં શાળા અને કોલેજો નવા સત્રથી શરૂ થઇ ગયા છે ત્યારે ફરી એક વખત આ સમિતિ જરૂરતમંદ પરિવારોના છાત્રોને ઉચ્ચ અભ્યાસ માનટે મદદરૂપ બનશે. આ ભગીરથ કાર્યમાં આપ સૌનો સહયોગ અપેક્ષિત અને પ્રાર્થિય છે. પાછાલ અંકમાં જાહેર થયેલ દાનદાતાશ્રીઓની યાદીને આગળ વધારીએ તો આ સમિતિના અનમોલ દાતા રૂપે માસિક રૂા. ૫૦૦૦ ના દાન ઉપરાંત



પ્રસંગોપાત દાન આપી હંમેશા હુંફ આપતા આપણા સૌના ચાહિત **'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી** તરફથી માસ જુન-૨૨ના માસિક અનુદાન રૂા. ૫૦૦૦ ઉપરાંત **તેમના સુપુત્રી સૌ. મૈત્રીબેન સુમિતભાઈ ખોડિયાર (અંજાર)ને ત્યાં પુત્રરત્નની પધરામણી થતાં 'નાના' બન્યાની ખુશાલીમાં રૂા. ૧૧૦૦૦નું દાન આ સમિતિને પ્રાપ્ત થયેલ છે.** 'અવધમેં આનંદ ભયો...જય જય શ્રીરામ કી...!' ખૂબ ખૂબ અભિનંદન સમાજરત્નશ્રી... સોલંકી પરિવાર તથા ખોડિયાર પરિવાર... સૌ. મૈત્રીબેન શ્રી સુમિતભાઈ... આપના પુત્રરત્નું મોંઘેરૂ સ્વાગત.... સ્વાગત... !

આ ક્રમમાં આપણે સહર્ષ નોંધ લઇશું મહાસભાના સ્થાપના સમયથી સતત સેવારત... પ્રથમ વસ્તી પત્રક પ્રસિદ્ધીની ટીમના



સક્રિય સભ્ય... આપણા સમાજના એકમાત્ર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમાના શિક્ષણપ્રેમી પૂર્વ પ્રમુખ તથા વડોદરા ઘટકની શાન **શ્રી જેઠાલાલભાઈ પુરૂષોત્તમભાઈ પરમારની તા. ૧૫/૫/૨૦૨૨ના રોજ સૌ. ગુણવંતીબેન સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા તેની સુવર્ણ જયંતિ (૫૦ વર્ષ) ઉજવણી ખુશાલી અવસરે સમાજના જરૂરતમંદ છાત્રોને શિક્ષણ સહાય માટે તેમના તરફથી રૂા. ૧૧૦૦૦નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે.** શ્રી જેઠાલાલભાઈ તથા સૌ. ગુણવંતીબેન પરમારને દામ્પત્ય જીવનની સુવર્ણ જયંતિ અવસરે ખુબ ખુબ વધામણી સાથે આભાર...

દાનદાતાશ્રીઓનો આ ક્રમ આગળ વધારીએ તો અગ્રિમ હરોળના સમાજસેવા દંપતિ તરીકે જેમને આપણે સન્માન



આપીએ છીએ તેવા **શ્રીમતી મીતાબેન તથા શ્રી અશોકભાઇ મનજીભાઇ રાઠોડ (લાતુર) અભિલાષા સમિતિના અનમોલ દાતાશ્રી છે. પ્રતિ માસ રૂા. ૧૫૦૦ના દાન રૂપે તેમના તરફથી ૬ માસના રૂા. ૯૦૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે.** બહેન શ્રીમતી મીતાબેન મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી તરીકે તથા શ્રી અશોકભાઇ રાઠોડ મરાઠવાડા પ્રાદેશિકમાં ખુબજ પ્રશંસનીય સેવાઓ આપી રહ્યા છે તેનાથી આપણે વિદીત છીએ... ખૂબ ખૂબ આભાર...

આ ક્રમમાં આપણે આભાર માનીશું આપણા સમાજના



મહિલા વર્ગનું પ્રભાવશાળી નેતૃત્વ કરીને બહેનોને ઉર્જા તથા આત્મબળ પુરૂં પાડનારા **અ.ભા.મહિલા મહામંડળના કાર્યશિલ અને ઉદ્યમી પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી–ભુજનો... મહાસભાનો સ્થાપના દિવસ (૩ જુન) જેમનો જન્મદિવસ છે તેવા બહેનજી તરફથી સ્થાપના દિવસ અને જન્મદિની ખુશાલી અવસરે રૂા. ૫૦૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે.** નારી શક્તિને ઉજાગર કરવા સતત પ્રયત્નશીલ રહેતા અમિતાબેનને જન્મદિવસની હાર્દિક શુભકામના સાથે અભિનંદન... આભાર...

આ સમિતિ માટે એ ગૌરવની વાત છે કે એક એવોર્ડ વિજેતા અને નિષ્ઠાવાન શિક્ષક **શ્રી રમેશભાઇ રણછોડભાઇ ચૌહાણ** આ સીમતિના સભ્ય છે. આદર્શ શિક્ષક તરીકેની લાંબી કારકીર્દી યશસ્વી રીતે તા. ૩૧-૫-૨૦૨૨ના રોજ સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલા શ્રી રમેશભાઇ ચૌહાણ તરફથી આ સમિતિને શુભેચ્છા ભેટ રૂપે રૂા. ૨૫૦૦ નું દાન પ્રાપ્ત થયેલ છે. તેઆશ્રી આપણા સમાજના કુકમા મુકામે ચાલતા કન્યા છાત્રાલયના માનદ્ મંત્રીશ્રી તરીકે પણ સેવા આપી રહ્યા છે. સેવા નિવૃત્તિની હાર્દિક શુભકામના સાથે ખુબ ખુબ આભાર... સાહેબજી... તેવી જ રીતે **મહાસભાના પાયાના પથ્થર સમાન દંપતિ શ્રીમતી જમુનાબેન તથા શ્રી દામજીભાઇ હીરજીભાઇ વરૂ** તરફથી તેમની લગ્ન તારીખ ૧૬-૫-૨૨ની ખુશાલીમાં રૂા. ૧૧૦૦ નું દાન પ્રાપ્ત થયેલ છે. અંજાર અધિવેશન આયોજનની ખુશાલીમાં આપણા સમાજના જાગૃત પ્રહરી સમાન વિરલા **શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ – મુંબઇ (હાજાપર)** તરફથી રૂા. ૨૦૦૦, **આદ. વડીલ શ્રી અમૃતલાલભાઇ દેવસીભાઇ પરમાર – વાસદા** તરફથી રૂા. ૨૧૦૦ તથા જીવન વીમા ક્ષેત્રના નામાંકિત સમાજસેવી વ્યક્તિત્વ મહાસભાના કાર્યવાહક સભ્ય શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ તથા સૌ. દુર્ગાબેનની લગ્ન તારીખ ૩-૬-૨૦૨૨ અવસરે રૂા. ૧૧૦૦નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. તમામ દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર...

## ઋણ સ્વીકાર... આલાપ વિનોદભાઇ જેઠવા – અંજાર



સમાજની શિક્ષણ સહાય મેળવીને જીવનમાં પગભર થયેલા છાત્ર **આલાપ જેઠવા**એ સૌ પ્રથમ પુણ્યકર્મ સમાજનું ઋણ અદા કરવાનું કર્યું. નોકરી મળતાં જ તેમને એક ઉમદા વિચાર ઉદ્ભવ્યો... તેમના તરફથી **મહાસભા અભિલાષા સમિતિને રૂા. ૫૦૦૦નું શુભેચ્છા દાન પ્રાપ્ત થયું છે.** આપણા સમાજની ભાવી પેઢીના પ્રાર્થનિય ઉદાહરણ સમાન આલાપભાઇને ખુબ ખુબ અભિનંદન... સાથે સાથે જે વિદ્યાર્થી ભાઇ-બહેનો મહાસભા અભિલાષા સમિતિ અથવા સમાજની અન્ય સંસ્થાઓમાંથી સહાય મેળવી આર્થિક ઉપાર્જન કરે છે તેમના માટે આ એક જ્વલંત ઉદાહરણ છે. આપના તરફથી મળેલ દાન સમાજના અન્ય જરૂરતમંદ છાત્રોની મદદ માટે વપરાશે અને આ સેવાકાર્યમાં તમે સહભાગી બનશો... જય સરસ્વતિ માતાજી...

જય સમાજ

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી તથા ઉપપ્રમુખ

# કચ્છના ગૌરવવંતા શિક્ષકોને વંદન... અભિનંદન...



ગુજરાત બહારના સમાજબાંધવો ગુજરાતી ભાષાનું સાધારણ જ્ઞાન મળી રહે તે માટે અ.ભા.યુવા મહામંડળ પ્રેરિત... મહાસભા અભિલાષા સમિતિ સહકારિત અને વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ આયોજીત ‘‘ચાલો, ગુજરાતી શિખીએ...’’ ઓનલાઇન સેમિનારમાં પોતાની ગૌરવાન્વિત સેવાઓ આપનાર કચ્છના ૧૬ જેટલા શિક્ષક ભાઇ-બહેનોનું જાહેર અભિવાદન અ:જાર મુકામે યોજાયેલ મહાસભાના સુવર્ણ જયંતિ અધિવેશન અવસરે મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ સોલંકી, યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ ચૌહાણના હસ્તે કરવામાં આવેલ હતું. અભિલાષા સમિતિના પ્રભારી શ્રી વિનોદભાઇ ચૌહાણે શિક્ષક ભાઇ-બહેનોના પરિચય આપી તેમની સેવાઓને બિરદાવી હતી. વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ અને આ સેમિનારના સંચાલક શ્રી દાનિશ કમલેશભાઇ રાઠોડએ સંચાલન અને આભારદર્શન કરેલ હતું. ઉપસ્થિત સમાજબાંધવોએ આવી વિશિષ્ટ કાર્ય સેવા આપવા બદલ શિક્ષકોની ટીમને તાડીઓથી વધાવેલ હતી.


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭





# લક્ષ્ય સમિતિ દ્વારા આયોજીત બિઝનેસ કમ ઈન્વેસ્ટર્સ મીટ (હોટલ સુરભી-મુન્દ્રા)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા સમાજની પ્રથમ ઐતિહાસિક બિઝનેસ કમ ઇન્વેસ્ટર્સ મીટ મુન્દ્રા મુકામે આદરણીય શ્રી ભોગીલાલભાઈ ચાવડાના સ્નેહમયી આમંત્રણને માન આપી તેમના લક્ઝરિયસ હોટલ **''હોટલ સુરભી''** ખાતે તારીખ ૬ -૭ જૂનના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટ નો મુખ્ય ઉદ્દેશ આપણા સમાજના વ્યવસાયિકો તથા ઔદ્યોગિક સાહસિકોને કચ્છમાં આવનારા દિવસોમાં આવનારી વ્યવસાયની તકો તથા ઇન્વેસ્ટમેન્ટની માહિતી આપવાનો હતો.

ભારતભરમાંથી બિઝનેસમેન અને વ્યવસાય ઇચ્છુક લોકોને આમંત્રિત કરવામાં આવેલા હતા તથા પ્રથમ જ વખત આપણા સમાજની બહારના તજજ્ઞો તથા સરકારી સંસ્થાના અધિકારીગણની માહિતીનો લાભ લેવામાં આવેલો હતો. આ મિટમાં અદાણી, ફોકીયા, કેડાઇ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજના અધિકારીગણો એ ખાસ હાજરી આપી ઉપયોગી માહિતી આપી હતી. **અદાણી-મુન્દ્રા સેઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી રક્ષિતભાઇ શાહ સાહેબ તથા મુન્દ્રા સેઝના સેલ્સ હેડ શ્રી ભગીરથસિંહ જાડેજા સાહેબ મેનેજર શ્રી પરેશભાઈ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા. હતા.** શ્રી રક્ષીતભાઈ શાહસાહેબ આપણા સમાજની આવી પહેલથી ખૂબ જ પ્રભાવિત થયા હતા તથા આપણા સમાજના લોકો માટે સેઝમાં કોઈપણ પ્રોજેક્ટમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ મિટમાં આપણા સમાજના હૃદયસમ્રાટ તથા લોકલાડીલા 'સમાજરત્ન' આદરણીયશ્રી વિનોદભાઈ સોલંકીજીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું તેમની સાથે રાષ્ટ્રીય મહાસભાના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ચાવડા - નાગપુર, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ પરમાર - રાજનાંદગાંવ, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ જેઠવા - અંજાર તથા ઉપપ્રમુખ શ્રીઓ શ્રી મનોજભાઈ વેગડ - ગાંધીધામ, શ્રી દિનેશભાઈ ચાવડા - પુના, શ્રી લઘુરામભાઈ રાઠોડ - ખંભરા, બ્રહ્મકુમાર શ્રી બાબુલાલ ભાઈ પરમાર - માધાપર, શ્રી મનોજભાઇ સોલંકી - માધાપર, શ્રી વિનોદભાઈ ચૌહાણ - ભુજ, શ્રી દિપકભાઈ ચૌહાણ અમદાવાદ તથા શ્રી પરેશભાઈ ચૌહાણ રાજકોટ કે જેઓ લક્ષ્ય સમિતિના પ્રભારી પણ છે તેઓની સાથે ઝોનલ પ્રમુખશ્રી કિરીટભાઈ ચૌહાણ કે જેઓ લક્ષ્ય સમિતિના





સહ પ્રભારી છે સર્વે મહેમાનોને સાથે મળીને દીપ પ્રાગટય દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. મુન્દ્રા યુવા મંડળની યુવતીઓ દ્વારા સુંદર પ્રભુ પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર મીટનું કુશળ સંચાલન શ્રી કિરીટભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું.

સર્વપ્રથમ આવેલ સર્વે મહાનુભવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલું હતું તથા બહારથી પધારેલા મહેમાનો માટે ખાસ આભારની લાગણી પ્રગટ કરવામાં આવેલી હતી. ત્યારબાદ મીટીંગના સંચાલન માટે લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણને આમંત્રિત કરવામાં આવેલા હતા. શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા બહારથી પધારેલા મહેમાનોને ખાસ જણાવેલ કે આજની મિટમાં સમગ્ર ભારતભરમાંથી સમાજના વ્યવસાયિકો ઉપસ્થિત છે જે ખૂબજ ગર્વની વાત છે. આ મિટમાં હૈદરાબાદ, પુના, મુંબઈ, નાગપુર, રાજનાંદગાંવ, બિલાસપુર, ધનબાદ, અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા કચ્છના મોટાભાગના શહેરોમાંથી લોકો હાજર છે. તેઓએ મહાસભાની લક્ષ્ય સમિતિના ઉદ્દેશ અને આજની મિટનો માહિતી આપી હતી. ત્યારબાદ શ્રી રક્ષિત ભાઈ સાહેબ ને એક સ્મૃતિ ભેટ મહાનુભવોના વરદ હસ્તે આપવા માં આવી હતી.

સર્વપ્રથમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીગણ શ્રી સુમરા સાહેબ તથા પિનાકીન મેડમ દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કચ્છમાં ઉદ્યોગ સ્થાપવા માટે મળતી મદદની માહિતી આપવામાં આવી હતી તેઓને પણ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા એક સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવેલા હતા.

મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા પ્રથમ જ વખત **''લક્ષ્ય એચિવર એવોર્ડ''**ની શરૂઆત કરવામાં આવી હતી જેનો મુખ્ય ઉદ્દેશ આપણા સમાજના First Generation Entrepreneurs કે જેઓએ પોતાના ક્ષેત્રમાં અદ્વિતીય સિદ્ધિ હાંસલ કરી હોય તથા કશુંક નવું કરીને પોતાનું નામ કર્યું હોય તેવા લોકોને સમાજની મુખ્યધારામાં જોડી બીજા લોકોને પ્રેરણા રૂપ બને તેઓ ઉદ્દેશ હતો. આ એવોર્ડ માટે કુલ ૧૮ અરજીઓ આવી હતી તેમાંથી તેમની સિદ્ધિઓ પ્રમાણે લક્ષ્ય ટીમ દ્વારા ત્રણ વ્યક્તિઓને એવોર્ડ દ્વારા સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવેલ. આ ત્રણ વ્યક્તિઓમાં **(૧) શ્રી ધવલભાઈ હીરાલાલ ભાઈ ખોડીયાર – મુંબઈ, (૨) રાજેશભાઈ સૂર્યકાંતભાઈ રાઠોડ – જમશેદપુર, (૩) શ્રી ડેનીલભાઈ ભૂપેશભાઈ ચાવડા – બિલાસપુર (ચેન્નાઈ)** આ ત્રણે મહાનુભવોએ પોતાના ક્ષેત્રમાં અદ્વિતીય સિદ્ધિ હાંસલ કરેલી છે, જેઓનો બાયોડેટા સમગ્ર સભામાં ને દેવામાં આવેલો હતો તથા ઉપસ્થિત મહાનુભાવો ની હાજરીમાં તેઓને સન્માનિત કરવામાં આવેલા હતા. દરેક વિનરે પોતાની સિદ્ધિઓ તથા પોતાના વ્યવસાયની ટૂંકમાં માહિતી આપી હતી. ત્યારબાદ ખાસ આજની મીટિંગમાં ખાસ હાજરી આપેલા આપણા સમાજના સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી સાહેબ એ પોતાનું લાગણી સભર ઉદબોધન આપેલું હતું. શ્રી મનોજભાઈ સોલંકી સાહેબ દ્વારા પણ ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. શ્રી અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે તેઓએ આવી મિટમાં પ્રથમ વખત જ ભાગ લીધેલ છે, તેઓ આ મીટ ખૂબ જ પ્રભાવિત થયા છે અને આવી મિટ દ્વારા સમાજ ઉત્કર્ષના તથા વ્યવસાય જોડાણના ઉત્તમ માધ્યમ માં મહિલાઓને પણ ખાસ જોડવા માટે પ્રયત્નશીલ રહેશે અને હવે પછીની બિઝનેસ મિટમાં મહિલા વ્યાવસાયિકો સાથે અચૂક હાજરી આપવાની ખાતરી આપી હતી તથા આવા સુંદર આયોજન બદલ શ્રી પરેશભાઈ તથા શ્રી ભોગીલાલભાઈને હાર્દિક અભિનંદન પાઠવેલા.

ગાંધીધામ નિવાસી શ્રી જીગરભાઈ ખોડીયાર દ્વારા પણ તેમના ઇલેક્ટ્રિકલ વ્યવસાય પર માહિતી આપી હતી. શ્રીરામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના સૂત્રધાર એવા શ્રી મોહિતભાઈ સોલંકી એ પોતાના ચાઇના ક્લે ના બિઝનેસ પર માહિતી આપી તથા આવનારી તકોની માહિતી આપી હતી.

આમ ખુબજ સારા વાતાવરણમાં બપોરના બે ક્યારે વાગી ગયા તેનો ખ્યાલ જ ન રહેતા જમવા માટે સર્વ લોકોએ વિરામ લીધો અને ત્રીસ મિનિટ બાદ ફરીથી મળવાનું નક્કી થયું. ભોજન બાદ બધા લોકો ફરીથી સમયસર હોલમાં એકત્રિત થઈ ગયા હતા બીજા ભાગની અંદર ઉપસ્થિત થયેલા સર્વે મહાનુભવોની વાયવાયિક માહિતી PPT પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી તથા જે લોકોને માહિતી આવેલ ન હતી તેવા લોકોએ પણ પોતાના વ્યવસાય માહિતી આપી હતી.

આ મિટમાં ખાસ વડોદરાથી પધારેલા શ્રી અલ્પેશભાઈ ટાંક તથા શ્રી નીલેશભાઈ ટાંક દ્વારા હાલમાં ચાલતી B.N.I. સંસ્થા દ્વારા બિઝનેસ નેટવર્કિંગની માહિતી આપી હતી. જેઓ છેલ્લા પાંચ વર્ષ થી જોડાયેલા છે અને ઘણા બધા એવોર્ડ્સ પણ મેળવેલા છે. તેઓ એ આપણા સમાજમાં પણ આ પ્રકારના નેટવર્કિંગના માધ્યમથી એકબીજાના વ્યવસાય સાથે જોડાઈ વ્યક્તિગત વિકાસ સાથે સામાજિક વિકાસની વાત પર ભાર મૂક્યો હતો. શ્રી

પરેશભાઈ એ આ વાત ને પુષ્ટિ આપતા જણાવ્યું કે, આ માર્ગ પર **''અમદાવાદ લક્ષ્ય ફોરમ'' અને ''વડોદરા લક્ષ્ય ફોરમ''**ના માધ્યમથી ત્યાંના લોકો ને જોડવાનો પ્રયાસ કરેલ છે આવી જ રીતે ભારતભરના અલગ અલગ શહેરના ફોરમ બનાવી તેમની એક ચેઇન દ્વારા ભારતભરમાં લોકોનું નેટવર્કિંગ કરવાનો પ્રયાસ ચાલુ કરેલ છે. આ માટે પધારેલા ભારતભરના વ્યવસાયિકો એ સહકાર આપવા વિનંતી કરી હતી.

શ્રી વિમલભાઈ ચાવડા રાયપુર થી ખાસ પધારેલા તેઓએ પણ સમાજના વ્યવસાયિકોને તથા સમાજના યુવાનોના સ્ટાર્ટઅપ ને મદદરૂપ થવા માટે એક **''સીડ કેપિટલ'' ફંડ** ઉભું કરવા માટે હાકલ કરી હતી, અને તેના ઇક્વિટીમાં રોકાણ કરી તેને આર્થિક તથા વ્યવસાયિક મદદ કરવા માટે એક પ્રારૂપ રજૂ કર્યો હતો. આ માટે સભામાં ઘણા બધા સુચનો આવ્યા તથા આ માટે લક્ષ્ય સમિતિ દ્વારા એક સમિતિ બનાવી તેનો એક રિપોર્ટ આવતી મિટમાં જાહેર કરી તેની ગાઇડલાઇન તથા રૂપરેખા ની માહિતી આપવાનું નક્કી કરવામાં આવેલ.

**શ્રી મનોજભાઈ વેગડ ગાંધીધામ કે જેઓ ફક્ત ભારતમાં જ નહીં પણ વિશ્વભરના રીટેલ પેટ્રોલ પંપના સૌથી વધુ વિક્રેતા નું સન્માન છેલ્લા ત્રણ વર્ષથી ધરાવે છે** તેઓએ પણ કચ્છમાં રહેલી વ્યવસાયિક તકોની માહિતી આપી હતી. કચ્છના આપણા સમાજના તજજ્ઞ લોકોને પણ લક્ષ્ય સમિતિ તરફ થી સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. નાગપુર નિવાસી શ્રી સુભાષભાઈ ચાવડા, બિલાસપુર નિવાસી શ્રી હેમંતભાઈ ચાવડા, શ્રી ભવ્ય પરમાર માધાપર, શ્રી રાજુ ભાઈ વેગડ પનવેલ, તથા ઉપસ્થિત મહિલા વૃંદ એ પણ પોતાની માહિતી તથા સૂચનો આપેલા હતા સર્વે લોકો એ ખુબજ ઉપયોગી ઇનપુટ આપેલા.

બે દિવસની આ મીટની વ્યવસ્થા માટે મુન્દ્રા ઘટક અને યુવા મંડળની ટીમની સાથે હોટલ સુરભીની પૂરી ટીમ ખડે પગે હાજર રહી હતી. આ સમગ્ર આયોજન માટે આટલી સુંદર વ્યવસ્થા બદલ આ મિટના પ્રાયોજક એવા શ્રી ભોગીલાલભાઈ ચાવડાનો તથા તેમના સુપુત્ર શ્રી નિગમભાઈ ચાવડા કે જેઓનો એક ગંભીર અકસ્માત થવા છતાં તેઓ ડ્રેસિંગ સાથે બે દિવસ હાજર હતા તથા તેવા તેમના સુપુત્રી કુ. આકાંક્ષા ચાવડા એ પોતાનો બે દિવસ બૂટિક બંધ રાખી સર્વે મહાનુભાવોની સરભરામાં હાજર રહ્યા હતાં તેમનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરેલ. મહાસભા અને લક્ષ્ય સમીતી તરફથી તેઓને પણ એક સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

અંતમાં સર્વે પધારેલા મહેમાનોનો આભાર પ્રગટ કરેલ તથા આવતીકાલે સવારે અદાણી સેઝની મુલાકાત દરમિયાન અદાણી પોર્ટ, કન્ટેનર મૂવમેન્ટ, સોલાર પાવર પ્લાન્ટ ની મુલાકાત લેવા માટે બસ ની વ્યવસ્થા કરવામાં આવી હતી અને સવારે ૧૦ વાગે અદાણી સેઝની મુલાકાત માટે જવાનું નક્કી કરવામાં આવ્યું.

સમગ્ર બે દિવસની મુન્દ્રા મીટમાં યુવા મંડળની અને ઘટકની ટીમ ખડે પગે હાજર રહી સર્વે મહેમાનોની સરભરા કરી હતી. ટીમની વિગત નીચે મુજબ છે. ટીમ લીડર શ્રી નિગમ ભોગીલાલ ભાઈ ચાવડા, શ્રી ભુપેન્દ્ર - યુવા મંડળ પ્રમુખ, મુન્દ્રા ઘટક પ્રમુખ શ્રી ગીરીશભાઇ ચૌહાણ, શ્રી આશિષ પરમાર - પ્રમુખશ્રી, શ્રી જય ચૌહાણ, શ્રી ધ્રુવ જેઠવા, શ્રી ચિરાગ ટાંક, શ્રી મીત જેઠવા, શ્રી રોહિત જેઠવા, શ્રી દિપેશ રાઠોડ, શ્રી ઉમેશ ટાંક, શ્રી રવી ચાવડા, શ્રી કમલેશ ટાંક, શ્રી પિયુષ રાઠોડ, શ્રી કુશ જેઠવા, શ્રી પ્રિયેશ જેઠવા, શ્રી નીરવ જેઠવા, શ્રી હરિઓમ જેઠવા સમગ્ર ટીમ નું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી ભોગીલાલભાઇ ચાવડાને એક સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

મિટમાં પધારેલા સર્વે મહાનુભવોએ પોતાના અભિપ્રાય આપતા જણાવ્યું કે દરેકને નવું જાણવા શીખવા તથા નવા લોકોને મળવાનો એકરાર કર્યો અને આવા સુંદર પ્રયાસ બદલ મહાસભાના ઉપપ્રમુખ તથા લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણ- રાજકોટ તથા લક્ષ્ય ટીમ અને શ્રી ભોગીલાલભાઈ ચાવડા- મુન્દ્રા, મુન્દ્રા ઘટક અને યુવા મંડળના સર્વે લોકોનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કર્યો હતો. સમગ્ર ટીમ માટે સુંદર ડીઝાઇનીંગ બેનર, સ્ટેન્ડી ટેગકાર્ડ વગેરે બનાવવા માટે આપણા સમાજના શ્રી રાજનભાઇ પરમાર-બાલાજી ઓફસેટનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તા. ૭ જૂન ના સવાર ૧૦ વાગે ૫૭ લોકો નક્કી થયા મુજબ અદાણી સેજની મુલાકાત માટે રવાના થયા. સમગ્ર મુલાકાત દરમિયાન અદાણી ગ્રુપ ની એસ્કોર્ટ વાન સાથે રહી હતી. અદાણી પોર્ટ દ્વારા મહાસભાના અગ્રણીઓ શ્રી યોગેશભાઈ ચાવડા, શ્રી વિમલ ભાઇ ચાવડા, શ્રી દિનેશભાઈ ચાવડા, શ્રી દિપકભાઈ ચૌહાણ અને શ્રી પરેશભાઈ ચૌહાણનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતુ. સમગ્ર ટ્રીપ દરમિયાન ખુબજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહી અને તેમના મેનેજર શ્રી પિયુષભાઈ સાથે રહ્યા હતા. અદાણી સેઝ માહિતી અને પોર્ટના આધુનિક સિસ્ટમની જાણકારી આપી હતી.

મુલાકાત દરમિયાન બપોરના બે વાગ્યાની ખબરજ ના પડી જ્યારે શ્રી ભોગીલાલભાઈ ચાવડાનો ભોજન માટે રાહ જોવા નું કહેણ આવતા સૌ પરત આવવા રવાના થયા. શ્રી ભોગીલાલભાઈ દ્વારા આજ રોજ મુન્દ્રા ઘટક મુકામે માનવ મંદિર નામે એક પોતાના તરફથી એક વૃદ્ધાશ્રમ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. સમાજ રત્ન શ્રી અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. સર્વે લોકોનું બપોર નું જમવાનું માનવ મંદિર માં સુંદર આયોજન કરવામાં આવેલું હતું.

આમ બે દિવસમાં અતિ સુંદર આતિથ્ય માણ્યા બાદ ભારે હૃદયે એક સુંદર યાદો સાથે પોતાના ગંતવ્ય સ્થાને રવાના થયા.

- પરેશભાઇ જી. ચૌહાણ - પ્રભારી એવં ઉપપ્રમુખ મહાસભા



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઈ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગૌરવવંતી રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા મહિલા સ્વાવલંબન માટે એક ઉત્કૃષ્ટ પગલું ''લર્ન એન્ડ અર્ન'' અંતર્ગત ૧૭મો પ્રોજેક્ટ 'જામ એન્ડ જેલીસ'નો વર્કશોપ તા. ૧૧-૦૫-૨૦૨૨ના **કોલફીલ્ડ પ્રાદેશિકના ધનબાદ ઘટક (ઝારખંડ)થી શ્રીમતી ખુશ્બુબેન ચૌહાણ** દ્વારા લેવામાં આવેલ.




શ્રીમતી ખુશ્બુબેન પિયુષભાઈ ચૌહાણ જે અ.ભા.મહિલા મહામંડળના મંત્રી શ્રીમતી રોહીણીબેન તથા મહસભાના ઝોનલ પ્રમુખ શ્રી કિરીટભાઈ ચૌહાણના પુત્રવધુ છે અને શ્રીમતી ચંદાબેન તથા સ્વ. તરૂણભાઈ ચાવડા પુરલિયા (પ.બંગાલ)ના પુત્રી છે. ખુશ્બુબેને B.Com (A/c Hons), DEL.ED D.I.C.M. પુરલીયાથી શિક્ષણ લીધેલ છે. લગ્ન પહેલા પુરલિયાની એ.જી.પી.એન. કોન્વેન્ટ સ્કુલમાં ૭ વર્ષ શિક્ષિકાના પદ પર કામ કરેલ છે. સાથે ઘરમાં કોચીંગ ક્લાસ પણ ચલાવતા હતા.

શ્રીમતી ખુશ્બુબેનને બાળપણથી જ આર્ટ એન્ડ ક્રાફ્ટનો ખુબજ શોખ હતો. આગળ જઈને તેમને મહેંદી, બ્યુટીશીયન, સ્ટીચીંગ, કુકીંગ, બેકીંગ અને સોફ્ટ ટોયઝ બનાવવામાં રૂચી ધરાવતા થયા. લગ્ન બાદ ધનબાદ ઘટકના મહિલા મંડળમાં આવેલ દરેક પ્રતિયોગીતામાં ભાગ લીધેલઅને પુરસ્કૃત થયેલ. તેનાથી પ્રોત્સાહિત થઇ ખુશ્બુબેન આગળ વધતા ગયા અને તેમનો ઉત્સાહ પણ વધતો ગયો. સાથે સાથે ખાના-ખજાના વોટ્સએપ ગ્રુપમાં જોડાઇને બધી બહેનોથી પ્રેરિત થઇ તેમનું હુન્નર નિખરી ગયું.

ખુશ્બુબેન દ્વારા મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક પેજથી તા. ૧૧-૦૫-૨૦૨૨ના 'લર્ન એન્ડ અર્ન' અંતર્ગત ૧૭મો પ્રોજેક્ટ 'જામ એન્ડ જેલીસ'નો લાઇવ વર્કશોપ લગભગ ૨ કલાક સુધી લેવામાં આવેલ. જેમાં વિવિધ પ્રકારની જેમ અને જેલી શિખવાડવામાં આવ્યા.

ખુશ્બુબેને આ વર્કશોપની શરૂઆત મિક્સ ફ્રુટ જામથી કરી. પોતાના મનપસંદ ફ્રુટ્સ મિક્સ કરી આસાનીથી કેવી રીતે બનાવી શકાય તે બતાવ્યું. સાથે જ ઓરેન્જ જામ આસાન તરીકાથી કેવી રીતે બની શકે છે તે બતાવ્યું. આવી જ રીતે બીજા ફળથી પણ જામ બનાવી શકાય જેમ કે એપલ જામ, વોટરમેલન જામ, પપૈયા જામ, પાઇનએપલ જામ વગેરે... એ ખુબજ સરસથી બતાવ્યું.











સાથે સાથે આ બધાય જામને કેવી રીતે એરટાઇટ ગ્લાસ જારમાં પેક કરીને વધારે દિવસ રાખી શકાય અને માર્કેટમાં સરસથી વેચાણ કરી શકાય તે પણ બતાવ્યું હતું.

એમની બીજી ડીશ હતી 'જેલી કેક'. જેમાં કોઇપણ મનપસંદ ફ્રુટનો ઉપયોગ કરી આસાનીથી કેવી રીતે બનાવાય અને સાથે ૮-૧૦ દિવસ કોઇપણ ફ્રુટને ફ્રેશ રાખી શકાય તે બતાવ્યું. તેમની ત્રીજી ડીશ હતી 'જેલી કેન્ડી'. જેમાં એમને બે તરફથી જેલી કેન્ડી બનાવતા શિખવાડ્યું હતું. જેમાં 'મિન્ટ મેંગો જેલી કેન્ડી' અને 'ઓરેન્જ જેલી કેન્ડી' ખુબજ સરળતાથી શિખવાડી. આ કેન્ડી નાના બાળકો સાથે સાથે મોટાને પણ ખુબજ પસંદ આવે છે. એમની ચોથી ડીશ હતી 'જેલી' જેમાં એમણે ફ્રેશ વોટરમેલનની જેલી બનાવતા શિખવાડી અને આજ વિધીથી ફ્રેશ ફ્રુટથી જેલી બનાવી શકાય છે. એમની છેલ્લી ડીશ હતી 'ટુટી ફ્રુટી' જે કાચા પપૈયાથી કેમ બને તે ખુબજ સરસ રીતે શિખવાડ્યું. સાથે સાથે નેચરલ-પ્રાકૃતિક રંગોનો ઉપયોગ કેવી રીતે થઇ શકે છે એ પણ બતાવ્યું હતું. આ ટુટી-ફ્રુટીને નાના-નાના પેકેટ્સમાં પેક કરી સહેલાઇથી વેચાણ કરી શકાય છે. આ ટુટી ફ્રુટીનો ઘણી બધી ડીશમાં ઉપયોગ થાય છે જેમ કે કેક્સ, આઇસ્ક્રીમ, કુકીસ, બ્રેડ વગેરે સાથે જ આ બધી ડીશને વધારે દિવસ રાખવા માટે 'Sodium Benzoeat નો ઉપયોગ કેવી રીતે કરવો એની નાની-નાની અને ઉપયોગી અનેક ટીપ્સ વર્કશોપ દરમ્યાન એમને બતાવી. નાના-નાના ઓર્ડર લઇ કેવી રીતે બીઝનેસને આગળ વધારી શકાય તેની માહિતી આપી હતી. ખુશ્બુબેનને 'જામ એન્ડ જેલીસ'ના સંબંધમાં જેટલું નોલેજ હતું તે બધું જ ખુબજ લાગણીથી, ધીરજથી આપવાની પૂર્ણ કોશિષ કરીને પ્રોજેક્ટને સફળ બનાવ્યું. મહાસભાના મંચથી રાષ્ટ્રીય સ્તરનો પ્લેટફોર્મ આપી આવો સુવર્ણ અવસર આપવા માટે ખુશ્બુબેન મહિલા ઉત્કર્ષ સમિતિનો આભાર માની ધન્યવાદ આપે છે. મહિલા ઉત્કર્ષ સમિતિ ખુશ્બુબેન જેવા સર્વક્ષેત્રમાં નિષ્ણાંત, લાગણીશીલ, પ્રેમાળ, સમાજસેવા માટે સદૈવ તત્પર એવા સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્જ્વલ ભવિષ્ય માટે જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના અર્પિત કરે છે.

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# મેરેજ બ્યુરો સમિતિ



અપ્રતિમ મહાસભા સ્થાપનાની સ્વર્ણ જયંતિ ઉજવણી તથા વિરાટ સગપણ સંમેલન ૩-૪-૫ જુન ૨૦૨૨ જાણે સોનાનો સૂરજ ઉગ્યો. આપણી માતૃભૂમિ કચ્છના રૂડા આંગણે કસબગારી, કામણગારી ભોમકામાં અંજારના વિદ્યમાન સમાજવાડીમાં સ્વર્ણ જયંતિ ઉજવણી, વિરાટ સગપણ સંમેલન, પાત્ર પરિચય અને આઇસક્રીમ પાર્ટી... ૪-૫ જુન સમાજવાડીના એરકુલ ડોમમાં આ સત્રનું પહેલું વિરાટ સગપણ સંમેલનનું ભવ્ય આયોજન થયું. એમાં પણ ૫૦૦થી વધુ રજીસ્ટ્રેશન પાત્ર તથા વાલીઓની વિશાળ મેદની...

૪ તારીખે વિરાટ સગપણ સંમેલન પ્રભુ પ્રાર્થના તથા સ્વાગત ગીત સાથે શુભ શરૂઆત થયેલ. મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતી જ્યોતિબેનન રાઠોડ, સલાહકાર અધ્યક્ષ શ્રી દયારામભાઇ ટાંક - દુર્ગ, એન્કર શ્રીમતી યુક્તિબેન ટાંક - રાયપુર, શ્રીમતી મેઘાબેન પરમાર - અમદાવાદ તથા સક્રીય કાર્યકર્તા શ્રી કિરીટભાઇ ચૌહાણ - ધનબાદ તથા શ્રી ભક્તિરામભાઇ રાઠોડ (જાલના) તથા અંજાર અધિવેશન મેરેજ બ્યુરો સમિતિ અધ્યક્ષ શ્રી વિજયભાઇ પઢિઆર તથા એમની સક્રીય કાર્યકર્તા ટીમ ગિરીશભાઇ પરમાર, પ્રતિકભાઇ ટાંક, નિર્મલાબેન ચાવડા, વંદનાબેન જેઠવા, હિતેશભાઇ ચૌહાણ, અનુજભાઇ રાઠોડ, તૃપ્તિબેન રાઠોડ, અવનીબેન જેઠવા, ખુશ્બુબેન ટાંક, ભાવીનીબેન ચૌહાણ, કાજલબેન ટાંક, રીંકલ ચાવડા, તૃપ્તિબેન પરમાર, હંસાબેન ટાંક, સંગીતાબેન રાઠોડ, ચારૂલબેન પરમાર, વર્ષાબેન રાઠોડ, ગીતાબેન ચૌહાણ, ભાવનાબેન પરમાર, જયશ્રીબેન એ. રાઠોડ, ઉષાબેન રાઠોડ, જયશ્રીબેન વી. રાઠોડ, દિપ્તીબેન પઢિઆર, રાજ વાઢેર, રિષભ ચાવડા, સંધ્યા રાઠોડ, ધારા પરમાર અથક પરિશ્રમથી સહુના સહયોગથી પ્રથમ ઓફલાઇન સગપણ સંમેલન સફળતાપૂર્વક વાલીઓના આશીર્વાદ તથા પાત્રોના ઉમંગના ભવિષ્યના સપનાઓ સાથે જીવનસાથીની ખોજ સંપન્ન થઇ. સગપણ સંમેલનનું મુખ્ય આકર્ષણ હતું દિકરાઓ સાથે દિકરીઓએ પણ વાલીઓ સાથે સારી રીતે પરિચય આપ્યા. શ્રીમતી જ્યોતિબેન દ્વારા પાત્રો તથા વાલીઓને પ્રેરણાત્મક સંબોધન તથા થોડું જ્યોતિષીય માર્ગદર્શન, મંગળ, ગોત્ર, ગુણમિલન તથા જ્યોતિષ ઉપાયો પર માર્ગદર્શન આપ્યું. સાથે મહાસભા અધ્યક્ષ આદ. શ્રી યોગેશભાઇ ચાવડા, આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખશ્રી મનોજભાઇ વેગડ, તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન દ્વારા વાલીઓને તથા પાત્રોને તેમના પ્રભાવીશૈલીમાં પ્રેરણાસ્પદ માર્ગદર્શન આપવામાં આવેલ. ઉપપ્રમુખશ્રી સુનિલભાઇ ચાવડા દ્વારા અર્લી-ફાઇવ કેન્ડીડેટ્સને પ્રોત્સાહન પુરસ્કાર રૂપે રૂા. ૧૧૦૦ની સરપ્રાઇઝ ગીફ્ટ આપવામાં આવેલ. સહુ મહાનુભાવોનો મેરેજ બ્યુરો સમિતિ દ્વારા ધન્યવાદ. હંમેશા મુજબ ઘણા વાલીઓએ પાત્રોની અનુપસ્થિતિમાં એમના



સંતાનોનો પરિચય આપેલ.

આ સગપણ સંમેલનનું મુખ્ય આકર્ષણ હતું સ્ટેજ પરનું એલ.ઇ.ડી. સ્ક્રીન. કચ્છના સંપર્ક સારથી બહેનો દ્વારા ઉપસ્થિત પાત્રોના પરિચય પત્ર ટુંકમાં ભરાવવામાં આવતા હતા. એ પ્રમાણે એમના પરિચય અપાયા હતા. જેમ એ સ્ટેજ પર આવે તેમ ટેકનીકલ ટીમના પ્રભારી શ્રી હિતેશભાઇ ચૌહાણ તથા તેમની ટીમ એમનો બાયોડેટા તથા ફોટો સ્ક્રીનમાં ડીસ્પ્લે કરતા હતા. એન્કર બહેનો તથા સ્વયં વિજયભાઇ એમની મધુર શૈલીમાં પાત્રોથી પરિચય લેતા હતા. સાથે વિદેશમાં વસતા પાત્રોના વિડિયો પશ્રિચય પણ સ્કીન પર ડીસ્પ્લે કરેલ હતા. આમ ૨૫૦થી વધુ પાત્રોએ સ્ટેજથી પરિચય આપ્યો. પાંચ તારીખ આઇસ્ક્રીમ પાર્ટી, ગેમ, પાત્રોના સ્વયં પરિચય તથા આભારપ્રદર્શન સાથે પુર્ણ થયેલ. આમ, સ્વર્ણ જયંતિ ઉજવણી, જ્ઞાતિગંગાનો મેળો, મ્યુઝીકલ હાઉઝી, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વિરાટ સગપણ સંમેલન તથા મહાસભાની સભાઓ સાથે સંપન્ન થયેલ. અંજાર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તથા અધિવેશન સમિતિઓને આટલું ભવ્ય આયોજન માટે નમન અને વંદન સાથે ધન્યવાદ...

શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ (જાલના)
પ્રભારી અને ઉપપ્રમુખશ્રી મહાસભા

# સિનીયર સિટીઝન કલબ - ગાંધીધામ






સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામના હોદ્દેદારોની એક મીટીંગ પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમારની અધ્યક્ષતામાં સમાજ ભવનના એ.સી. રૂમમાં તા. ૧૨-૦૬-૨૦૨૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવી હતી. મીટીંગમાં સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી, મંત્રી શ્રી યશવંતભાઇ એ. પરમાર, સહમંત્રી શ્રી જેભાઇ વી. રાઠોડ, ખજાનચી શ્રી નિતીનભાઇ એચ. વેગડ, સહખજાનચી શ્રી લીલાધરભાઇ વી. રાઠોડ, રમત-ગમત મંત્રી શ્રી હરસુખભાઇ એન. ચૌહાણ અને પ્રવાસન મંત્રી શ્રી પ્રવિણભાઇ વી. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ પ્રમુખશ્રી દ્વારા બધાનું શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ પ્રભુ પ્રાર્થના, ગાયત્રી મંત્ર બાદ મીટીંગની શરૂઆત કરવામાં આવી હતી. આગામી વર્ષ દરમ્યાન કરવાના કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં એક યાત્રા પ્રવાસ કચ્છમાં અને બીજો યાત્રા પ્રવાસ દિવાળીની આસપાસ કચ્છની બહાર યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં એક સુચન પ્રમાણે દ્વારકા, પોરબંદર, સોમનાથ, જુનાગઢ, વિરપુર વગેરે સ્થળે જવાનું વિચારવામાં આવેલ અને તે અંગેના બસ-ખર્ચ અને બીજા ખર્ચનો અંદાજ કાઢવાનું શ્રી લીલાધરભાઇ વાલજી રાઠોડ અને શ્રી પ્રવિણભાઇ વેલજી ચૌહાણને કામગીરી સોંપવામાં આવી હતી.

ત્યાર બાદ અંજાર મુકામે આવેલ 'વિસામા'માં રહેતા આપણા સમાજના નિરાધાર વડિલ બહેનોને રાશનકીટ આપવાનું નક્કી કરવામાં આવેલ તેમજ કુકમામાં આવેલ આપણા સમાજના કન્યા છાત્રાલયમાં રહેતી છોકરીઓને નોટબૂકો મફત આપવાનું નક્કી કરવામાં આવેલ. આ સિવાય જીવદયાની પ્રવૃત્તિઓ પણ ચાલુ કરવાની વિચારણા કરવામાં આવી હતી.

ત્યાર બાદ ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પરમરે સોવેનિયર 'વડીલ'ના છાપકામની પ્રગતિનો પૂરો અહેવાલ રજુ કર્યો હતો. જુલાઇ અંત સુધી સોવેનિયર છપાઇ જશે અને




ઓગષ્ટ-સપ્ટેમ્બર મહિનામાં, ક્લબના વાર્ષિક પ્રોગ્રામ વખતે તેનું વિમોચન કરવાનું વિચારવામાં આવેલ. હોદ્દેદારો તરફથી સુચનો મળેલ કે, આપણા ક્લબમાં વધુમાં વધુ સિનીયર સિટીઝન્સ આખા કચ્છમાંથી જોડાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. ગાંધીધામ તબીબી સારવાર અર્થે ગાંધીધામ હોસ્પીટલમાં આવતા બીજા ગામના આપણા જ્ઞાતિજનોને ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. અવાર-નવાર મેડીકલ કેમ્પ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અંતમાં સમાજ ભવનમાં બધા હોદ્દેદારોએ બપોરનું ભોજન સાથે લીધું હતું અને ત્યાર બાદ સહમંત્રીશ્રી જેભાઇ વી. રાઠોડે આભારવિધી કરી હતી અને બધા છુટા પડ્યા હતા.

તા. ૧૪-૦૬-૨૦૨૨, મંગળવારના રોજ સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામના હોદ્દેદારોએ આપણા સમાજના અંજારમાં આવેલ 'વિસામા'ની મુલાકાત લીધી હતી અને ત્યાં રહેતી સાત બહેનોને દરેકને રૂા. ૭૦૦/- ની કિંમતની રાશનકીટનું ફ્રી વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે મહાસભાના વરીષ્ઠ મહામંત્રી અને સેતુ સમાજ સંદેશના માનદ્ તંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, શ્રી શાંતિલાલભાઇ જેઠવા-અંજાર, શ્રી હરિલાલભાઇ વાઢેર-અંજાર, શ્રી વલમજીભાઇ વાઘેલા-આદીપુર સાથે ઉપસ્થિત રહ્યા હતા.


डबल पेंशन योजना
मासिक बचत के दुगना प्राप्त करें मासिक पेंशन के रूप में
विकल्प - 1
बचत
₹ 5,000/- महीना
और पाइये
₹10,000/- महीना
विकल्प - 2
बचत
₹10,000/- महीना
और पाइये
₹20,000/- महीना
विकल्प - 3
बचत
₹20,000/- महीना
और पाइये
₹40,000/- महीना
भारत सरकार की ओर से सभी कर्मचारियों को पेंशन मिले इसलिए सरकारी योजना, कुछ ही कालावधी के लिए उपलब्ध, आप इसका लाभ जरूर ले
आपके बजेट के अनुसार योजना दी जा रही है, हमें संपर्क करें
*T&C APPLY
मेरे जीवन साथी
Combination of LIC Plans
पति और पत्नी दोनों के लिए लाभ
निवेश करें रोज
₹100
और पाएं
✓ प्रत्येक को ₹ 8 लाख का जोखिम कवर
✓ प्रत्येक को ₹ 16 लाख का दुर्घटना कवर
✓ विकलांगता लाभ उपलब्ध
परिपक्वता ₹20 लाख
कौन आपको सबसे अच्छी सलाह देता है?
कानूनी समस्याओं के बारे में
स्वास्थ्य समस्याओं के बारे में
हर क्षेत्र का अपना विशेषज्ञ होता है।
टैक्स की समस्याओं के बारे में
तो फिर क्यों निवेश पर सलाह के लिए दोस्तों/सहयोगियों/रिश्तेदारों से क्यों पूछना ! आज ही संपर्क करें...
-: વધુ માહિતિ માટે સંપર્ક કરો :-
Mitesh Jitendrabhai Khodiyar
ENTERPRENEUR OF LIC & GENERAL INSURANCE
Plot No. 104/1, Chitrakut Society, Anjar - Kutch 370110
MDRT
U.S.A.
MEMBER DIVISIONAL MANAGER'S CLUB
Website :- www.insurancebimapolicy.com
E-mail :- mitesh.khodiar@gmail.com
94298 15099




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

સમાજબાંધવોના આગ્રહ અને
મહાસભા પ્રમુખશ્રીના ત્વરિત નિર્ણય સાથે...
આપણા બાંધવો માટે આપણી મહાસભા
**પુનઃ સેવારત..**

# ઘરે ઘરે ભાગવતજી

## જય કનૈયાલાલ કી
## હાથી ઘોડા પાલકી

- પ્રેરણાશ્રોત -



**યોગેશ મગનભાઈ ચાવડા** નાગપુર
પ્રમુખશ્રી - મહાસભા

- આયોજન પ્રભારીશ્રી -



**ભરત હીરજીભાઈ ચાવડા** રાયપુર
મોબા. : 98271 56979



**નારાયણ પૂજાભાઈ રાઠોડ** દુર્ગ
મોબા. : 98271 77118

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
# મહાસભા

આયોજીત





## શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ - દ્વિતીય

વિશ્વ વ્યાપી

## ઑન લાઈન આયોજન

**નિઃશુલ્ક**

આયોજન ભૂમિ **દુર્ગ** (છગ) થી લાઇવ

**- શ્રી કથા પ્રારંભ -**
ભાદરવા વદ-8
રવિવાર, તા. 18.09.2022

**- શ્રી કથા વિજય -**
ભાદરવા વદ-14
શનિવાર, તા. 24.09.2022

**શ્રી નારાયણ યજ્ઞ (પુર્ણાહુતિ હવન)**
**દુર્ગ સમાજ ભવન**
રવિવાર, તા. 25.09.2022

**સહયોગી માર્ગદર્શકશ્રીઓ -**

સમાજ રત્ન

- શ્રી વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી — માધાપર
- શ્રી ભરતભાઇ કાંતીલાલ સાવરીયા — રાયપુર
- શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર — રાજનાંદગાંવ
- શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા — અંજાર
- શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા — અંજાર
- શ્રી અંબાલાલભાઇ વીરજીભાઇ ચૌહાણ — બિલાસપુર
- શ્રી વિનોદભાઇ મોહનભાઇ ખોડિયાર — અંજાર
- શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢીયાર — અંજાર
- શ્રી રસિકભાઇ વિશ્રામભાઇ પરમાર — રાયપુર
- શ્રીમતી વેલૂબેન નારાયણભાઇ ચાવડા — રાયપુર

અંજાર મધ્યે આયોજીત
વિગત કથાયે લાભથી વંચિત રહી ગયેલ પરિવારો માટે
**પિતૃ ઋણ** ચુકવવાનો અનેરો અવસર...

**એટલે મહાસભા આયોજીત ભાગવતજી...**



## શ્રી ભાગવતાચાર્ય
## મહારાજશ્રી તેજશભાઈ પંડ્યા
## (અંજાર, કચ્છ) ના શ્રીમુખે



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાના મંચથી



પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



# સરકારી યોજના માર્ગદર્શન સમિતિ મહાસભા

## મેડીકલ સહાય માટે ભારત સરકારનું આયુષ્યમાન કાર્ડ કઢાવવા વિશેષ અનુરોધ



આપણી મહાસભા દ્વારા અમોને સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સહાય/યોજનાઓ અન્વયે સમાજમાં જરૂરતમંદ લોકોને લાભો અપાવવા તથા માહિતિ આપવા માટે પ્રભારી તરીકે **શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ–માધાપર**ને પ્રભારી તરીકે તથા **ડૉ. નરેન્દ્રભાઇ ચૌહાણ – ઉદયપુર**ને સહપ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવેલ છે. જે અન્વયે સમાજનાં લોકોને જરૂરી લાભો અપાવવા, નોકરી અન્વયે જરૂરી વિગતો પુરી પાડવા, યોજનાઓ તથા અન્ય માહિતિ વોટ્સએપ ગ્રુપના માધ્યમથી તથા ફોન દ્વારા આપવામાં આવે છે.

**ભારત સરકારશ્રી દ્વારા આયુષ્યમાન કાર્ડ** મારફત મેડીકલ સારવાર વિનામુલ્યે આપવાની યોજના છે જે અંતર્ગત તાજેતરમાં અંજાર મધ્યે અધિવેશન મળેલ તેમાં મીટીંગમાં આપવાનાં અહેવાલ સાથે આયુષ્યમાન કાર્ડ યોજના વિશે પણ વિસ્તૃત માહિતિ આપવામાં આવતાં મહાસભાના પ્રમુખશ્રીએ જણાવેલ કે આ જરૂરી માહિતિ 'સેતુ સમાજ સંદેશ'ના આવતાં અંકમાં પ્રકાશીત કરવા સુચના આપેલ. આયુષ્યમાન કાર્ડ મેળવવા માટે (૧) વાર્ષિક કુટુમ્બ દીઠ ૪ લાખથી ઓછી આવક હોય (૨) વાર્ષિક કુટુમ્બ દીઠ ૬ લાખથી ઓછી આવક હોય તો સીનીયર સીટીઝનને લાભ મળી શકે. (૩) રાજ્ય સરકારનાં વર્ગ–૩ અને ૪ના સીધી ભરતીનાં ફિક્સ પગારનાં કર્મચારીઓ. ઉપરોક્ત આધારમાં આવકજો દાખલો તલાટીશ્રી પાસેથી મેળવવાનો થાય છે તથા આધારકાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ સાથે જીલ્લા પંચાયતનાં આરોગ્ય વિભાગ દ્વારા ચલાવાતી ઓનલાઇન યોજના હેઠળ અથવા ઘટકમાં વધારે કાર્ડ મેળવવાનાં થતાં હોય તો કેમ્પનું આયોજન કરીને પણ કાર્ડ મેળવી શકાય. માધાપર ઘટક તથા ગાંધીધામ ઘટકો દ્વારા કેમ્પનું આયોજન કરીને કાર્ડ બનાવેલ છે.




આયુષ્યમાન કાર્ડ ધારણકર્તાને કુટુમ્બ દીઠ વાર્ષિક રૂા. પાંચ લાખ સુધીની વિના મુલ્યે આરોગ્ય કવચ મળી શકે છે. જેની પાસે 'મા' કાર્ડ હોય તે પણ તેના આધારે આયુષ્યમાન કાર્ડ મેળવી શકે છે. મા કાર્ડ દર ત્રણ વર્ષે રીન્યુ કરાવવાનું થાય છે. કુટુમ્બમાં પ્રથમ મુખ્ય વ્યક્તિનું ત્યાર બાદ કુટુમ્બના સભ્યોનાં કાર્ડ બની શકે છે.

**બાબુલાલ શામજીભાઇ ચૌહાણ – માધાપર**
**પ્રભારીશ્રી, સરકારી યોજના માર્ગદર્શ સમિતિ**
**મો. ૯૮૭૯૨૨૬૬૧૮**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



## દ્વિતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ

### સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર

(પૂર્વ માનદ્ તંત્રીશ્રી, સેતુ સમાજ સંદેશ)

સ્વ. તા. ૨૯/૦૭/૨૦૨૦, અંજાર (કચ્છ)

'સેતુ સમાજ સંદેશ'ના પાલક પિતા એવા આપશ્રીની વિદાયને બે વર્ષ પુર્ણ થયા, આપના તંત્રીપદે મુખપત્ર સેતુ સમાજ સંદેશ ખૂબજ પ્રગતિ કરતું રહ્યું ... આપના પરોક્ષ આશીર્વાદ સદા અમોને મળતા રહેશે. આપની સમાજ પ્રત્યે અપાર લાગણી અને હુંફ, અમારા સૌ માટે સદાય સંભારણું રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

**શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (નાગપુર) – પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

| | | |
|---|---|---|
| શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | (માધાપર) | 'સમાજરત્નશ્રી' |
| શ્રી ભરતભાઈ કાંતિલાલભાઈ સાવરીયા | (રાયપુર) | 'સમાજ સંરક્ષકશ્રી' |
| શ્રી કાંતિલાલભાઈ જીવરામભાઈ જેઠવા | (અંજાર) | પૂર્વ પ્રમુખશ્રી |
| શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર | (રાઉરકેલા) | પૂર્વ પ્રમુખશ્રી |
| શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર | (બાલાઘાટ) | પૂર્વ પ્રમુખશ્રી |
| શ્રી કુંવરજીભાઈ રણછોડભાઈ ટાંક | (નાગલપર) | પૂર્વ પ્રમુખશ્રી |
| શ્રી પ્રફુલ્લભાઈ કેશવજીભાઈ પરમાર | (રાજનાંદગાંવ) | સલાહ. અધ્યક્ષશ્રી |
| શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા | (અંજાર) | વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી |
| શ્રી સુનિલભાઈ વિશ્રામભા ચાવડા | (હૈદ્રાબાદ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | (માધાપર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ | (ગાંધીધામ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી દિનેશભાઈ ચીમનલાલભાઈ ચાવડા | (પુના) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી લાધુરામભાઈ જીવરામભાઈ રાઠોડ | (ખંભરા) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા | (અંજાર) | ઉપપ્રમુખશ્રી |
| બ્ર.કુ. બાબુભાઈ અરજણભાઈ પરમાર | (માધાપર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ | (બિલાસપુર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ | (ભુજ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ | (રાયપુર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી વિજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | (અંજાર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી નિખિલભાઈ ધનજીભાઈ ચૌહાણ | (નાગપુર) | ઉપપ્રમુખશ્રી |
| શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠોડ | (જાલના) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી દિપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ | (અમદાવાદ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી સુરેશભાઈ નરોત્તમભાઈ ચાવડા | (ભિલાઈ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી નારણભાઈ પુંજાભાઈ રાઠોડ | (દુર્ગ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ | (રાજકોટ) | ઉપપ્રમુખશ્રી |
| શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી | (ભુજ) | પ્રમુખશ્રી મહિલા મહામંડળ |
| શ્રી તૃષારભાઈ મોહનભાઈ ચૌહાણ | (વડોદરા) | પ્રમુખશ્રી યુવા મહામંડળ |
| શ્રી રસીકભાઈ વિશ્રામભાઈ પરમાર | (રાયપુર) | માનદ્સભ્યશ્રી |
| શ્રી વિમલભાઈ નારાયણભાઈ ચાવડા | (રાયપુર) | માનદ્સભ્યશ્રી |
| શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઈ ટાંક | (અંજાર) | માનદ્સભ્યશ્રી |
| શ્રી રાજેનભાઈ અમૃતલાલભાઈ રાઠોડ | (વાપી) | માનદ્સભ્યશ્રી |
| શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા | (મુન્દ્રા) | માનદ્સભ્યશ્રી |
| શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર | અંજાર | વરીષ્ઠ મહામંત્રી |
| શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર | અંજાર | મહામંત્રી |
| શ્રી અજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | અંજાર | મંત્રી |
| શ્રી સુરેશભાઈ રતિલાલભાઈ ચૌહાણ | કોરબા | મંત્રી |
| શ્રી ભગવાનજીભાઈ માધવજીભાઈ રાઠોડ | નાગલપર | મંત્રી |
| શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ | | નાસીકરોડમંત્રી |
| શ્રી ચીમનલાલ હરિલાલભાઈ રાઠોડ | રાજનાંદગાંવ | મંત્રી |
| શ્રી ગૌરવભાઈ હરિલાલભાઈ ચાવડા | રાયપુર | મંત્રી |
| શ્રી કિશોરભાઈ ભગવાનલાલભાઈ ટાંક | રાઉરકેલા | મંત્રી |
| શ્રી સુરેશભાઈ અનિલભાઈ ટાંક | અંજાર | સહમંત્રી |
| શ્રી વિનોદભાઈ વાલજીભાઈ પરમાર | હૈદ્રાબાદ | સહમંત્રી |
| શ્રી રમણીકભાઈ હિરજીભાઈ ચૌહાણ | નાગપુર | સહમંત્રી |
| શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ | રાયપુર | કોષાધ્યક્ષ |
| શ્રી ભરતભાઈ હિરજીભાઈ ચાવડા | રાયપુર | કાર્યાલય મંત્રી |

:: સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ ::

વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર – માનદ્ તંત્રી
હિતેશ ભોગીલાલ ચૌહાણ – અધ્યક્ષ
વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર – માનદ્ સંચાલક
વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ – પોસ્ટ એવં પ્રિન્ટીંગ
અજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર – લવાજમ-વિજ્ઞાપન
વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા – સભ્ય
વિજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર – સભ્ય
પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક – સભ્ય
ગિરીશભાઈ મહેશભાઈ પરમાર – સભ્ય

**સમસ્ત મહાસભા, યુવા મહામંડળ, મહિલા મહામંડળ, પ્રાદેશિક સમિતિઓ, સર્વે ઘટકો, યુવા મંડળો, મહિલ મંડળોના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, વિવિધ સંસ્થાના સભ્યશ્રીઓ તથા સમસ્ત સમાજબંધુઓના જયશ્રી કૃષ્ણ**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા આયોજીત

## દશેરા (વિજયાદશમી) સમુહ લગ્નોત્સવ-૨૦૨૨

આથી સમાજના તમામ ઘટકોના સમાજબાંધવોને ખુશી સાથે જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા દર વર્ષની જેમ **આગામી દશેરા (આસો સુદ-૧૦ વિજયાદશમી)ને તા. ૦૫-૧૦-૨૦૨૨, બુધવારના દિવસે ૧૨મા સમુહ લગ્નોત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી છે. આ સમુહ લગ્નોત્સવમાં ભાગ લેનાર તમામ **કન્યા પક્ષનું શુલ્ક દાતા આદરણીય 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર – માધાપર** દ્વારા આપવામાં આવશે.



**:: દાતાશ્રી પરિવાર ::**
**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
પ્રમુખશ્રી, માધાપર ઘટક
(તમામ કન્યાના શુલ્કના દાતાશ્રી)
મો. ૯૯૨૫૨૨૯૦૭૯



**:: નામ નોંધણી માટે સંપર્ક ::**
**શ્રી મહેન્દ્રભાઈ વલમજીભાઈ વરૂ**
અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સમિતિ
માધાપર (કચ્છ)
મો. ૯૪૨૮૮૧૮૯૨૫

---

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા એવં કચ્છ પ્રાદેશિક સમિતિ પ્રેરિત
### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા આયોજીત

## અખિલ ભારતીય સ્તરનું એક દિવસીય છઠ્ઠું વિરાટ સગપણ સંમેલન-૨૦૨૨



**સગપણ સંમેલન-૨૦૨૨ના મુખ્ય પ્રાયોજકશ્રી**
**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
પ્રમુખશ્રી, માધાપર ઘટક

**તા. ૦૬-૧૦-૨૦૨૨, ગુરૂવાર**
**સ્થળ : માધાપર (કચ્છ)**

સ્નેહીશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના તમામ ઘટકના સમાજબંધુઓ માટે

માધાપર ઘટક દ્વારા આયોજીત **વિરાટ સગપણ સંમેલન-૨૦૨૨**નું નવરાત્રીના પાવન પ્રસંગે માદરે વતન પધારતા જ્ઞાતિજનો લાભ લઈ શકે તે માટે **તા. ૦૬-૧૦-૨૦૨૨, ગુરૂવાર**ના આયોજીન કરવામાં આવેલ છે. સગપણ સંમેલન માટેના **પ્રવેશ ફોર્મ** દરેક ઘટકના કાર્યાલયમાંથી મેળવી શકાશે અથવા સગપણ સંમેલનના અધ્યક્ષ **શ્રી ચેતનભાઈ ચમનલાલ ચૌહાણ** તથા **શ્રીમતી તારાબેન રમેશભાઈ ટાંક** તેમજ ઓનલાઈન ફોર્મ મેળવવા માટે **શ્રી હિરેન હરિલાલ ચૌહાણ** (ક.પ્રા.યુવા મંડળ પ્રમુખશ્રી) **મો. ૯૮૭૯૨૩૭૯૭૭**થી ઓનલાઈન લીંકમાં ફોર્મ ભરી તા. ૧૫-૦૯-૨૦૨૨ સુધી માધાપર ઘટકને પહોંચતું કરવાનું રહેશે.

*Online Link :* https://docs.google.com/forms/d/e/1FAIpQLSdgOt7pGc7EHLtxIByWZsMLOii1328RaagpE1IZE-b7OCQIvg/viewform?usp=sf_link

**સગપણ સંમેલન સમિતિ :-**
**શ્રી ચેતનભાઈ ચમનલાલ ચૌહાણ – મો.૯૮૨૫૮૯૦૯૯૪**
**શ્રીમતી તારાબેન રમેશભાઈ ટાંક – મો. ૯૯૧૩૫૮૨૪૧૨**
**શ્રી કાંતિલાલ વિશ્રામભાઈ સોલંકી – મો. ૯૪૨૬૩૧૩૯૩૫**

**વિનિત**
**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**પ્રમુખશ્રી માધાપર ઘટક (મો. ૯૯૨૫૭૩૩૮૪૬)**

# હાર્દિક અભિનંદન



શ્રી ચામુંડા માતાજીની અસીમ કૃપા અને સમસ્ત ચાવડા પરિવારના આશીર્વાદથી દેશમાં ગામ ચંદિયા, હા.મુ. રાયપુર, છ.ગ. નિવાસી **શ્રી પરેશભાઈ રમેશભાઇ ચાવડાની** સુપુત્રી અને સુપુત્ર કુ. **શિખા,** ચિ. **શિખર** એ બેંગ્લોરમાં **MNC** માં **Software Engineer** તરીકે લાગેલી જૉબ મુકી પોતાની કંપની **Vsyst Technologies Pvt. Ltd.** ની સ્થાપના કરી છે. ભારત સરકારના **DPIIT** પ્રોગ્રામ હેઠળ તેમની કંપનીને **Startup Company** તરીકે **Recognition** મળેલ છે.

બન્ને એ **Mobile App Dzzlo-OMS** નું સૃજન કરી પોતાના સંસ્થાન M/s Mahakoshal Fuels (IOC Dealer) ને **Digitalise** કરેલ છે, અને સમસ્ત ભારતમાં પહેલું Digital Petrol Pump હોવાનો ગૌરવ આપાવ્યો છે.

પ્રત્યેક પેટ્રોલ પંપ ડીલર તેમજ તેમના કસ્ટમર બન્ને આ **Mobile** ના મારફત **Online Transactions** કરી શકશે.

– આશીર્વાદક –

**સ્વ. રમેશભાઇ ચાવડા** (દાદા)

**સ્વ. લવજીભાઇ પરમાર** (નાના)

પરિવાર રાયપુર (છ.ગ.)

**Shikha Chawra**



**Shikhar Chawra**

www.vsyst.in | info@vsyst.in | pareshchawra@gmail.com | 94252 08228

॥ આઇશ્રી પિઠડ માં ॥

# હાર્દિક શુભેચ્છા







આઇ શ્રી પીઠડ માતાજીની અસીમ કૃપાથી
મુળ ગામ હાજાપર, હાલ મુકામ નાગપુર (મહારાષ્ટ્ર)
અ.સૌ. ઉષાબેન તથા
શ્રી ઉમેશભાઇ દામજીભાઇ પરમારના સુપુત્ર

**ચિ. કેતન**

ના શુભ લગ્ન

**ચિ. સલોની**

મુળ ગામ દેવળીયા, હાલ મુકામ નાસિક (મહારાષ્ટ્ર)
અ.સૌ. હિનાબેન તથા
શ્રી ચેતનભાઇ ચુનીલાલભાઇ ચાવડાની
સુપુત્રી સાથે તા. ૨૭-૦૫-૨૦૨૨,
શુક્રવારના શુભ દિવસે
માઁ ઉમિયાધામ મંદિર, નાગપુર મુકામે સંપન્ન થયેલ છે.

ગૃહસ્થ જીવનમાં પગલાં પાડતા નવયુગલને
ઉજ્વળ ભવિષ્યની હાર્દિક શુભેચ્છાઓ.

**સમસ્ત પરમાર પરિવાર તથા ચાવડા પરિવાર તરફથી**
**નવદંપતિને ખૂબ ખૂબ અભિનંદન સહ આશિર્વાદ ....**







અંજાર નિવાસી અ.સૌ. રીમાબેન તથા શ્રી આશિષભાઇ
પુરૂષોત્તમભાઇ ચાવડાની સુપુત્રી

**ચિ. અક્ષિતા** ના શુભ લગ્ન **ચિ. ધવલ**

બાલાઘાટ (મ.પ્ર.) (નાગલપર) નિવાસી અ.સૌ. રીતાબેન
તથા શ્રી ચિતરંજનભાઇ મોહનભાઇ વેગડના સુપુત્ર
સાથે તા. ૧૭–૦૨–૨૦૨૨ના શુભ દિને હોટલ મેરિઓટ,
ઇન્દોર (મ.પ્ર.) મધ્યે સંપન્ન થયેલ છે.

નવદપંતિને હાર્દિક શુભેચ્છા સહ શુભાશિષ...



શુભેચ્છક :–
ગં.સ્વ. સાવિત્રીબેન તથા સ્વ. પુરૂષોત્તમભાઇ શિવજીભાઇ ચાવડા
અ.સૌ. રીમાબેન તથા શ્રી આશિષભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા
નિત્યા, મહેક, હિતાંશ
અ.સૌ. જ્યોતિબેન તથા શ્રી રાજારામભાઇ રણછોડભાઇ ટાંક
(આબુરોડ) તથા સમસ્ત પરિવાર
અ.સૌ. રીતાબેન તથા શ્રી ચિતરંજનભાઇ મોહનભાઇ વેગડ
અ.સૌ. ક્રિષ્નાબેન તથા શ્રી રોનકકુમાર રાઠોડ
સમસ્ત ચાવડા એવં વેગડ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા

વ્યવસાયિક પ્રતિષ્ઠાન : **ચાવડા ટ્રેડીંગ કું. ● ગાયત્રી સો મીલ**
અંજાર (કચ્છ–ગુજરાત) Mo. 9825296181

# ॥ સફળ લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠની હાર્દિક શુભકામના ॥



**અ.સૌ. ઉષાબેન તથા શ્રી હરિલાલ ભવાનજી ચૌહાણ**
શુભ વિવાહ : ૨૮-૦૫-૧૯૭૨



**અ.સૌ. હંસાબેન તથા શ્રી વૃજલાલ ભવાનજી ચૌહાણ**
શુભ વિવાહ : ૨૭-૦૫-૧૯૭૨

ઇશ્વરના આશીર્વાદ અને કુટુમ્બ પરિવારના ખૂબજ સ્નેહથી
સુખદ દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ ક્યારે વિતી ગયા ખબર ના પડી...
ઇશ્વરની કૃપાથી દર વર્ષે આવે તમારી વિવાહ વર્ષગાંઠ...
ફુલ સાથે ખુશ્બુની જેમ સદા બનેલો રહે તમારો સાથ
જેમ ઠંડી રાતને સુંદર બનાવી દે છે પૂનમનો ચાંદ,
એમ અમારા જીવનને સુંદર બનાવી દે છે તમારા આશીર્વાદ...

**:: દિવ્ય આશિષ ::**

**સ્વ. ભવાનજીભાઇ રામજીભાઇ ચૌહાણ – પિતા**   **સ્વ. લક્ષ્મીબેન ભવાનજીભાઇ ચૌહાણ – માતા**

**:: શુભેચ્છકશ્રીઓ ::**

**શ્રી જય હરિલાલ ચૌહાણ** — **શ્રી સુનિલ વૃજલાલ ચૌહાણ**
**સૌ. નીધી જય ચૌહાણ** — **સૌ. ભાવિકા સુનિલ ચૌહાણ**
**શ્રી વિરલ હરિલાલ ચૌહાણ** — **શ્રી દુર્ગેશ વૃજલાલ ચૌહાણ**
**સૌ. અપુર્વા વિરલ ચૌહાણ** — **સૌ. રાધા દુર્ગેશ ચૌહાણ**

જોડી છે સુંદર તમારી જેમ વાર્તામાં આવે પરી, દાદા અને દાદી તમને હેપ્પી ૫૦મી એનીવર્સરી
**કુશલ સુનિલ ચૌહાણ, તીર્થ જય ચૌહાણ, શ્લોક દુર્ગેશ ચૌહાણ, રીદ્ધી, હિતી, તુશી, જીશા**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## રાયપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર ઘટકની સામાન્ય સભા, રવિવાર, તા. ૫ જૂનના આયોજીત હતી. જેમનો મુખ્ય એજન્ડા આવતા સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટે નવા પ્રમુખશ્રીની વરણીનો હતો.

સમાજના ઇતિહાસની પ્રથમ સામાન્ય સભા હતી જેમાં લગભગ એક હજારથી પણ વધુ સમાજબાંધવોએ ઉપસ્થિત દર્જ કરાવેલ હતી. ઘટકને ગતિમાન કરવા, સેવા કાર્યોને વધુ વેગ આપવા, મહાસભા સ્તરે રાયપુર ઘટકના માન, વૈભવ અને સન્માનને હજુ વધારવા, ઉત્કર્ષ અને સદ્‌ભાવના સાથે સમાજની સાંસ્કૃતિક, સામાજીક, સેવા ગતિવિધિઓને વેગ આપવા જેવા મૂળભૂત ઉદ્દેશોને લઇ લગભગ ૭૦૦થી વધુ સમાજબંધુઓએ મતદાન કરી નવા પ્રમુખશ્રી માટે શ્રી ભરત હીરજીભાઇ ચાવડા ઉપર વિશ્વાસની મહોર લગાવી.

ચૂંટણી અધિકારી શ્રી કમલેશભાઇ ટાંક દ્વારા નવા પ્રમુખશ્રીની ઘોષણા થતાં વિજયશ્રીના બાદ પોતાના ઉદ્‌બોધનમાં નવા પ્રમુખશ્રીએ સમાજના સેવા, ઉત્કર્ષ અને પ્રશાસનિક કાર્યોને ચૂસ્તપણે સંચાલન કરવાની પ્રતિબદ્ધતા દોહરાવતા જણાવ્યું કે સર્વપ્રથમ સમાજને સરકારી માન્યતા માટે રજીસ્ટ્રેશનનું કાર્ય કરતા લોકશાહી બંધારણ માટેનું કાર્ય



શીઘ્રતાશીઘ્ર કરી આર્થિક સ્થિતિ ઉપર શ્વેતપત્ર સમાજ સમક્ષ રજુઆત કરવાની વાતથી અવગત કરાવેલ અને હૃદયના ધબકારાની જેમ સમાજની વિધ ગતિવિધિઓનું નિરંતર સંચાલન મહિલા મંડળ, યુવા મહિલા મંડળ અને યુવા મંડળ સાથે મળી સંચાલિત થશે. યુવા મંડળના નવા પ્રમુખશ્રીની નિયુક્તિ કરી પુનઃ સ્થાપના કરવાની ઘોષણા પણ નવા પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવેલ હતી.

## અંગુલ ઘટક

તા. ૧૫-૦૬-૨૦૨૨ બુધવારના રોજ સાંજે સાત કલાકે





અંગુલ ઘટક મધ્યે ઓરિસ્સાના માનનીય કેબીનેટ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ઠોલકિયા મુલાકાતે પધાર્યા હતા. તેમનું ભવ્ય સ્વાગત અંગુલ અગ્રસેન ભવનમાં રાખેલ હતું. અંગુલ ઘટક

સભ્યો સાથે તેમને મુલાકાત લીધી હતી. અંગુલ ઘટકના પ્રમુખ શ્રી દિલીભાઇ ટાંકે તેમને શાલ ઓઢાળી સન્માન કરેલ હતું. યુવા મંડળ મંત્રી શ્રી ગોપાલભાઇ મારૂએ પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કરી અંગુલ ઘટક મધ્યે પધારવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીની આ ઔપચારિક મુલાકાતમાં સમાજના સર્વે સમાજબંધુઓએ સમય આપી સહર્ષ ભાગ લીધો હતો. સમાજની ઉન્નતી તે જ દેશની ઉન્નતી છે તેવા વિચારો સાથે કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો હતો.

## માધાપર ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા સંચાલિત શિવ મંદિર પુન:નિર્માણને વૈશાખ વદ ત્રીજનાન નવ વર્ષ પુરા થતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ માધાપર ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના માર્ગદર્શન હેઠળ શિવ મંદિર પાટોત્સવની ઉજવણી કરવામાં





આવી હતી. કોરોના બાદ આ વર્ષે લોકોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે સમાજગોર શ્રી પરેશભાઇ શાંતિલાલ ત્રિવેદીએ મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ઇન્દિરાબેન મનોજભાઇ સોલંકી પરિવારને શાસ્ત્રોક્ત વિધીથી વહેલી સવારે શિવ પૂજા અને શિવ અભિષેક કરાવેલ તથા ભક્તજનોએ શિવ મહિમા પાઠ અને સુંદરકાંડ પાઠ કરેલ જેના કારણે મંદિરનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

બપોરે શિવ મંદિર પાટોત્સવના દાતાશ્રી મનોજભાઇ પી. સોલંકી પરિવારનું મોમેન્ટ, સાલ તેમજ પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવેલ હતું અને ઠાકર મંદિરમાં સોલાર સિસ્ટમ માટે રૂા. ૧,૫૧,૦૦૦ દાન આપનાર શ્રીમતી મંજુલાબેન ધીરજભાઇ ટાંક પરિવાર તથા બારલા મંદિર પાર્ટી પ્લોટ માટે રૂા. ૧,૫૦,૦૦૦ દાન આપનાર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, રૂા. ૧,૫૦,૦૦૦ સ્વ. પુરૂષોત્તમભાઇ ડાયાભાઇ સોલંકી તેમજ રૂા. ૧,૫૦,૦૦૦ ગં.સ્વ. સ્વ. મંજુલાબેન હરિલાલભાઇ ગોહિલ પરિવારનું સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ શોભાયાત્રા અને ભગવાનની આરતી અને ભોગ પ્રસાદ ચઢાવવામાં આવેલ હતો અને સમાજના લોકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. શિવ મંદિર પાટોત્સવ અને મહાપ્રસાદનો તમામ ખર્ચ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવારે આપેલ હતો.

પાટોત્સવમાં મહિલા મંડળ, યુવા મંડળ અને ઘટકના હોદ્દેદારો અને સભ્યો તેમજ પૂજારી અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ઘટકના મંત્રી શ્રી ગિરીશભાઇ એમ. ચૌહાણે અને આભારવિધી યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે કરી હતી.


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

## બિલાસપુર ઘટક



આમંત્રિત સભ્યશ્રીઓ, મહાસભા, અખિલ ભારતીય મહિલા મહામંડળ, અખિલ ભારતીય યુવા મહામંડળ, છત્તીસગઢ પ્રાદેશિકમાં વસતા સર્વે હોદ્દેદારો, છત્તીસગઢ પ્રાદેશિકના સર્વે

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની બેઠક તા. ૧૫-૫-૨૦૨૨ના બિલાસપુર મધ્યે રાખવામાં આવી હતી. મુખ્ય અતિથિ મહાસભાના સલાહકાર સમાજ સંરક્ષક શ્રી ભરતભાઇ કાંતિલાલભાઇ સાવરીયા, વિશિષ્ટ અતિથિ મહાસભા સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર, મહાસભા સલાહકાર શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ વિશ્રામભાઇ પરમાર, બિલાસપુર ઘટક પ્રમુખ આદ. શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ તથા અન્ય પદાધિકારીઓની સાથે આ સભામાં પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ તથા પ્રા. સમિતિના સર્વે હોદ્દેદારો, કાર્યવાહક સભ્યો, વિશેષ ઘટકો, મહિલા મંડળ અને યુવા મંડળના પ્રમુખશ્રીઓ અને મંત્રીશ્રીઓ અને મહાસભા હેતુ ઘટક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ, છત્તીસગઢ મહિલા પ્રાદેશિક અને છત્તીસગઢ યુવા પ્રાદેશિકની આ સંયુક્ત સભામાં સર્વે ઘટકોના અહેવાલ વાંચન, ઘટક દ્વારા વિશેષ કાર્ય કરેલું હોય તેની જાણકારી સભામાં આપવામાં આવી હતી. બિલાસપુર ઘટકની બાલીકાઓ દ્વારા ગણેશવંદના તથા સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલા મંડળ દ્વારા સ્વાગત ગીત તથા પ્રભુ પ્રાર્થના કરવામાં આવી હતી. ઘટક તરફથી સર્વે આમંત્રીત સભ્યોને સવારનો નાસ્તો અને સ્નેહભોજ કરાવવામાં આવ્યું. અંતમાં આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગાન કરી વિદાય લીધી.

## રાઉરકેલા ઘટક

વિશનજીભાઇ પરમાર, ઘટક સલાહકાર સભ્ય શ્રી સુરેશભાઇ ભીમજીભાઇ ચાવડા, ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ



ગત તા. ૧૫-૦૫-૨૦૨૨, રવિવારના રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમારની અધ્યક્ષતામાં સ્થાનીય સમાજ ભવનમાં એક સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાઉરકેલા ઘટકના સ્થાપક, પાયાના સ્તંભ વડિલ આદ. સ્વ. રસીકલાલભાઇ પોપટલાલભાઇ રાઠોડ (અવસાન તા. ૨૯-૦૪-૨૦૨૧)ના ફોટાનું અનાવરણ કરવામાં આવેલ હતું. આ સભામાં મહાસભા તથા રાઉરકેલા ઘટકના માજી પ્રમુખ તેમજ વર્તમાન ઘટક સલાહકાર સભ્ય આદ. શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર, મહાસભા વિભાગીય પ્રમુખ તેમજ રાઉરકેલા ઘટક ઉપપ્રમુખ રી નીતીનભાઇ માધવજીભાઇ વરૂ, ઘટક મંત્રી શ્રી ક્રિષ્ના રસીકલાલ રાઠોડ, કારોબારી સભ્ય શ્રી હરીશભાઇ મોહનલાલ રાઠોડ, શ્રી હરીશભાઇ ભગવાનલાલ ટાંક, શ્રી વિજયભાઇ જીવરામભાઇ ચાવડા, શ્રી રમાકાંતભભાઇ હરીલાલભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, મંત્રી શ્રીમતી અનિતાબેન હરીશભાઇ ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઇ ભરતભાઇ રાઠોડ, શ્રી



દિલેરભાઇ કિશોરભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. મહાસભા તથા રાઉરકેલા ઘટકના માજી પ્રમુખ તેમજ વર્તમાન ઘટક સલાહકાર સભ્ય આદ. શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર તથા સ્વ. રસીકલાલભાઇ પોપટલાલભાઇ રાઠોડના સુપુત્ર ક્રિષ્ના રસીકલાલભાઇ રાઠોડના શુભ હસ્તે ફોટાનું અનાવરણ કરવામાં આવેલ હતું. મહાસભા માજી પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર દ્વારા સ્વ. રસીકલાલભાઇ પોપટલાલભાઇ રાઠોડને શ્રદ્ધાંજલી આપતા સભાને ઉદ્‌બોધન કરેલ હતું. ત્યાર બાદ રાઉરકેલા ઘટક મંત્રી શ્રી ક્રિષ્ના રસીકલાલભાઇ રાઠોડ જેઓ રાઉરકેલાથી રાયપુર રહેવા જઇ રહ્યા છે તેઓએ પોતાનું રાજીનામું ઘટક સલાહકાર તથા ઘટક પ્રમુખશ્રીને આપેલ હતું. ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમાર દ્વારા રાઉરકેલા મહિલા મંડળના નવા પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારનું સ્વાગત કરેલ હતું. મહિલા મંડળ દ્વારા તા. ૩૦-૪-૨૦૨૨ના વર્તમાન પ્રમુખ શ્રીમતી સીમાબેન ક્રિષ્નાભાઇ રાઠોડના આવેલ રાજીનામાને સ્વીકારી મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારને સત્રના બાકી રહેલ સમય માટે મહિલા મંડળના પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી હતી. મહાસભા મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંકે શુભેચ્છા પાઠવી હતી. અંતમાં અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## આદીપુર ઘટક

ગત તા. ૧૦-૪-૨૦૨૨ના રોજ આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને મળેલ ઘટક કારોબારી સમિતિની મીટીંગમાં સમાજ ભવનમાં કેટલાક ફેરફારો-નવીનીકરણ ફંડ પ્રમાણે ક્રમશઃ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સમાજ ભવનમાં ખૂટતી બધી સુવિધા ઉભી કરવી અને નાના-મોટા રીપેરીંગ કામ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આદીપુર ઘટકના સલાહકાર સભ્ય તથા યુવા સિવિલ ઇન્જીનીયર શ્રી નિખિલભાઇ બી. ચૌહાણ (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ-આદીપુર) સમાજ ભવનની પાછળની સાઇડ શેડ બનાવવા માટે તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી ભરતભાઇ જે. ચૌહાણની સ્મૃતિમાં રૂા. ૧,૧૧,૧૧૧ દાનમાં આપેલ. શ્રી નિખિલભાઇ બી. ચૌહાણ પાસેથી આદીપુર ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકી તથા સાથે સલાહકાર સભ્ય શ્રી વલ્લભમજીભાઇ પી. વાઘેલાએ તેમની ઓફીસે જઇ ચેક



સ્વીકાર કરેલ. આદીપુર ઘટક શ્રી નિખિલભાઇ બી. ચૌહાણ અને પરિવારજનોનો આભાર માને છે. મહાસભા સુવર્ણ જયંતિ અધિવેશન એવં અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન તા. ૩,૪,૫ જુન-૨૦૨૨ના અંજાર ઘટકના આંગણે યોજાયેલ. આ વિરાટ સગપણ સંમેલનમાં આદીપુર ઘટકના ટોટલ ૧૯ પાત્રોએ રજીસ્ટ્રેશન કરેલ અને સગપણ સંમેલનમાં ભાગ લીધેલ. વિરાટ સગપણ સંમેલનમાં રજીસ્ટર્ડ થયેલા કુલ પાત્રોનું લીસ્ટ આદીપુર ઘટક સમાજભવનની ઓફીસમાં રાખવામાં આવેલ છે.


SEA FREIGHT SOLUTIONS
SFS
FREIGHT FORWARDER & CHA
Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112



શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# અખિલ ભારતીય મહિલા મહામંડળ સુવર્ણ જયંતિ અધિવેશન મિલન






અંજાર ઘટકના આંગણે આયોજીત મહાસભાની સ્થાપનાના સુવર્ણ જયંતિ મહોત્સવ અધિવેશન અવસરે અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારી બહેનોનું શુભેચ્છા મિલન શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતું. સૌ બહેનોએ પરસ્પર મીઠું મોં કરાવી મહાસભાની સુવર્ણ જયંતિ ઉજવણી બદલ હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી તેમજ અ.ભા.મહિલા મહામંડળના નેજા હેઠળ સમાજ અને નારી ઉત્કર્ષની વધુને વધુ પ્રવૃત્તિઓ કરવાની નેમ વ્યક્ત કરેલ હતી. આ પ્રસંગે અ.ભા.મહિલા મહામંડળના કાર્યકારીણી સભ્યો અને હોદ્દેદારોના બેચીઝના સ્પોન્સર શ્રીમતી તૃપ્તિબેન ગિરિશભાઇ પરમાર - અંજારનો આભાર માનવામાં આવેલ હતો.

# વડોદરા ઘટકના આંગણે આયોજીત સંસ્કાર શિબિરનો અહેવાલ

અખિલ ભારતીય મહિલા મહામંડળની સંસ્કાર શિબિર સમિતિ દ્વારા ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ અંતર્ગતના ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળ વડોદરાના સ્નેહમય આમંત્રણથી વડોદરા સમાજ ભવન ખાતે તા. ૭ તથા ૮ જુનના રોજ બે દિવસીય સંસ્કાર શિબિરનું આયોજન શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રારંભે યોજાયેલ ઉદ્ઘાટન સમારોહમાં અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખશ્રી સાથે સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ, મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના



પ્રભારી શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ, મહામંત્રીઓ

શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ, સંસ્કાર શિબિર અધ્યક્ષા શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર, મંત્રી શ્રીમતી સીમાબેન ચાવડા, સહમંત્રી શ્રીમતી પ્રિતીબેન દિપકભાઇ ચૌહાણ, યોગ સમિતિના મંત્રી શ્રીમતી સરલાબેન જયંતભાઇ પરમાર, વડોદરા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન



પરમાર, ઘટક પ્રમુખ શ્રી જયદીશભાઇ વરૂ, ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, મંત્રી શ્રી ગોવર્ધનભાઇ ચૌહાણે મંચ ઉપર પોતાનું સ્થાન શોભાવેલ હતું. પ્રભુ પ્રાર્થના, દિપ પ્રાગટ્ય અને મંગલ ધ્વનિ સુરો વચ્ચે સંસ્કાર શિબિરનો પ્રારંભ થયેલ હતો.

બહોળી સંખ્યામાં શિબિરાર્થી બહેનોની ઉપસ્થિતિમાં વિષયવાર ચિંતન શરૂ થતાં વડોદરા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારે સૌનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે સંસ્કાર શિબરીના આયોજનની રૂપરેખા પ્રસ્તુત કરી સંચાલન સંભાળ્યું હતું. ત્યાર બાદ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ પોતાની આગવી શૈલીમાં નારી શક્તિ જીંદાબાદ...નો નારો બોલાવી તાડીઓના માધ્યમથી બહેનોનું એનર્જીલેવલ ચેક કરેલ હતું. સંસ્કાર નગરી વડોદરાના આંગણે આયોજીત આ શિબિર અને તેના પ્રણેતા શ્રીમતી ભાનુબેન ચૌહાણ (પૂ. ભાનુમાં) 'માતૃશ્રી'એ આપેલ યોગદાન અને સમાજના મહિલા વર્ગ માટે કરેલ કાર્યોનું સ્મરણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ હતા. શક્તિ સ્વરૂપા નારીના સમાજ વ્યવસ્થામાં મળતા યોગદાનનું આલેખન કરી આવા સરસ મજાના વાતાવરણમાં સંસ્કાર શિબીરનું આયોજન થવા બદલ ઘટક તથા પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂને અભિનંદિત કરેલ હતા. સંસ્કાર શિબિર મંત્રી શ્રીમતી જ્યોતિબેન રાઠોડએ પણ સ્વ. ભાનુમાંને શ્રદ્ધાંજલી આપી આયોજનને સંસ્કાર રૂપી બીજમાંથી વિકસીત થનારા માનવ અને સમાજ ઉપયોગી કાર્ય સમાન ગણાવ્યા હતા.

શિબિરના પ્રથમ મણકા રૂપે શ્રીમતી જ્યોતિબેન રાઠોડ - જાલનાએ 'સંબંધોનો ઉત્સવ' વિષય ઉપર પોતાનું પ્રેરક ઉદ્‌બોધન આપતાં જીવનને ભુતકાળની ચમચીમાં ભવિષ્ય કાળનું લીંબુ ગોઠવીને ચાલવા સમાન ગણાવ્યું હતું. મનુષ્ય એ સામાજીક પ્રાણી હોઇ એકલો ન રહી શકે અને તે ચાર મહત્વના સ્તંભ પ્રેમ-ક્ષમા-કાળજી અને પ્રસંશાને આધાર બનાવે તો દરેક સંબંધો ઉત્સવની જેમ ઉજવાય, જળવાય તેમ જણાવ્યું હતું. સંબંધોમાં મિત્રતાના ભાવ પર ભાર મુકી સારા અભિગમને અપનાવી ભાવના અને કર્તવ્યને મહત્વ આપવા જણાવેલ હતું.

દ્વિતીય મણકામાં શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા - રાયપુર દ્વારા સગપણ-લગ્ન વિચ્છેદ વિષય પર ચિંતન કરતાં જણાવેલ કે જ્યારે સંબંધ બંધાય ત્યારે મહત્વની બાબતોને ધ્યાનમાં રાખી નિખાલસ મને ચર્ચા કરી લેવી જોઇએ. પરસ્પર આદરભાવ સાથે વિચારોની ભિન્નતા વચ્ચે પણ એક બીજાને સમજીને જતું કરવામાં જીવનની સાચી મધુરતા પ્રાપ્ત થાય છે. એક વખત સંબંધ બંધાયા પછી નવી ચેતના અને નવી દિશા આવા વિચ્છેદના કિસ્સાઓને કાબુમાં લાવે તેથી તેવા પ્રયત્નો થવા જોઇએ.

શ્રીમતી મિતાબેન રાઠોડ દ્વારા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા થતા ઓનલાઇન સેમીનારોમાં સમાજના વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત બહેનોની સેવા લઇ 'લર્ન એન્ડ અર્ન' શિખવાની સાથે કમાવાનું મહિલાઓને માર્ગદર્શન મળે તેનો હેતુ સમજાવેલ હતો.

શ્રીમતી કલ્પનાબેન પરમાર દ્વારા દિકરીઓને કેવા પ્રકારનું શિક્ષણ આપવું ? તે બાબતે દૃષ્ટાંતો અને વિવિધતા સભર માર્ગદર્શન આપવામાં આવેલ હતું. શ્રીમતી મીનાબેન વેગડ તથા શ્રીમતી સીમાબેન ચાવડાએ લગ્નવિધીઓમાં મુહુર્ત સચવાતા






નથી તે ગંભીર વિષય પર લાલબત્તી ધરી મુહુર્તો સાચવવા બાબતે સજાગ બનવા અનુરોધ કરેલ હતો. શ્રીમતી જયશ્રીબેન સોલંકીએ બહેનોને મનપસંદ એવા સાડી પરિધાનનું નિદર્શન કરી બતાવેલ હતું. શ્રીમતી જયશ્રીબેન ચૌહાણ - અમદાવાદ દ્વારા વાનગી તથા થાળી સજાવટ તેમજ થાળી અને સલાડ સજાવટ સાથે ટુંક



સમયમાં સ્વાદિષ્ટ વાનગીઓ કેમ બનાવી શકાય તેની સમજણ આપવામાં આવેલ હતી.

આ શિબિરમાં વિશેષ રૂપે આમંત્રિત મોટીવેશનલ સ્પીકર શ્રી અજયભાઇ રાઠોડ - અમદાવાદ દ્વારા ''ધ્યેય નિર્ધારિત કરવાની શક્તિ'' (ગોલ) વિષય પર મનનિય પ્રવચન આપવામાં આવેલ હતું. જેમાં એકશન-ડેલીગેશન અને કોન્ફીડેશન સાથે ધ્યેયને કઇ રીતે પ્રાપ્ત કરી શકાય તે બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ. ઇશ્વરે આપણા ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે પુષ્કળ સમય આપેલ છે. જેનો સદ્ઉપયોગ કરવાની સાથે કુદરત આપણને કાંઇ આપતી નથી પણ જે સારા કર્મો કરીએ તેનો બદલો મળે છે તેમ જણાવેલ હતું. ખુબજ રસપ્રદ શૈલીમાં તેમણે આપેલ વકતવ્યએ સૌને અભિભૂત કરેલ હતા.

તેવી જ રીતે બીજા નિમંત્રિત મોટીવેશન સ્પીકર ડૉ. નલિનીબેન પુરોહિતએ ''જીવનના બદલાતા મુલ્યો અને આધુનિક નારી'' વિષય પર પોતાનું મનનીય પ્રવચન આપતાં જણાવેલ કે નારી એ તો મમતાની મુર્તિ છે. આધુનિક નારીનું મુલ્યાંકન અને નિર્માણ વસ્ત્રોમાં નહીં પણ વિચારોમાં હોય છે. વિચારોમાં સ્વતંત્રતા જરૂર હોવી જોઇએ. પણ તે સ્વછંદતામાં ન પરિણમે તે અંગે સજાગ રહેવું જોઇએ. ભારતવર્ષની વિવિધ સન્માનનિય નારીઓની વિશેષતા એ વેદ-ઉપનિષદોમાં તેના સ્થાનની જાણકારી આપી આધુનિકતાનું લેબલ લગાવી આગળ વધવા કરતાં જરૂરી જાગ્રુતતા, સામાજીક મુલ્યો અને સંસ્કારી વિચારોથી મજબુત બનવું જોઇએ તે હાલના સમયે આધુનિક નારીની જરૂરીયાત છે તેમ જણાવેલ હતું. બહેનોએ ખુબજ રસપૂર્વક આ વિષય પરનું વકતવ્ય માણેલ હતું.

કાર્યક્રમના અંતિમ ચરણમાં અ.ભા.મહિલા મહામંડળના ઉત્સાહી પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ શિબિરના આયોજન સાથે સમાજમાં હાલની વિકટ સમસ્યાઓમાં વિશેષ રૂપે સગપણ અને લગ્ન વિચ્છેદના વધુ પ્રમાણમાં બનતા બનાવો બાબતે ઉદ્‌બોધન આપતાં દરેક માં-બાપ અને કુમાર-કુમારિકાઓના પરિવારજનો આત્મમંથન કરે તેમ જણાવેલ હતું. સામાજીક અને પારિવારિક જીવનમાં ઉદ્‌ભવતી અન્ય સમસ્યાઓ બાબતે પણ તેમણે ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. ત્યાર બાદ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે સામાજીક પ્રશ્નો અને તેના નિવારણ માટે કરવાના પ્રયાસોના ચિંતન રૂપે વાદ-વિવાદ કાર્યક્રમ સાથે બે દિવસીય શિબિરનું સંચાલન કરેલ હતું. શિબિર દરમિયાન સમયના અવકાશ મુજબ ઝુમ્બા ડાન્સ, યોગ, પ્રાણાયામ, હાસ્યથેરાપી અને અન્ય રોચક તથા મનોરંજક કાર્યક્રમોનું આયોજન થયેલ હતું. આમ, આ રીતે ખુબજ સુંદર અને સૌહાર્દપૂર્ણ અવસ્થામાં બે દિવસીય જીવન સૌરભ સંસ્કાર શિબિરનું સમાપન થયેલ હતું. ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન વડોદરા મહિલા મંડળના શ્રીમતી મનિષાબેન ચાવડા કરેલ હતું. શ્રીમતી દર્શનાબેન જગદીશભાઇ વરૂ, શ્રીમતી શ્રુતિબેન ત્રિભુવનભાઇ રાઠોડ, શ્રીમતી કિરણબેન પ્રભુલાલભાઇ રાઠોડ, શ્રીમતી નયનાબેન ટાંકએ આયોજનમાં ખુબજ સુંદર સહયોગ આપેલ હતો. વડોદરા મહિલા મંડળની કાર્યકારીણી અને સ્વયંસેવિકા બહેનોએ વ્યવસ્થા સંભાળેલ હતી.

શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી

શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

## આદિપુર મહિલા મંડળ





તા. ૧૩-૪-૨૨ના રોજ આદીપુર મહિલા મંડળ દ્વારા શ્રીમતી રીટાબેન વાઢેરના ઘરે મીટીંગ રાખેલ હતી. તે ઉપરાંત કીટી પાર્ટી પણ રાખેલ. કીટી પાર્ટીની શરૂઆત અર્જુનગીતા ગાઇને કરેલ. ત્યાર બાદ આદીપુર ઘટક અંગે નવા નવા કાર્યો અંગેની સુચના તેમજ ચિંતન-વિચાર કરેલ. સમાજમાં નવા નવા પરિવાર જોડાય એ અંગે શ્રીમતી અનીતાબેને સર્વે બહેનોને





અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ રીટાબેને ગેમ રમાડી હતી. બધી બહેનોએ હોંશભેર ગેમ રમી આનંદ માણ્યો. ગેમના વિજેતા અનીતાબેન ટાંક તેમજ રંજનબેનને ઇનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા તથા બધા હાઉસી ગેમ પણ રમ્યા હતા. ત્યાર બાદ અલ્પાહાર લઇ ગ્રુપ ફોટો પડાવી આનંદભેર બધા છુટા થયા હતા. તા. ૫-૫-૨૨ના રોજ મનિષાબેન ચૌહાણના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ લક્કી ડ્રો અને રમતનું આયોજન કરેલ. મિત્તલબેને સરસ મજાની રમત રમાડી. તેમાં પ્રથમ ક્રમે રંજનબેન વાઢેર અને બીજા ક્રમે રીટાબેન વાઢેર આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ બધા બહેનો છુટા પડ્યા હતા.

અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ દ્વારા રામનવમી અવસરે આયોજીત ધર્મ-વિજ્ઞાન સેતુ સ્પર્ધામાં આદીપુર ઘટકના શ્રીમતી નીતાબેન રાઠોડને પ્રથમ ઇનામ જાહેર થયેલ. તેઓ આદીપુર મહિલા મંડળના સક્રીય કાર્યકર્તા છે. અ.ભા.મહિલા મહામંડળ વતી શ્રીમતી નીતાબેન રાઠોડને પ્રથમ ઇનામનું કવર આદીપુર ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી સાથે સલાહકાર સભ્ય શ્રી વલ્લભમજીભાઇ પી. વાઘેલાના હસ્તે આપવામાં આવેલ. સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૨૨ એવં અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલનમાં સાંસ્કૃતિક પ્રસ્તુતી એવં રાસોત્સવ માટે આદીપુર ઘટક મહિલા મંડળ દ્વારા 'રંગીલો કચ્છડો ગ્રુપ' શ્રીમતી નીતાબેન રાઠોડની આગેવાની હેઠળ બનાવવામાં આવ્યું હતું. તે ગ્રુપમાં સામેલ ૧૫ સભ્યો ''કચ્છડો મુંજો છેલછબીલો' સાંસ્કૃતિક પ્રસ્તુતી રજુ કરેલ. આ ખુબજ ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ જોઇ આખો હોલ તાડીઓ અવાથી ગુંજી ઉઠ્યો હતો. ગ્રુપના સભ્યોમાં નીતાબેન રાઠોડ (લીડર), પલ્લવીબેન પરમાર, નેહા રાઠોડ, ગુંજન વાઘેલા, મૌસમી વાઘેલા, હીના ચાવડા, ભૂમિ ટાંક, નીતાબેન ટાંક, નિશા ચાવડા અને મનિષા ચૌહાણ, પુર્વીબેન ચૌહાણ, દિપ્તીબેન પરમાર, કિર્તીબેન પઢિઆર, તન્વી ચાવડા અને ભૂમિ પરમાર હતા.

## સંબલપુર મહિલા મંડળ



સંબલપુર મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તા. ૬-૩-૨૦૨૨ના રોજ કોષાધ્યક્ષ દિપ્તીબેન વાઘેલા તરફથી માર્ચ મહિનાની મીટીંગ તેઓએ સેનપાર્ક ગાર્ડનમાં રાખેલ હતી. જેમાં રજુઆત ગણેશવંદના, ભજન અને નવી ગેમો રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનોએ ભાગ લીધો અને ખુબજ મજા માણી તેમાં વિજેતા

બહેનોને ઇનામો આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ સર્વે મળીને અલ્પાહાર અને કોલ્ડ્રીંક્સ લઇને બહેનો અને બાળકોએ ગાર્ડનની મજા માણી આનંદ કર્યો અને ગ્રુપ ફોટાઓ લઇને બધા આગળની મીટીંગ વિશે ચર્ચા કરી ત્યાર બાદ બધાએ ખુબજ આનંદ લીધો અને છુટા પડ્યા હતા.

## રાયપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર ઘટક મહિલા મંડળ દ્વારા ૨૧-મે શનિવારના દિવસે સમાજ ભવનમાં મીટીંગ રાખવામાં આવેલ. સૌ પ્રથમ વંદના, હનુમાન ચાલીસા, ભજન અને આરતી કરી પ્રસાદ આપવામાં આવેલ. તે દિવસે મેંગો ડે હોવાથી મેંગો ડે પણ ઉજવવામાં આવેલ. જેમાં કાચી કેરીથી શરબત બનાવાની સ્પર્ધા રાખવામાં આવેલ હતી. બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. વિજેતા સ્પર્ધકોને ઇનામ આપવામાં આવેલ. જેમાં પ્રથમ - હર્ષિદાબેન વરૂ, દ્વિતીય - પુષ્પાબેન ટાંક, તૃતિય - રીતાબેન વાઢેર. અંતમાં હાઉજી અને ગેમ રમી અલ્પાહાર લઇને બધા છુટા પડ્યા હતા.

## સમાજ ગૌરવ



માધાપર નિવાસી શ્રી કાંતિલાલ પી. ચૌહાણ તથા શ્રીમતી સંગીતાબેન કે. ચૌહાણના પુત્ર ચિ. તિર્થ ચૌહાણે માર્ચ-૨૦૨૨માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૯.૫૮ પર્સન્ટાઇલ તેમજ ૯૩.૮૩% સાથે ઉર્ત્તિણ થયેલ છે તે બદલ હાર્દિક અભિનંદન તેમજ મોટા પુત્ર ચિ. અમિષ (એમ.બી.બી.એસ.)ના બીજા વર્ષની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તિર્ણ થઇ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે બન્ને ભાઇઓ ભવિષ્યમાં ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દીમાં તેમજ જીવનમાં સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.




જામનગર-સિક્કા ઘટકના મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ પોપટલાલ ચૌહાણ તથા શ્રીમતી સુમનબેન ચૌહાણના સુપુત્ર ચિ. ડૉ. આશિષ ચૌહાણે સુરતની સ્મીમેર મેડીકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. પાસ કરી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા.

★★★★★




મેઘાંશ મહેશભાઇ ચૌહાણ એ યુસીએમએએસ દ્વારા એપ્રિલ-૨૦૨૨માં આયોજીત છત્તીસગઢ રાજ્ય સ્તરીય અબાકસ એન્ડ મેન્ટલ હેલ્થ એરેથમેટીક કમ્પીટીશન-૨૦૨૨માં ચોથું સ્થાન મેળવીને પરિવાર તથા સમાજનું નામ રોશન કરેલ છે. ભિલાઇ ઘટક તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામના...

★★★★★



અખિલ ભારતીય આંતર સાંસ્કૃતિક સંઘ નાગપુર દ્વારા મડગાંવ ગોવા ખાતે રાષ્ટ્રીય કક્ષાની નૃત્ય હરીફાઈ તેમજ ઉત્સવ ભારત નૃત્ય મહોત્સવ ૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ તેમાં આખા ભારત માંથી ૨૬ રાજ્યોમાંથી નર્તકો એ ભાગ લીધો હતો તેમાં નૃત્ય ઉત્સવ માં ગુજરાત નું પ્રતિનિધિત્વ ફક્ત સત્ત્વ સ્કૂલ ઓફ ડાન્સના સંચાલક પલ્લવીબેન રાજેશ વરુએ કરેલ હતું અને તેઓને નૃત્ય વિભૂષણ પરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ તેમના વિદ્યાર્થીનીઓ જીયા કપિલ સોલંકી - પૂર્વી બેન કપિલભાઈ સોલંકીના સુપુત્રી તથા ધાન્વી દિનેશભાઈ રાઠોડ - દિપ્તીબેન દિનેશભાઈ રાઠોડના સુપુત્રી આ બંન્ને દીકરીઓ ભરતનાટયમ નૃત્ય સ્પર્ધા માં વિજેતા થયેલ છે. રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ બદલ પલ્લવીબેન તથા બંને દીકરીઓ ને ખુબ ખુબ અભિનંદન.



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ


**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**

4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**

એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL,   Instagram - @akhil_bhartiya_yuva_mahamandal




## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ આયોજીત

## વૃક્ષારોપણ પર્વ-૨૦૨૨

**તા. ૧ જુલાઈ-૨૦૨૨ થી ૧૫ ઓગષ્ટ-૨૦૨૨**

અખિલ ભારતીય યુવા મહામંડળ સામાજીક જવાબદારી નિભાવવાની સાથે પર્યાવરણની સુરક્ષા માટે પણ પુર્ણરૂપે કટીબદ્ધ છે આ હેતુને ધ્યાનમાં રાખતા વૃક્ષારોપણ પર્વ-૨૦૨૨ આયોજીત કરવામાં આવે છે. આપ સૌને વિદિત છીએ કે, રોજ-બરોજની શ્વસનક્રિયામાં આપણે ૫૫૦ લીટર ઑક્સીજનની જરૂર પડે છે !! પરંતુ આ બધી કુદરતની પ્રસાદી સમજી ગ્રહણ કર્યા બાદ આપણે આ અંગે બહુ વિચાર કરતા નથી !! અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા સર્વે પ્રાદેશિક, સર્વે યુવા મંડળોને વિનંતી કરવામાં આવે છે કે આ સમયાગાળા દરમ્યાન તેઓ તેમના ક્ષેત્રમાં વૃક્ષારોપણનું આયોજન કરે સાથે વૃક્ષોની જાળવણી લે અને પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ તેમનું યોગદાન આપે. પીપળો, વડ, લીમડો વગેરેનું વૃક્ષારોપણ કરવામાં આવશે ત્યારે ભારત દેશ પ્રદુષણ મુક્ત થશે. આપણે આપણા સંગઠિત પ્રયાસોથી જ આપણા ભારતને નૈસર્ગિક આપદાઓથી બચાવી શકીશું અને નૈસર્ગિક પ્રાણવાયુ મેળવી શકીશું અને આવનાર પેઢીને નિરોગી એવં સુજલામ્ સુફલામ્ પર્યાવરણ આપી શકીશું. યુવા મહામંડળ દ્વારા ગુગલફોર્મ લીંક વોટ્સએપ એવં ફેસબુકના માધ્યમથી શેય કરવામાં આવશે. ફોર્મના માધ્યમથી વૃક્ષારોપણના ફોટા મોકલવા વિનંતી જેથી ફોટોને સેતુ સમાજ સંદેશના યુવા મંચમાં સ્થાન આપવામાં આવે.

## યુવા મહામંડળનું આધુનિક આયોજન એકમ ઇ-કચ્છયાડ-૨૦૨૨નો અહેવાલ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા વડોદરા ઘટક અને યુવા મંડળનાં સ્નેહમય આમંત્રણને માન આપતા સમાજના પ્રથમ આધુનિક ઇ-કચ્છયાડનું આયોજન તા. ૨૭,૨૮,૨૯ મેના રોજ વડોદરા ખાતે ખુબજ ધૂમધામથી યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ એમ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ૨૭-મેના રોજ સવારે ૧૧ વાગે ભવ્ય ઓપનીંગ સેરેમની ઉજવવામાં આવેલ હતી. જેમાં ઘટકના સભ્યો, યુવા મહામંડળના પદાધિકારીઓ મંચાસીન થયા હતા.



દીપ પ્રજ્વલન તથા પ્રભુ પ્રાર્થના પછી યુવા મહામંડળના સહમંત્રી શ્રીમતી પલકબેન દર્શનભાઇ ચૌહાણ દ્વારા સુંદર ગણેશવંદના ઉપર નૃત્ય પ્રસ્તુત કરેલ હતું. ત્યાર બાદ હોદ્દેદારોશ્રીઓના ઉદ્‌બોધન થયા બાદ મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તથા મહિલા મહામંળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ શુભેચ્છા સંદેશ ઓનલાઇન પાઠવ્યા હતા. ત્યાર બાદ યુવા મહામંડળના ઉપપ્રુખ પુજનભાઇ ચૌહાણ દ્વારા ઇ-કચ્છયાડની સંપૂર્ણ માહિતિ આપી અને એના બાદ સર્વે મંચસ્થ મહાનુભાવો દ્વારા પણ શુભકામના આપવામાં આવી. ત્યાર બાદ યુવા મહામંડળના આદ. પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ દ્વારા ઇ-કચ્છયાડની રૂપરેખા જણાવી અને અંતે એકમ ઇ-કચ્છયાડને ખુલ્લું મુકવામાં આવ્યું. બપોરે બે વાગ્યાથી એક એક કરીને હરીફાઇ રમાડવામાં આવી અને રાત્રે ખુબજ સુંદર ડાન્સ કમ્પીટીશનનું આયોજન થયું. જેમાં ઓનલાઇન વોટીંગ રાખવામાં આવેલ હતું. આશરે ૨૦૦૦થી પણ વધુ વોટ્સ હરીફાઇમાં આવેલ હતા.

આગમી બીજા દિવસે તા. ૨૮-મેના પણ દિવસના બે ભાગોમાં વિવિધ હરીફાઇ સફળતાપૂર્વક અને ખુબજ સારી રીતે આયોજીત થયા. ખુબજ રોચક રીતથી સમાજબાંધવોએ ખુબજ મજા માણી હતી. સમી સાંજના સમયે ખુબજ અનેરૂ આયોજન બોલીવુડ હાઉસી (બોલિવુડ તમ્બોલા)નું રાષ્ટ્રીય સ્તરે પ્રથમ આયોજન કરવામાં આવ્યું. હતું. જેમાં સમસ્ત ભારતથી હર વય વર્ગના સમાજબંધુઓએ મજા માણી હતી. અંતિમ અને ત્રીજા દિવસે તા. ૨૯-મેના સવારથી વિવિધ આયોજનો શરૂ થઇ ગયા સાંજે મહાસભાના ઉપપ્રમુખ આદ. શ્રી મનોજભાઇ સોલંકી દ્વારા સમાજમાં યુવા ઉત્કર્ષની ભાગીદારી વિષય ઉપર વિસ્તૃત અને સરળ રીતે વિચારો વ્યક્ત કરવામાં આવેલ હતા. કાર્યક્રમના અંતિમ ચરણમાં આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં વિવિધ રમતોમાં ભાગ લઇ વિજેતા સ્પર્ધકનું નામ જાહેર કરવામાં આવેલ હતું. સમસ્ત કાર્યક્રમમાં મુખ્ય પ્રાયોજક દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર, શુભેચ્છક પ્રાયોજક - શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર, શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂ - વડોદરા, શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા રહેલ હતા. આ અનેરા સહયોગ આપવા બદોદ યુવા મહામંડળ દ્વારા





સર્વે દાતાશ્રીઓનું મોમેન્ટો, શાલ, પુષ્પગુચ્છ દ્વારા સન્માન પણ કરવામાં આવેલ હતું. સાથે હાજર તમમ યુવા મહામંડળના સમસ્ત પદાધિકારીશ્રીઓનું પ્રાદેશિક યુવા મંડળ, વડોદરા ઘટક યુવા મંડળનું સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગીત ગાઇ આ ત્રી-દિવસીય આયોજનને સ્વરૂચી ભોજન સાથે પુર્ણાહુતી કરવામાં આવેલ હતી.

વિવિધ રમતોનાં વિજેતા સ્પર્ધકોના નામ : ★ રોકેટ લીગ : પ્રથમ - ભાવિકા મહેશભાઇ ગોહિલ - શ્રીરામપુર, દ્વિતીય - યશ હિતેશભાઇ ચાવડા - અમદાવાદ, ★ કોમ્પ્યુટર પેન્ટીંગ : પ્રથમ - તન્વી નિલેશભાઇ સોલંકી - વડોદરા, દ્વિતીય - શિલાવ્રત નરેન્દ્રભાઇ ચૌહાણ - નાગપુર, ★ ટેનિસ ક્લેશ : પ્રથમ - મિતેષ સુધીરભાઇ વરૂ - આદીપુર, દ્વિતીય - કૃપા અશ્વિનભાઇ સોલંકી - વડોદરા, ★ બાસ્કેટ બોલ એરેના : પ્રથમ - સૌરભ નવીનભાઇ ચૌહાણ - આદીપુર, દ્વિતીય - અથર્વ હિતેશભાઇ ટાંક - વડોદરા, ★ ગ્રુપ ડાન્સ : પ્રથમ - સંસ્કાર ગ્રુપ - વડોદરા, દ્વિતીય - છેલ્લો છ ગ્રુપ - રાજનાંદગાંવ, ★ પિંગ પોન્ગ ફુરી : પ્રથમ - દિપમ નરેન્દ્રભાઇ ચાવડા - માધાપર, દ્વિતીય - વિવેક જગદીશભાઇ ચૌહાણ - અમદાવાદ, ★ ટાઇપીંગ ટેસ્ટ : પ્રથમ - અમન ભરતભાઇ સાવરીયા - રાયગઢ, દ્વિતીય - દેવેન્દ્ર અરૂણભાઇ ચૌહાણ - માધાપર, તૃતિય - દિપમ નરેન્દ્રભાઇ ચાવડા - માધાપર, ★ સુડોકુ : પ્રથમ - રાશિ મોહિતભાઇ ચાવડા - ડોંગરગઢ, દ્વિતીય - દ્વિપ નરેશભાઇ ચૌહાણ - કુમ્હારી, તૃતિય - દીપક ઉત્તમભાઇ ચાવડા - ગુલબર્ગા, ★ ફોટો સ્કેવેન્જર હન્ટ : પ્રથમ - રાશિ મોહિતભાઇ ચાવડા - ડોંગરગઢ, દ્વિતીય - પેયલ રવિન્દ્રભાઇ ચાવડા - ડોંગરગઢ, તૃતિય - કૃપા અશ્વિનભાઇ સોલંકી - વડોદરા, ★ કેરમ-પુલ : પ્રથમ - માનસી ગૌરવભાઇ ટાંક - નાગપુર, દ્વિતીય - રૂપેશ કિરણભાઇ પરમાર - ભિલાઇ, તૃતિય - મનન હેમેન્દ્રભાઇ રાઠોડ - રાયગઢ, ★ ચેસ : પ્રથમ - આશિષ વિજયભાઇ ચાવડા - બિલાસપુર, દ્વિતીય - ધ્રુવ પરાગભાઇ યાદવ - અમદાવાદ, તૃતિય - કાર્તિક દિલીપભાઇ ચૌહાણ - ભુજ, ★ હેડબોલ-૨ : પ્રથમ - આદિત્ય કિશોરભાઇ વરૂ - વડોદરા, દ્વિતીય - દેવાંશ વિકાસભાઇ ચૌહાણ - ગોંદિયા, ★ ૮ બોલ પુલ : પ્રથમ - આનંદ મહેન્દ્રભાઇ ચૌહાણ - રાયપુર, દ્વિતીય - મનન અમિતભાઇ વેગડ - અમદાવાદ, તૃતિય - અશ્વિન મણીલાલ ચૌહાણ - ભુજ, ★ લુડો : પ્રથમ - પ્રિયા દિવેશભાઇ ટાંક - કટક, દ્વિતીય - રૂપલ નેહલભાઇ રાઠોડ - કોરબા, તૃતિય - મુંજાલ જીતેન્દ્રભાઇ ચાવડા - રાયગઢ, ★ ક્વિઝ (ગ્રુપ-૧) : પ્રથમ - ધીરેન્દ્ર નરેન્દ્રભાઇ ચૌહાણ - નાગપુર, દ્વિતીય - રેયાંશ યોગેનભાઇ પરમાર - જબલપુર, ★ ક્વિઝ (ગ્રુપ-૨) : પ્રથમ - ચિંતન દિનેશભાઇ વાઢેર - આદિપુર, દ્વિતીય યાશીકા કમલેશભાઇ ટાંક - બાલાઘાટ, તૃતિય - ગૌતમી રાજેશભાઇ ચૌહાણ - વડોદરા, સૌથી વધુ રજીસ્ટ્રેશન આપનાર ઘટક : રાયગઢ (છત્તીસગઢ) - ૨૦, વડોદરા (ગુજરા) - ૨૦, સૌથી વધુ રજીસ્ટ્રેશન આપનાર પ્રાદેશિક : છત્તિસગઢ, બેસ્ટ પ્રાદેશિક યુવા મંડળ (અખિલ ભારત સ્તરે) પોઇન્ટસના આધારે છત્તીસગઢ પ્રાદેશીક યુવા મંડળ, બેસ્ટ યુવા મંડળ (અખિલ ભારત સ્તરે) પોઇન્ટ્સના આધારે - વડોદરા (ગુજરાત).

## અમદાવાદ યુવા મંડળ



તા. ૨૯-૫-૨૦૨૨ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટક દ્વારા ચોપડા વિતરણ અને સમૂહ શ્રદ્ધાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમની શરૂઆત અમદાવાદ ઘટકના હોદ્દેદારો તેમજ સર્વે સમાજબંધુઓ દ્વારા પાછલા વર્ષમાં અવસાન પામેલા લોકોને સમુહમાં શ્રદ્ધાજંલિ આપવામાં આવી હતી. આ સમુહ

શ્રદ્ધાંજલીના કાર્યક્રમને લક્ષ્યમાં રાખીને અમદાવાદ યુવા મંડળ દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ જીવ માટે જીવદયાનું ઉત્તમ કાર્ય કરવામાં આવ્યું.

જેમાં અમદાવાદ ઘટકના પૂર્વ તેમજ વર્તમાન ચેરમેન સાથે સાથે ઘટક પ્રમુખ, ઉપપ્રમુખ અને મહિલા મંડળ પ્રમુખ તેમજ યુવા મંડળ પ્રમુખના હસ્તે અમદાવાદ ઘટકના સર્વે સમાજબંધુઓ માટે પક્ષી ઘર અને કુંડા વિતરણ કરવામાં આવ્યું.

આ સાથે યુવાનોમાં રક્તદાન માટે જાગૃતિ ફેલાય તેમજ યુવાનો સ્વૈચ્છીક રીતે રક્તદાન કરવા આગળ આવે તે માટે યુવા મંડળ અમદાવાદ દ્વારા સ્વૈચ્છીક રક્તદાન જાગૃતિ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું જેમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાઓએ રજીસ્ટ્રેશન કરાવી ઉત્સાહ દર્શાવ્યો હતો. કાર્યક્રમના અંતે સર્વે સમાજબંધુઓ એ સમુહ ભોજન લઇ કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી હતી.

## કચ્છ પ્રાદેશિક યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ પ્રાદેશિક યુવા મંડળ અંતર્ગત યુવા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજીત વ્યક્તિત્વ વિકાસ શિબિરનું આયોજન તા. ૧૧-૧૨ જુન-૨૦૨૨ના રોજ કુકમા સ્થિત શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ ચિંતન સાધના સ્થલીના પ્રાંગણમાં કરવામાં આવ્યું. આ શિબિરમાં કુલ ૨૦૦ યુવા ભાઇ-બહેનોએ રજસ્ટ્રેશન કરાવેલ હતું. વ્યક્તિત્વના પાંચ આયામ છે : (૧) શારીરિક (૨) માનસિક/બૌદ્ધિક (૩) નૈતિક (૪) વ્યવહારિક (૫) આધ્યાત્મિક. આ પાંચો આયામોથી મળી પૂર્ણ વ્યક્તિત્વ બને છે. વ્યક્તિત્વ વિકાસ શિબિરમાં આ પાંચો આયામોનું સંતુલિત માત્રામાં લાભ શિબિરાર્થીને મળે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું.



૧૧ જુન-૨૦૨૨ના શિબિરના ઉદ્‌ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ અને શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મનોજભાઇ સોલંકી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર અને યુવા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષ અને વ્યક્તિત્વ વિકાસ શિબિરના સંયોજક શ્રી જય ભારતભાઇની વિશેષ ઉપસ્થિતિમાં આ શિબિરનું શુભારંભ કરવામાં આવ્યું હતું. મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીએ સમાજના સૌ યુવાઓને સમાજભાવથી રાષ્ટ્રભાવ તરફ આગળ વધવા અને સમાજને સાચી દિશામાં લઇ જવા માટે યુવાઓનું શું યોગદાન હોય શકે તેનું મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ યુવાનોને જોશ સાથે હોંશ પણ રાખવો જોઇએ એવું માર્ગદર્શન આપ્યું હતુંઅને અંતમાં સૌ યુવા ભાઇ-બહેનોને શિબિરમાં સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા.

શિબિરમાં યુવાઓના વ્યક્તિત્વ વિકાસ માટે અનેક જીવન જરૂરી સત્રો થયા જેના ભાગરૂપે શ્રી મનોજભાઇ સોલંકી દ્વારા 'સમાજ ભાવથી રાષ્ટ્ર ભાવ'', અન્ય જ્ઞાતિમાં લગ્નના લાભ અને ગેરલાભ તેમજ શ્રીમતી ભારતીબેન ધોકાઇ દ્વારા ૨૦ વર્ષ થી ૩૦ વર્ષના યુવાઓ માટે ''શ્રેષ્ઠ બાળકનું સર્જન'' કેવી રીતે કરવું જેવા ઉત્કૃષ્ઠ વિષય પર જાણકારીઅને માર્ગદર્શન આપવામાં આવ્યું. આપણા નીજી જીવન અને સામાજીક જીવનમાં આપણો વ્યવહાર કેવો હોવો જોઇએ તે વિષયમાં શ્રી જયભારતભાઇએ યુવા ભાઇ-બહેનોને સત્ર અને બાવર્ચી મુવીના માધ્યમથી જાણકારી આપી હતી.

યુવાઓના શારીરિક વિકાસને ધ્યાનમાં રાખી સૌ યુવા ભાઇ-બહેનોને કુકમા નજીક ખાત્રોડ ડુંગર આશાપુરા ટેકરી પર સ્થિત આશાપુરા મંદિર ટ્રેકીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેકીંગ સાહસિક ગતિવિધિની સાથે સાથે યુવાઓમાં આત્મવિશ્વાસ, લીડરશીપ ક્વાલીટી, વિલપાવર, લાંબા સમય સુધી કાર્ય કરવુંની આદત કેવી રીતે વિકાસ થાય જેવા અનેક

આયામોને આવરી લેતો કાર્યક્રમ હતો. આધ્યાત્મિક ભજન સંધ્યા જેમાં ભાવેશભાઇ સોલંકી કુકમાની ટીમએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વન મિનિટ શો, પ્રતિભા પ્રદર્શન, રાસગરબા જેવા અનેક કાર્યક્રમ કરી સૌ યુવા ભાઇ-બહેનોએ સાહસિકતાને સામુહિકતા (ટીમવર્ક)થી ઓતપ્રોત અનોખું



ઉદાહરણ સમાજ સામે પ્રસ્તુત કર્યું હતું.

આપણા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સવારના શુદ્ધ વાતાવરણમાં યોગાસન અને પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી અંદર ટીમવર્કની ભાવના જાગે તે માટે શ્રી જયભાઇએ 'ટીમ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ સત્રમાં એક સ્પેશ્યલ ગેમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. લગભગ ૩૬ કલાક ચાલેલ આ શિબિર અત્યાર સુધીનું યુવાઓ માટેનું સૌથી શ્રેષ્ઠ આયોજન હતું. શિબિરના સમાપન સમારોહમાં સૌ યુવા ભાઇ-બહેનોને સર્ટીફીકિટ અને વીર બાળક વીર બાલિકા પુસ્તક આપી સૌનું ઉત્સાહવર્ધન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહના આ અવસરે મહાસભા તથા બન્ને પાંખો યુવા મહામંડળ અને મહિલા મહામંડળના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહી સૌ યુવા ભાઇ-બહેનોનું ઉત્સાહવર્ધન કર્યું હતું. શ્રી જયભાઇએ આ શિબિરને સફળ બનાવવા માટે જે જે વ્યક્તિએ યોગદાન આપ્યું છે તે સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે કચ્છ પ્રાદેશિક યુવા મંડળ અંતર્ગત યુવા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષ શ્રી જયભારતભાઇ, મંત્રી શ્રી પવનભાઇ પરમાર, શ્રી રાજનભાઇ પરમાર, શ્રી રવિરાજભાઇ ચાવડા, શ્રી ભરતભાઇ ચાવડા, શ્રી ધર્મેશભાઇ ચૌહાણ, શ્રી નિરવભાઇ પરમાર, શ્રી યશભાઇ રાઠોડ, શ્રી મયુરભાઇ ચાવડા, શ્રી ધ્રુવભાઇ પરમાર, શ્રી નિર્મલભાઇ ચાવડા, શ્રી સ્મિતભાઇ ગોહિલ, શ્રી નિકુંજભાઇ ચૌહાણ, શ્રી ભરતભાઇ રાઠોડ, શ્રી યાજ્ઞિકભાઇ ચૌહાણ, શ્રીમતી અર્ચનાબેન પરમાર, શ્રીમતી સોનાલીબેન ટાંક, ભૂમિબેન વાઘેલા, અંજલીબેન પરમાર, કુંતલબેન ટાંક, કાજલબેન ચાવડા, પુજાબેન પરમાર, કોમલબેન પરમારે ખુબજ મહેનત કરી હતી અને આ ઉપરાંત ખાસ કુકમા ઘટક યુવા મંડળના સૌ કર્મનિષ્ઠ કાર્યકર્તાઓએ વિશેષ સહયોગ પ્રદાન કર્યો હતો.

## વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ

અ.ભા.યુવા મહામંડળના નેતૃત્વમાં મહાસભાની અભિલાષા સમિતિ દ્વારા સહકારીત અને વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા આયોજીત વિશેષ અને અનેરો કાર્યક્રમ ચાલો ગુજરાતી શીખીએ... જાણીએ... અને માણીએ.. નું આયોજન ૨૬ જાન્યુઆરીથી માર્ચ મહિના સુધી કરવામાં આવેલ હતું. જેમાં પોતાની અદ્‌ભૂત સેવા આપનાર શિક્ષક વૃંદોનું સન્માન મહાસભાના સુવર્ણ જયંતી વર્ષના ઉપલક્ષમાં અંજાર મધ્યે આયોજીત કાર્યક્રમમાં પ્રાદેશિક યુવા મંડળ અને અભિલાષા સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું. સન્માન આપવા માટે સમાજના આદ. 'સમારત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ



સોલંકી, મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા, યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ, વિદર્ભ પ્રા. પ્રમુખશ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર, ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઇ ટાંક તથા અભિલાષા સમિતિના પ્રભારી શ્રી વિનોદભાઇ ચૌહાણ મંચ ઉપર હાજર



રહ્યા હતા. સન્માન આપવા પહેલા સમસ્ત કાર્યક્રમની જાણકારી શ્રી વિનોદભાઇ ચૌહાણ દ્વારા આપવામાં આવી હતી.

ત્યાર બાદ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ દાનિશ રાઠોડે મંચ સંચાલન કરી સમસ્ત શિક્ષણ વૃંદોને સસન્માન મંચ પર આમંત્રીત કર્યા અને મહાનુભાવો દ્વારા તેમનું પુષ્પગુચ્છ અને સુંદર સ્મૃતિ ચિન્હ સન્માન પત્રક અર્પિત કરવામાં આવ્યું.

ભવિષ્યમાં આવા કાર્યક્રમો ચાલુ રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. વિશેષમાં યુવા મંડળના સમસ્ત પદાધિકારીગણ, અંતિકભાઇ ચૌહાણ કે જેઓએ ત્યાં ટેકનીકલ વ્યવસ્થા સુચારૂરૂપે સંભાળી હતી, ઉમંગભાઇ ચૌહાણ-ગોંદિયા, ભાવિકભાઇ રાઠોડ - ગોંદિયા, સર્વે સંપર્કસારથીશ્રીઓ દીપેનભાઇ ચૌહાણ, ઇશિતાબેન ટાંક, અર્ચનાબેન ચાવડા, અભિલાષા સમિતિના સભ્ય રી વિનોદભાઇ પઢિઆર, ઉમેશભાઇ ચૌહાણ, સુરેશભાઇ પરમાર, રમેશભાઇ ચૌહાણનું પ્રાદેશિક યુવા મંડળ વિશેષ આભાર માને છે. સાથે જ હૃદયથી ધન્યવાદ પાઠવે છે સર્વે આદરણીય શિક્ષકગણોને કે જેમને ખુબ મહેનત કરીને આ કાર્યક્રમ પાર પાડ્યો. જેમાં શ્રી અશોકભાઇ પરમાર, શ્રીમતી જયશ્રબીને ચૌહાણ-ભુજ, શ્રી પિયુષભાઇ ટાંક, શ્રીમતી દર્શનાબેન ટાંક - માધાપર, શ્રી ઉમેશભાઇ ચૌહાણ, શ્રીમતી ભાવનાબેન ચૌહાણ - કુકમા, શ્રી ગિરીશભાઇ ચૌહાણ, શ્રીમતી ભાવનાબેન ચૌહાણ - માધાપર, શ્રી સુરેશભાઇ પરમાર, શ્રીમતી રસીલાબેન પરમાર - દેશલપર, શ્રી કૌશલભાઇ પરમાર, શ્રીમતી પુજાબેન પરમાર - માધાપર, શ્રીમતી વૈશાલીબેન વેગડ - માધાપર, શ્રીમતી મંજુલાબેન ટાંક - માધાપર, શ્રી પરીમલભાઇ પરમાર - મુન્દ્રા, શ્રી ઉમંગભાઇ પરમાર - કુકમા ખાસ સહયોગ માટે મહાસભાના અભિલાષા સમિતિના પ્રભારીશ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણનું પણ પ્રાદેશિક યુવા મંડળ હૃદયથી આભાર વ્યક્ત કરે છે.

## વડોદરા યુવા મંડળ

કચ્છયાડમાં વિજેતા થયેલ યુવા ભાઇઓ તથા બહેનોનું અભિવાદન કરવામાં આવેલ હતું. જેમાં ૪૦થી વધુ સમાજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



તા. ૧૨-જુન-૨૦૨૨ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સમાજ ભવન ખાતે વડોદરા ઘટક યુવા મંડળ દ્વારા એક ઇ-

મંત્રી શ્રી હર્ષભાઇ ટાંક અને કુ. કુંજલબેન રાઠોડ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ

પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

ત્યાર બાદ મહાનુભાવો દ્વારા વિજેતાઓને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વડોદરા ઘટક ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દર્શનાબેન, અ.ભા.યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ, વડોદરા ઘટક મંત્રી શ્રી ગોરધનભાઇ, યુવા મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઇ તથા મહિલા મંડળ મંત્રી શ્રીમતી નયનાબેન દ્વારા ઉદ્‌બોધન કરવા આવેલ. રાષ્ટ્રગાન બાદ અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા.

## નાગલપર યુવા મંડળ








શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ નાગલપર દ્વારા આયોજીત એવં કચ્છ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા સહકારીત 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨ ''જય સીયારામ કપ'' શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું અત્યાર સુધીનું સૌથી લાંબુ ચાલનાર આયોજન બનેલ અને સાથે સાથે ઇતિહાસ રચાયેલ અને કિર્તીમાન સ્થાપેલ છે. જેમાં અખિલ કચ્છ સ્તરમાંથી ૯૦ ટીમો જોડાઇ હતી. સાથે ૯૦૦ ખેલાડીઓ જોડાયા આ આયોજન તા. ૦૮-૦૫-૨૦૨૨થી તા. ૨૨-૦૫-૨૦૨૨ સુધી સતત ૧૫ દિવસ ચાલેલ. સંપૂર્ણ આયોજન થ્રી-ડી લાઇવની ફેસીલીટી રાખેલ જેથી આયોજનમાં ૪૫,૬૦૦ સમાજબંધુઓ જોડાયા લાઇવ મેચ જોવા માટે અને સર્વ સમાજબંધુઓ સમાજભાવના અને ખેલદીલીથી રમી અને મહાઆયોજન શાંતિપૂર્વક પૂર્ણ થયેલ.

તા. ૦૮-૦૫-૨૦૨૨ના ઉદ્ઘાટન સમારોહ પ્રથમ દિવસે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર (મુખ્યદાતાશ્રી), શ્રી મોહનભાઇ રાઠોડ - નાગલપર ઘટક પ્રમુખશ્રી, શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક - પૂર્વ પ્રમુખશ્રી મહાસભા, શ્રી હિમ્મતલાલ પરસોત્તમભાઇ રાઠોડ, શ્રી સંજયભાઇ રાઠોડ - નાગલપર - સહપ્રાયોજકશ્રી તેમજ સ્ટેજ પર ઉપસ્થિત સર્વે મહાનુભાવોના હસ્તે મહાઆયોજન ખુલ્લું મુકવામાં આવેલ.

વચ્ચે દિવસ તારીખ ૧૫-૦૫-૨૦૨૨ના રોજ મહિલાઓની જ મેચ સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અંજાર નગર કાર્યવાહ એડ. શ્રી અનિલભાઇ બાંભણીયા અને શ્રી જય જેઠવા (પ્રભારીશ્રી, ઉત્કર્ષ સમિતિ-કચ્છ પ્રાદેશિક યુવા મંડળ)નું 'નારીશક્તિ' પર માર્ગદર્શન ઉદ્‌બોધન આપેલ. અંતના દિવસે તા. ૨૨-૦૫-૨૦૨૨ના રોજ મેગા ફાઇનલ મેચ સાથે સમાપન સમારોહ રાખેલ. મેગા ફાઇનલ ભાઇઓની મેચ ટીમ એમ્બેસેડર એઇટ-નાગલપર વી. કૃષ્ણ-અંજાર અને ટીમ એમ્બેસેડર એઇટ-નાગલપર વિજેતા થયેલ. અને મહિલાઓમાં ગોલ્ડન ગર્લ્સ - નાગલપર વી. મહાદેવ-કુકમા વચ્ચે રમાયેલ તેમાં ગોલ્ડન ગર્લ્સ-નાગલપર વિજેતા થયેલ. આયોજન અને દાતાશ્રીઓ તરફથી ટ્રોફી અને રોકડ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવેલ.

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ નાગલપર આયોજીત (બેસ્ટ યુવા મંડળ ઓફ ઈન્ડીયા)**

**કચ્છ પ્રાદેશિક યુવા મંડળ સહકારીત**

# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨

# ।। જય સીયારામ ।।

આપણા સમાજનું રમત–ગમતનું સૌથી મોટું અને સૌથી લાંબુ ચાલનારું મહાઆયોજન ૧૫ દિવસ ચાલ્યા બાદ શાંતિપૂર્વક આયોજન પૂર્ણ થયેલ તે માટે દરેક દાતાશ્રીઓ, ખેલાડીઓ અને સહયોગ આપનાર દરેક સમાજબંધુઓનો ખૂબ ખૂબ આભારી છીએ...

**:: મહાઆયોજનની માહિતિ ::**

**90** ટીમો જોડાઇ, **900** ખેલાડીઓએ ભાગ લીધેલ

**93** મેચ રમાયેલ, **15** દિવસ સતત ચાલેલ આયોજન, **465** કલાક મનોરંજન રહેલ

**48,600** એ લાઇવ મેચ નિહાળી, **20,000** એ મેદાન પર નિહાળેલ (15 દિવસ)

**3000**થી વધુ લવજેહાદ સેમિનારમાં બહેનો જોડાઇ

મહા આયોજન મુખ્ય સહયોગી સમાજબંધુઓ

તેમજ સમસ્ત સમાજબંધુઓનો ખૂબ ખૂબ આભાર આ ઐતિહાસિક આયોજના સહભાગી બનેલ.

| સહયોગી આભાર | | |
|---|---|---|
| નાગલપર ઘટક | | મહિલામંડળ નાગલપર |
